بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફૂયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૧૦**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ

હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૮, અંક : ૦૯, સળંગ અંક : ૮૧



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


**● અનુક્રમણિકા ●**


| | | |
|---|---|---|
| ૦૧ | GPFની રકમ પર ઝકાત | ૦૨ |
| ૦૨ | ઝકાત તથા ઉશ્ર આપવામાં સુસ્તી કરનારાઓને લાલબત્તી ! *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૮ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | શિફા શરીફ | ૧૩ |
| ૦૬ | શું ઈસ્લામી દેખાવ પ્રગતિના માર્ગમાં આડરૂપ છે ? | ૧૫ |
| ૦૭ | દેવબંદીઓના પેશવાઓ શાથી કાફિર ઠર્યા ?! | ૧૮ |
| ૦૮ | ઈસ્લામ સત્ય તથા અહિંસાનો ઝંડાધારી મઝહબ | ૨૩ |
| ૦૯ | ઈસ્લામી જગત વિરૂધ્ધ યહૂદી તથા ઈસાઈ કાવત્રાંઓ | ૩૧ |
| ૧૦ | મસ્ઊદે મિલ્લત : ઉત્તમ વિચારસરણીના નમૂના | ૩૫ |
| ૧૧ | ફાતેહા અને ઈસાલે સવાબનું મહત્વ હદીષોની રોશનીમાં | ૪૦ |
| ૧૨ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


**ઐસા તુઝે ખાલિક઼ને તરહદાર બનાયા**

રઝા : ઉસ્તાદે ઝમન હઝરત હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

ઐસા તુઝે ખાલિક઼ને તરહદાર બનાયા
યૂસુફ કો તેરા તાલિબે દીદાર બનાયા
કૌનેન બનાયે ગયે સરકાર કી ખાતિર
કૌનેન કી ખાતિર તુમ્હેં સરકાર બનાયા
કૂંજી તુમ્હેં દી અપને ખઝાનોં કી ખુદાને
મહબૂબ કિયા માલિકો મુખ્તાર બનાયા
અલ્લાહ કી રહમત હૈ કે ઐસે કી યે ક઼િસ્મત
આસી કા તુમ્હેં હામીઓ ગ઼મખ્વાર બનાયા
આલમ કે સલાતિન ભિકારી હૈ ભિકારી,
સરકાર બનાયા તુમ્હેં સરકાર બનાયા
અય ! માહે અરબ હર અજમમેં તેરે સદ઼કે
ઝુલ્મતને મેરે દીન કો શબ તાર બનાયા
અલ્લાહ કરમ મેરે ભી તિરાનાએ દિલ પર
સેહરા કો તેરે હુસ્નને ગુલ્ઝાર બનાયા
બેયારો મદદગારો જિન્હેં કોઈ ન પૂછે
ઐસા કા તુઝે યારો મદદગાર બનાયા
ઉનકે લબે રંગીં કી નિછાવર થીં જિસને
પત્થર મેં **'હસન'** લા'લે પૂર અન્વાર બનાયા

કાર્યાલય

## ફતવા વિભાગ

### ★ GPFની રકમ પર ઝકાત ★

**સવાલ** : ૩૧/જુલાઈ/૨૦૦૭માં ગવર્નમેન્ટ સર્વિસથી હું રિટાયર્ડ થયો. ૨૪ વરસો સુધી GPFની રકમ કપાતી રહી પરંતુ મારી પાસે વરસે વરસે એનો કોઈ હિસાબ ન રહ્યો જેના કારણે ઝકાત અદા ન કરી શક્યો. હવે એ રકમ એક સાથે મને મળી તેની ઝકાત કઈ રીતે કાઢવી ?

**જવાબ** : તમારા પગારમાંથી કપાઈને જે રકમ GPFમાં જતી રહી છે તે તમારી માલિકીની છે તેના પર વરસે વરસે તેની શરતો સાથે ઝકાત વાજિબ થશે. ઈન્ટરેસ્ટની રકમ પર કબજો મળ્યા પછી વરસ પસાર થતાં ઝકાત વાજિબ થશે. મજલિસે શરઈ જામિઆ અશ્રફિયા મુબારકપુરના સર્વ સંમતિવાળા ફેંસલામાં GPF અને GISની પુંજી પગાર ઉપરાંત છે જે કર્મચારીની મિલ્કત છે જેથી નિસાબ પ્રમાણે હોય અથવા નિસાબ સાથે જોડાયેલ હોય તો તેના પર વરસે વરસે ઝકાત વાજિબ થશે, જો કે અદાયગી પાંચમા નિસાબ પર કબજા બાદ વાજિબ થશે. અને બંને નફાઓ પર કબજા પછી પોતાની શરતો સાથે ઝકાત વાજિબ થશે. *(અશ્રફિયા, સપ્ટે. ૦૪, પેજ–૧૬)*

દરેક વરસની વિગત દરેક કર્મચારીના કાગળમાં હોય છે તેને કઢાવી સરળતાપૂર્વક ૨૪ વરસનો હિસાબ મળી જશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

### ★ કોઈ કંપનીમાં જોડવાની મજૂરી ★

શું ફર્માવે છે ઉલમાએ દીને હક્ક આ મસ્અલામાં કે એક કંપની (Industry) જેનું નામ Smart Value Product Services Ltd. છે. આ કંપની હિંદુસ્તાનના વિવિધ શહેરોમાં કોમ્પ્યુટરની તા'લીમના કોર્સો જેમ કે CIT, ITZEN, INTERNET વગેરે ચલાવે છે જેને શીખવાની કુલ ફી રૂા. ૮૦૦૦/– છે. એની સાથે સાથે આ સંસ્થા આ કોર્સમાં કોઈ નવા વિદ્યાર્થીને દાખલ કરાવવાના બદલામાં કે જોઈન્ટ કરવાના બદલામાં એક વિદ્યાર્થીદીઠ રૂા. ૫૦૦/–નો ચેક આપે છે. દા.ત. ઝયદ જે એ સંસ્થામાં તા'લીમ હેઠળ છે, જો તે અમ્રને એ કોર્સમાં દાખલો અપાવે છે તો કંપની ઝયદને રૂા. ૫૦૦/–નો ચેક આપે છે. એ જ રીતે અમ્રએ બકરને એ કોર્સમાં જોડયો તો કંપની ઝયદ તથા અમ્ર બંનેવને રૂા. ૫૦૦/–નો અલગ અલગ ચેક આપે છે. એ જ પ્રમાણે એક પછી એક જેટલા વિદ્યાર્થીઓ પણ વિદ્યાર્થીઓને જોડશે તેના કારણે પહેલાવાળાઓને પણ રૂા. ૫૦૦/–ના રૂપમાં તેનો ફાયદો થતો રહેશે, જો હવે ઝયદે કોઈને ન પણ જોડયો તો તેની નીચેવાળાઓના જોડવાના કારણે એ જ પ્રમાણે ઝયદને ફાયદો મળતો જ રહેશે.

કંપનીના નિયમો તથા બંધારણના પ્રમાણે જે રકમ પ્રચારબાજી કે પરચા અથવા અન્ય એડવરટાઈઝમેન્ટમાં ખર્ચ થાય છે તે આ સર્વ પ્રચાર માધ્યમોનો ઉપયોગ ન કરતાં આ કંપની ડાયરેક્ટ વિદ્યાર્થીઓ થકી (પ્રચાર) કરાવે છે અને તેનો ફાયદો તેમને રૂા. ૫૦૦/–ના રૂપે આપે છે.

પ્રશ્ન એ છે કે વિદ્યાર્થીઓનું આ કંપની થકી આપવામાં આવતા ચેક તથા મજૂરીને લેવું જાઈઝ છે કે નહીં ? કુર્આન હદીષની રોશનીમાં વિગતે એનો જવાબ આપવા વિનંતિ.

**જવાબ** : કોમ્પ્યૂટરની તા'લીમવાળી આ કંપનીમાં કોઈ વિદ્યાર્થીને જોડવા પર કંપની જે રૂા. ૫૦૦/– અથવા ચેક આપે છે એ દલાલી છે કે મજૂરી છે જેમાં કંપનીથી કોઈ વિદ્યાર્થીને જોડાવનાર મહેનત તથા દોડભાગ કરીને એ કાર્ય કરે છે તો તે અસલમાં એ 'અક્દાએ ઈજારા' છે પણ ઉઝરત મજહૂલ (અધ્યાહન) છે કે કેટલા લોકો એક પછી એક કંપનીથી જોડાશે અને તેને સામૂહિક રીતે મજૂરી મળશે, કેટલી મળશે જે મજહૂલ છે માલૂમ નથી. કેવળ એટલું માલૂમ છે કે એક વિદ્યાર્થીના દાખલા પર ૧૬% રૂપિયા મળશે. એ જ પ્રમાણે એવી કંપનીઓમાં મુદત પણ અધ્યાહન હોય છે કે ક્યાં સુધી આ ક્રમ રહેશે. આ અમુક કારણો ફાસિદ છે જેથી એનાથી બચવું જરૂરી છે. રદ્દુલ મુહતાર (૯/૮૭)માં એ જ પ્રમાણે છે. વલ્લાહુ અઅ્લમ. *(હવાલો : જામે નૂર, નવે–૦૮, અઝ : મુફ્તી આલે મુસ્તફા સાહબ)*

# ઝકાત તથા ઉશ્ર આપવામાં સુસ્તી કરનારાઓને લાલબત્તી !

તંત્રી લેખ

વર્તમાનકાળનો મુસલમાન કાફિરોની દેખાદેખી તથા ઈલ્મે દીનથી અજ્ઞાન રહેવાના સબબે દુનિયાવી બાબતે નફા નુકસાનમાં જેટલો સાવધાન તથા ગંભીર જણાય છે એટલો દીની બાબતે નથી જણાતો. જ્યારે કે **એક મુસલમાન માટે દુનિયા ગૌણ ચીજ છે અને આખેરત મુખ્ય ચીજ છે,** પણ મુસ્લિમોની જાહેરી હાલત જોતાં પરિસ્થિતિ ઉલ્ટી જણાય છે ! જો આપણે કોઈને સલામ કરીએ તો જવાબમાં ક્યાંક ઈશારો તો ક્યાંક ધીમેથી તો ક્યાંક ત્રુટક શબ્દોમાં જવાબ મળે છે. વળી સામે સલામ કરનાર પણ એ જ પ્રમાણે સલામ કરતા જોવા મળે છે. જ્યારે કે "અસ્સલામુ અલયકુમ" કહેનારને દસ નેકી મળે છે અને જવાબમાં "વઅલયકુમ સલામ" કહેનારને પણ એટલી જ મળે છે, છતાં મરેલા અવાજે કે મોઘમ ઈશારાથી કામ ચાલે છે ! જેથી એ નેકીઓથી માણસ મેહરૂમ રહે છે. **કોઈની પાસે ફક્ત રૂા. ૧૦/- લેવાના હોય તો જોરથી બોલવામાં આવે છે કે તે બરાબર સાંભળે,** સલામમાં એ જ હુકમ છે કે જેને સલામ કરો તે સાંભળે એટલા અવાજે બોલવું, પણ એમાં કાળજી કે શોખ તથા ઉત્સાહ નથી જણાતો, બલ્કે એવું કહીએ તો પણ ખોટુ નથી કે સલામ કરવાનો ખાસ રિવાજ જ નથી, કદી કદી કોઈક કરી આપે. આ આપણુ વલણ સુન્નત કામ સાથે છે. એ જ પ્રમાણે અન્ય સુન્નતો કે દાઢી એક મુટ્ટી રાખવી, ટોપી કે અમામા શરીફ માથા પર સજાવવો, જમણા હાથે જ ચીજોની લેવદ દેવડ કરવી, બિસ્મિલ્લાહ બોલીને દરેક જાઈઝ કામ કરવું, બેસીને પાણી પીવું તેમજ વાતચીત, સૂવા, બેસવા, ચાલવા... વગેરે સુન્નતો બાબતે ખૂબ નિષ્કાળજી જોવા મળે છે. જ્યારે કે ખૂદ નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી, અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે." હે આશિકે રસૂલ ભાઈઓ ! બહેનો ! આ કેટલી મહાન બશારત છે ! છતાં કહેવાતા આશિકો ! નબી કરીમ ﷺની સુન્નતો બાબતે સુસ્ત તથા સુન મારી ગયેલા જણાય છે. ઈલ્લા માશાઅલ્લાહ !

## ★ સુન્નત તો સુન્નત, ફર્ઝ બાબતે આપણો હાલ શો છે ?! ★

નમાઝને જ લઈ લો ! મસ્જિદમાં અઝાન થઈ ચૂકી છે, આપણા પાલનહાર અલ્લાહ તઆલા તરફથી એલાન થઈ ચૂક્યું છે કે, "હય્ય અલસ્સલાહ ! હય્ય અલલ ફલાહ !" આવો નમાઝની તરફ ! આવો ભલાઈની તરફ ! છતાં મસ્જિદ તરફ પબ્લિકનો પ્રવાહ વહેતો નથી જણાતો ! લાખો તથા કરોડોમાં બનેલી આલીશાન મસ્જિદોમાં સન્નાટો છે ! **મોટાભાગના લોકો ઠંડા કલેજે નચિંતપણે ફર્ઝને એ રીતે ત્યજી રહ્યા છે જાણે કે નમાઝ ફર્ઝ નહીં મુસ્તહબ છે !** રોઝા પ્રત્યે આપણુ વલણ કેવું છે તે રમઝાનમાં બજારોમાં આંટો મારીને જાણી શકો છો કે ઉઘાડા છોગે મુસ્લિમો પાન મસાલા, ચાય પાણી, ખાવાની નિઃસંકોચ મજા માણી રહ્યા છે. એ જ પ્રમાણે હજ્જને શક્તિશાળી હોવા છતાં વિવિધ બહાને ટાળનારાઓની કમી નથી. અને ઝકાત તો જો મુસલમાનો સંપૂર્ણપણે ગણત્રીથી અને મસાઈલ સમજીને કાઢે તો મુસ્લિમ કૌમનો ઉદ્ધાર જ થઈ જાય. કેટલા તો પોતે **ઝકાત કાઢવાના**

**પાત્ર હોવા છતાં સામેથી ઝકાત લઈ રહ્યા છે !** આજે ચાંદીનો ભાવ રૂા. ૨૮૫ છે જેથી ૫૨.૫ તોલા ચાંદીની કિંમત રૂા. ૧૪,૯૬૨.૫૦ રૂા. થાય. સોનુ ૧ તોલાના ૧૭ થી ૧૮ હજાર રૂા. છે, તો જેની પાસે થોડુ સોનું, થોડી ચાંદી, થોડી રકમ મેળવતાં ટોટલ રૂા. ૧૪,૯૬૨.૫૦ રૂા. થઈ જાય તો સાહિબે નિસાબ ગણાશે, તે હવે ઝકાત ન લઈ શકે. અને જો એટલી રકમ વગેરે કે એથી વધુ તેની પાસે વરસભર રહી તો તેણે સર્વના પર ઝકાત કાઢવી પડશે. કેટલાક એવી વૃત્તિવાળા લોકો છે કે તે સમજવા જ નથી માંગતા કે એમણે ઝકાત કાઢવી પડે કે નહીં ?! આજે સોના ચાંદીનાં ઘરેણા તો ખૂબ ખરીદાય છે, માલ મિલ્કતોનાં ખૂબ ખરીદ વેચાણો થાય છે, બેંક બેલેન્સોથી સરકારી તીજારીઓ બેંકોમાં છલકાઈ ઉઠે છે તેમજ ખેતીવાડીની પેદાશથી ટ્રકો અને ટેમ્પા ભરાઈ ભરાઈને સામાન જતો હોય છે, પણ સંપૂર્ણ ગણત્રી કરીને સોના ચાંદી તથા દૌલતની ઝકાત તેમજ ખેતીવાડીની ઉપજની ઝકાત એટલે ઉશ્ર તેના વજન પ્રમાણે ગણીને મસાઈલ જાણીને કાઢવાની કાળજી મોટાભાગે રાખવામાં નથી આવતી. જમીનોનો વેપાર કરનારા તથા અન્ય વેપારીઓ જમીનની તથા માલોની કિંમતની ઝકાત કાઢવા પ્રત્યે જોઈએ તેટલા ગંભીર નથી જણાતા.

## ★ લાખોપતિ કરોડોપતિ બની ઝકાત ન આપનારાઓને ચેતવણી ! ★

આવો ! દોસ્તો, જે લોકો ઝકાત કાઢવામાં કંજૂસાઈ કરે છે તેમના બારામાં એ જ માલો દૌલત આપનારો રબ શું ફર્માવે છે તે ધ્યાનપૂર્વક વાંચી લો અને ચેતી જાવ !

કુર્આને પાકમાં છે : ''જે લોકો સોનુ તથા ચાંદી ભેગુ કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરતા નથી તેમને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી આપો. જે દિવસે જહન્નમની આગમાં તેઓને તપાવવામાં આવશે અને તેનાથી તેમના કપાળ તથા પાસાંઓ અને પીઠોને ડામવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) આ એ જ છે જે તમોએ પોતાના નફ્સ માટે એકત્ર કર્યું હતું, તો હવે (તેનો સ્વાદ) ચાખો જે ભેગુ કરતા હતા. *(સૂ. તૌબા, આ. ૩૪, ૩૫)*

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضي الله عنه એ ફર્માવ્યું, કોઈ રૂપિયો બીજા રૂપિયા પર મૂકવામાં આવશે નહીં, ન કોઈ અશરફી બીજી અશરફી પર. બલ્કે ઝકાત ન આપનારનું શરીર એટલે મોટુ કરી દેવામાં આવશે કે લાખો કરોડો રૂપિયા ભેગા કર્યા હોય તો દરેક રૂપિયાનો અલગ અલગ ડામ દેવામાં આવશે. *(તિબ્રાની ફિલ કબીર બહવાલા બહારે શરીઅત, ભાગ-૫)*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! જો તમો સાહિબે નિસાબ છો અને ઝકાત આપવાને પાત્ર છો છતાં ગંભીરપણે યોગ્ય ગણત્રીથી ઝકાત નહીં કાઢો તો વિચારો ! એ જ રૂપિયા, સોના, ચાંદીને તપાવીને તમારા શરીરે ચાંપવામાં આવશે અને તે જહન્નમની અકલ્પનીય તેજ આગથી દઝાડવામાં આવશે ત્યારે તમારો શો હાલ થશે ?! અને આ ખૂદ અલ્લાહ عزوجل નો આદેશ કુર્આનમાં એલાન થઈ રહ્યો છે ! તો ભાઈઓ ! બહેનો ! ચેતી જાવ ! અને આજે જ અત્યારે જ ગણત્રી માંડો તમારા માલ, સોના, ચાંદીની અને ઝકાત કાઢવા તૈયાર થઈ જાવ !

બીજી જગ્યાએ ઝકાત આપવાથી ભાગવાવાળાઓને રબ્બે કરીમ કુર્આને પાકમાં વોર્નિંગ આપે છે કે, ''જે લોકો કંજૂસાઈ કરે છે તેની સાથે જે અલ્લાહે પોતાના ફઝ્લથી તેમને આપ્યું, તેઓ એવું ન ધારે કે આ તેમના માટે ઉત્તમ છે, બલ્કે આ તેમના માટે ખરાબ છે ! તે વસ્તુનું કયામતના દિવસે

તેમના ગળામાં તૌક઼ (ફંદો) નાખવામાં આવશે જેની કંજૂસાઈ કરી." *(સૂ. આલિ ઈમરાન, આ ૧૮૦)*

કોઈ એવું ન સમજે કે અમે જે કમાયા તે ફક્ત અમારી મહેનત તથા હોશિયારી તથા આવડતથી જ કમાયા છીએ બલ્કે સાંભળી લો ! કુર્આન ફર્માવે છે કે તમારી પાસે જે કાંઈ છે તે તમારા રબનો ફઝ્લ છે જેથી ઝકાત આપવામાં કંજૂસાઈ ન કરશો નહીં તો તમારા ગળામાં તે ફંદો બનીને વિંટાશે.

### ★ ઝકાતમાં ન અપાયેલો માલ ભયાનક સાપ બની પીછો કરશે ! ★

સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : જેને અલ્લાહ માલ આપે અને તે તેની ઝકાત અદા નહીં કરે તો કયામતના દિવસે તે માલ બોડા (ટાલિયા) સાપના સ્વરૂપમાં કરી દેવામાં આવશે જેના માથા પર બે ડાઘ હશે, તે સાપ તેના ગળામાં હાર બનાવી દેવામાં આવશે પછી તે તેનાં ગલફોળાં પકડશે અને કહેશે, હું તારો માલ છું ! તારો ખજાનો છું !

**નોંધ** : એ સાપ જ્યારે હજાર વર્ષનો થાય છે તો તેના માથા પર વાળ ઉગે છે અને જ્યારે બે હજાર વર્ષનો થાય છે તો તેના વાળ ખરી પડે છે. બોડા સાપનો ભાવાર્થ એ છે કે તે એટલો જૂનો તથા ભયાનક સાપ હશે.

બીજી હદીષમાં ઈમામ અહમદની રિવાયત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી આ પ્રમાણે છે કે, "જે માલની ઝકાત આપવામાં આવી નથી તે કયામતના દિવસે બોડો સાપ થશે અને માલિકને દોડાવશે, તે દોડશે ત્યાં સુધી કે પોતાની આંગળીઓ તેના મુખમાં (છેવટે) નાખી દેશે.

મારા ભાઈઓ ! તથા બહેનો ! કયામતનું મેદાન જ્યાં કોઈ કોઈનો હાલ પૂછનારો ન હશે, બાપ બેટાથી, માં ઔલાદથી ભાગશે, નફ્સી નફ્સીનો આલમ હશે ત્યાં **તમારો આ પ્રિય માલ ઝકાત ન આપવાને કારણે અતિ ભયાનક સાપ બનીને તમારો પીછો કરશે** તો તમારી શું હાલત થશે ?! વિચારો ! અને સોના ચાંદી પર ઘમંડ કરનારીઓ અને તેની ઝકાત ન આપનારીઓ પણ સાંભળી લે ! સહીહ મુસ્લિમ શરીફમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે :–

### ★ ઝકાત આપવાથી ભાગનારને આગના પથ્થરની સજા ! ★

"જે વ્યક્તિ સોના ચાંદીની માલિક હોય અને તેનો હક઼ અદા ન કરે તો જ્યારે કયામતનો દિવસ હશે ત્યારે તેના માટે આગના પથ્થર બનાવવામાં આવશે અને તેમના ઉપર જહન્નમની આગ ભડકાવવામાં આવશે અને તેમના વડે પાસાં તથા કપાળ અને પીઠ ડામવામાં આવશે. જ્યારે તે ઠંડા થવા આવશે તો પાછા ફરી એવા જ ગરમ કરી દેવામાં આવશે. આ મામલો તે દિવસનો છે જેનો એક દિવસ પચાસ હજાર વરસ જેટલો છે ! ત્યાં સુધી કે બંદાઓ દરમ્યાન ફેંસલો થઈ જાય.

બીજી હદીષમાં છે : સહીહૈનમાં અહનફ બિન કૈસથી રિવાયત છે કે સૈયદના અબૂઝર رضی اللہ عنہએ ફર્માવ્યું કે, તેમની છાતીના ભાગ પર જહન્નમનો ગરમ પથ્થર મૂકશે કે તે છાતીને તોડીને ખભાથી નીકળી જશે, અને ખભાના હાડકા પર મૂકશે કે તે હાડકાં તોડીને છાતીમાંથી નીકળી જશે. અને સહીહ મુસ્લિમમાં એવું પણ છે કે, મેં નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા કે પીઠ તોડીને પાસામાંથી નીકળશે અને બોચી તોડીને કપાળમાંથી નીકળશે. *(બહવાલા : બહારે શરીઅત, ભાગ–૫)*

હે મુસલમાનો ! તમારાં નરમ નાઝુક શરીર પર દયા ખાવ ! જેમનામાં એક તમાચો ખાવાની ત્રેવડ

નથી, એક દીવાસળી ચંપાઈ જાય તો હાયવોય કરી મૂકો છો, તો ગરમ પથ્થરો તે પણ જહન્નમની આગમાં તપેલા ચંપાશે અને શરીરના અંગોએથી આરપાર કઢાશે ત્યારે શું હાલત થશે ?! કાંપી ઉઠો અલ્લાહના ગઝબથી ! ડરો ! અને તેનાથી બચવાનો સામાન એટલે કે સોના ચાંદીના વર્તમાન ભાવ પ્રમાણે હિસાબો કરો અને ઝકાત કાઢવા માંડો. આ સિવાય પણ કુર્આન હદીષમાં ઝકાત ન આપનારાઓ માટે ચેતવણીઓ આવેલી છે.

### ★ મુત્તક઼ી (ખુદાથી ડરનારા) તથા ભલાઈ પામનારા કોણ લોકો છે ?! ★

ક઼યામતમાં જ્યારે કે ગુનેહગારો તથા કાફિરો પોતપોતાના જુર્મોના કારણે વિવિધ પ્રકારના અઝાબોમાં સપડાયેલા હશે તેવા સમયે મુત્તક઼ીઓને કોઈ રંજ તથા તકલીફ નહીં હોય. તો મુત્તક઼ી કોણ છે તેના વિશે સાંભળો ! રબ તઆલા ફર્માવે છે : ''અને મુત્તક઼ી તેઓ છે કે અમોએ જે તેમને આપ્યું છે તેમાંથી અમારા માર્ગમાં ખર્ચ કરે છે.'' *(સૂ. બક઼રહ, આ. ૩)* બીજી જગાએ ફર્માવ્યું, ''તેમના માલોમાંથી સદક઼ો લો તેના કારણે તેમને પાક તથા સાફ બનાવી દો.'' *(સૂ. તૌબા, આ. ૧૦૩)* વળી ફર્માવ્યું : ''અને ભલાઈ તેઓ પામે છે જે ઝકાત અદા કરે છે.'' *(સૂ. મુઅમિનૂન, આ. ૫)*

સારાંશ કે જેઓ મુત્તક઼ી છે ખુદાથી ડરનારા છે તેમણે જોઈએ કે રાહે ખુદામાં પોતાના માલને ખર્ચ કરતા રહે, સદક઼ા ખૈરાત કરતા રહે અને પોતાના માલની ઝકાત અવશ્ય કાઢતા રહે કે એ રબ તઆલાનું જ એલાન છે. વળી ઝકાત કાઢનાર તથા રાહે ખુદામાં ખર્ચ કરનારનો માલ વેડફાતો કે ઓછો થતો નથી, એના માટે કુર્આન સાક્ષી છે કે માલોમાં બરકત થાય છે. સાંભળો ! :–

### ★ રાહે ખુદામાં માલ ખર્ચનારાઓને રબની ખુશખબરીઓ ! ★

રબ્બે કરીમ ફર્માવે છે : وَمَا اَنۡفَقۡتُمۡ مِنۡ شَیۡءٍ فَهُوَ يُخۡلِفُهٗ وَهُوَ خَيۡرُ الرّٰزِقِيۡنَ ''અને જે કાંઈ તમે ખર્ચ કરશો અલ્લાહ તઆલા તેના સ્થાને બીજુ આપશે, અને તે ઉત્તમ રોજી આપનાર છે.''

અને ફર્માવે છે : ''જે લોકો અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તેમની કહેવત તે દાણાની છે જેનાથી સાત ડુંડાં નીકળે, દરેક ડુંડાંમાં સો દાણા, અને અલ્લાહ જેને ચાહે છે અધિક આપે છે. અને અલ્લાહ વિશાળતાવાળો, મહાન ઈલ્મવાળો છે. જે લોકો અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે, પછી ખર્ચ કર્યા પછી ન એહસાન જતાવે છે ન તકલીફ આપે છે, તેમના માટે તેમના સવાબ તેમના રબના સમક્ષ છે, અને ન તેમના માટે કોઈ ડર છે અને ન તેઓ રંજમય થશે..........'' *(સૂ બક઼રહ, આ. ૨૬૦–૨૬૩)*

હે પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! તથા દીવાનીઓ ! તે રબ્બે કરીમ જે તમારો સર્જનહાર, પાલનહાર તથા તમને સર્વ કાંઈ આપનારો ખૂદ એલાન કરે છે કે મારા માર્ગમાં જે ખર્ચ કરશે તેને સાતસો ગણુ બલ્કે એથીય અધિક મળશે. માટે જેઓ ખૂબ જ ગણીને તથા કસી કસીને રાહે ખુદામાં ખર્ચ કરે તે એવી નીતિથી કે, ''મારો માલ ઓછો થઈ જશે !'' તેઓ કુર્આન પર ઈમાન ધરાવે છે તો એ ડરને દૂર કરીને શક્તિ અનુસાર માલ કાઢતા રહે તેમાં જ તેમની ભલાઈ છે. [ઝકાતના મસાઈલ જાણવા માટે ''ક઼ાનૂને શરીઅત અથવા બહારે શરીઅત તથા ઝકાતના અર્વાચીન મસાઈલ, બરકાતે શરીઅત વગેરે વાંચો.'' (દયાદરાથી મળશે) ઉપરાંત સપ્ટે. ૨૦૦૯નું ''બરકાતે ખ્વાજા (માસિક) વાંચશો કે WEB પરથી મેળવી લેશો.]

## ★ ખેતીની ઝકાત એટલે ઉશ્ર વિશે જાણો ★

એક જગાએ હું કામ અર્થે ગયો અને ત્યાં બેઠો તો મકાન માલિકની ખેતીમાંથી ટામેટાં, મરચાં, રીંગણા, ચીભડાં વગેરેનો સામાન ટોપલા ભરાઈ ભરાઈને આવ્યો તે વજન કરી કરીને માર્કેટમાં જઈ રહ્યા હતો. તો મેં સ્વભાવિક જ પૂછયું કે કેટલો માલ કેટલા દિવસે માર્કેટમાં જાય છે ? તો ખુશી ખુશી જણાવ્યું કે એક દિવસ બે દિવસના અંતરે આટલાં રીગણાં, આટલાં ચીભડાં.....વગેરે જાય છે. તો મેં પૂછયું કે એનું ઉશ્ર કાઢો છો ?! તો તેમણે કહ્યું કે, એ વળી શું ?! તો મેં સમજાવ્યું કે આ પ્રમાણે ઉશ્ર એટલે ખેતીની ઝકાત કાઢવાની હોય છે. તો મજાકમાં તે ભાઈ બોલ્યા કે, "યાર ! તમે અહીં આવશો નહીં ! તમે તો ખોટમાં નાખો એવા છો !" તો આ છે આપણી માનસિક્તા અને આ છે આપણી મુસલમાની !

મુસલમાનો ! સાંભળો ! રબ્બે કરીમ ફર્માવે છે : وَاٰتُوْا حَقَّهٗ يَوْمَ حَصَادِهٖ "ખેતી કાપવાના દિવસે તેનો હક્ક્ અદા કરો." અને હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જમીનને આકાશી પાણી (વરસાદ કે ઝરણાના પાણીએ પાણી સીંચ્યું અથવા નહેરના પાણીથી એને સીંચ્યું) તો તેમાં પેદાશનો દસમો ભાગ છે, અને જે જમીનને પાણી જાનવર ઉપર ઊંચકીને (પખાલ, કોસ, મોટર વડે) પહોંચાડવામાં આવ્યું તેના ઉપર અડધુ ઉશ્ર (એટલે પાકેલા માલનો વસીમો ભાગ) ઝકાત છે. *(બુખારી વગેરે, કાનૂને શરીઅત, ભાગ–૧)*

## ★ ઉશ્ર (ખેતીની ઝકાત) વિશે જરૂરી મસ્અલા ★

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! જ્યારે કે આપણી ખેતીવાડી રબ્બે કરીમના ફઝ્લથી જ પાકે છે, નબી કરીમ ﷺના તુફૈલમાં તેમાં બરકતો થાય છે, તો પછી તેમના હુકમોની અવગણના કરીને આપણે ક્યાંથી બરકત કે લાભ પામવાના છીએ ! જેથી "કાનૂને શરીઅત" કિતાબમાંથી ઉશ્ર વિશેના મસ્અલા પણ ધ્યાનથી સમજી લો અને અન્યોને પણ સમજાવો. એમાં માલ દૌલત સોના ચાંદીની ઝકાતના મસ્અલા કરતાં થોડોક ફેરફાર છે તેને સમજી લો.

★ ઉશ્ર વાજિબ થવા માટે બાલિગ હોવું જરૂરી નથી, ગાંડા કે નાબાલિગની જમીનમાં જે કાંઈ ઉપજ થશે તેના ઉપર પણ ઉશ્ર ઝકાત વાજિબ છે. *(આલમગીરી, બહારે શરીઅત)*

★ જેના ઉપર ઉશ્ર ઝકાત વાજિબ હતી અને તે મરી ગયો અને તેનો ઉત્પન્ન થયેલો માલ સ્ટોકમાં છે તો તેનામાંથી ઉશ્ર ઝકાત લેવામાં આવશે. *(આલમગીરી, બહારે શરીઅત)*

★ ઉશ્રી ઝકાત માટે વર્ષ પૂરું થવું પણ જરૂરી નથી. બલ્કે એક જ ખેતરમાં એકથી વધુ વખત વર્ષ દરમ્યાન પાક લેવાયો તો દરેક વખતે "ઉશ્ર" વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

★ "ઉશ્ર"માં નિસાબ પણ જરૂરી નથી બલ્કે એક "સાઅ" જેટલું પાક્યું તો પણ "ઉશ્ર" વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)* ("સાઅ" અરબમાં પ્રચલિત વજનનું માપ છે. આપણા ૩૫૧ તોલા બરાબર છે.)

★ ઘઉં, જવ, બાજરી, જુવાર અને દરેક પ્રકારનું અનાજ અને અળસી, દ્રાક્ષ, અખરોટ, બદામ અને દરેક પ્રકારનો મેવો, રૂ, ફૂલો, શેરડી, સકરટેટી, તરબુચ, ચીભડાં, રીંગણા વગેરે દરેક પ્રકારની લીલોતરી દરેકમાં "ઉશ્ર" વાજિબ છે વધારે પાકે કે થોડું. *(આલમગીરી, બહારે શરીઅત)*

★ મકાન કે કબ્રસ્તાનમાં જે ઉપજ થાય તેના ઉપર ન ઉશ્ર છે કે ન તો ખિરાજ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)* રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં સૌને શરીઅતની પાબંદીની તૌફીક બખ્શે. (આમીન)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَاَشْهِدُوْٓا اِذَا تَبَايَعْتُمْ ۠

وَلَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا شَهِيْدٌ ۬ وَاِنْ تَفْعَلُوْا

فَاِنَّهٗ فُسُوْقٌۢ بِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ وَيُعَلِّمُكُمُ اللّٰهُ ؕ

وَاللّٰهُ بِكُلِّ شَیْءٍ عَلِيْمٌ ﴿۲۸۲﴾ وَاِنْ كُنْتُمْ عَلٰى سَفَرٍ

وَّلَمْ تَجِدُوْا كَاتِبًا فَرِهٰنٌ مَّقْبُوْضَةٌ ؕ فَاِنْ اَمِنَ

بَعْضُكُمْ بَعْضًا فَلْيُؤَدِّ الَّذِى اؤْتُمِنَ اَمَانَتَهٗ

وَلْيَتَّقِ اللّٰهَ رَبَّهٗ ؕ وَلَا تَكْتُمُوا الشَّهَادَةَ ؕ وَمَنْ يَّكْتُمْهَا

فَاِنَّهٗۤ اٰثِمٌ قَلْبُهٗ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ عَلِيْمٌ ﴿۲۸۳﴾

لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ ؕ وَاِنْ تُبْدُوْا

مَا فِىْۤ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ يُحَاسِبْكُمْ بِهِ اللّٰهُ ؕ

فَيَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ

عَلٰى كُلِّ شَیْءٍ قَدِيْرٌ ﴿۲۸۴﴾ اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ

اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ

وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۟ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ

مِّنْ رُّسُلِهٖ ۟ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۫ غُفْرَانَكَ

رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿۲۸۵﴾ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا

وُسْعَهَا ؕ لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ؕ

رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا

وَلَا تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ مِنْ

قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ

وَاعْفُ عَنَّا ۫ وَاغْفِرْ لَنَا ۫ وَارْحَمْنَا ۫ اَنْتَ مَوْلٰنَا

فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۲۸۶﴾

## ત.....ર્જુ.....મો.....

અને ગવાહ જરૂર બનાવી લીધા કરો જ્યારે ખરીદ વેચાણ કરો અને નુકસાન ન પહોંચાડવામાં આવે લખનારને અને ન ગવાહને[૩૮૩] અને જો તમે એવું કરશો તો એ નાફર્માની થશે તમારી. અને ડર્યા કરો અલ્લાહથી, અને શીખવાડે છે તમને અલ્લાહ તઆલા (સામાજિક વ્યવહારના નિયમો) અને અલ્લાહ તઆલા દરેક ચીજ સારી રીતે જાણનાર છે. અને જો તમે સફરમાં હોઉ અને ન પામો કોઈ લખનાર તો કોઈ ચીજ ગિરવી રાખી લીધા કરો અને તેનો[૩૮૪] કબજો આપી દીધા કરો. પછી જો કોઈ ભરોસો કરી લે તમારામાંથી બીજા પર તો જોઈએ કે અદા કરી આપે તે જેના પર વિશ્વાસ કરવામાં આવ્યો છે પોતાની અમાનતને, અને જરૂરી છે કે ડરતો રહે અલ્લાહથી જે એનો રબ છે. અને ન છુપાવો ગવાહીને અને જે શખ્સ છુપાવે છે એને તો યક઼ીનન ! ગુનેહગાર છે એનું ઝમીર. અને અલ્લાહ તઆલા જે કાંઈ તમે કરો છો તેને સારી રીતે જાણે છે. અલ્લાહ તઆલાનું જ છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ જમીનમાં છે. અને જો તમે જાહેર કરો[૩૮૫] જે કાંઈ[૩૮૬] તમારા દિલોમાં છે અથવા તમે એને છુપાવેલા રહો, હિસાબ લેશે તમારાથી તેનો અલ્લાહ તઆલા, પછી બખ્શી આપશે જેને ચાહે અને અઝાબ આપશે જેને ચાહશે અને અલ્લાહ તઆલા દરેક ચીજ માટે શક્તિમાન છે. ઈમાન લાવ્યા આ રસૂલ (કરીમ) તેની (કિતાબ) પર જે ઉતારવામાં આવી એમની તરફ તેમના રબની

તરફથી અને (ઈમાન લાવ્યા) મો'મિન. આ સૌ દિલથી[૩૮૭] માને છે અલ્લાહને અને તેના ફરિશ્તાઓને અને તેની કિતાબોને અને તેના રસૂલોને. (તેમજ કહે છે) અમે ફરક નથી કરતા કોઈનામાં તેના રસૂલોથી. અને તેમણે કહ્યું અમે સાંભળ્યું અને અમે આજ્ઞાપાલન કર્યું. અમે તાલિબ છીએ તારી બખ્શિશના હે અમારા રબ ! અને તારી તરફ જ અમારે પરત થવાનું છે. જિમ્મેદારી નથી રાખતો અલ્લાહ તઆલા કોઈના ઉપર પણ જેટલી શક્તિ હોય તેની. તેને અજ્ર મળશે જે (નેક કામ) તેણે કર્યું અને એના પર વબાલ થશે જે (બુરુ કામ) તેણે કમાયું. હે અમારા રબ ! ન પકડ અમને[૩૮૮] જો અમે ભૂલીએ અથવા ખતા કરી બેસીએ. હે અમારા રબ ! ન નાખ અમારા પર ભારે બોજ જેવો તેં નાખ્યો હતો એમના પર જેઓ અમારાથી પહેલા ગુજરી ચૂક્યા છે. હે અમારા પરવરદિગાર ! ન નાખ અમારા પર બોજ જેને ઉઠાવવાની અમારામાં શક્તિ નથી. અને દરગુઝર ફર્માવ અમારાથી અને બખ્શી આપ અમને, અને રહમ ફર્માવ અમારા પર, તું જ અમારો દોસ્ત (તથા મદદગાર) છે. તું મદદ ફર્માવ અમારી કાફિર કૌમ પર.

**તફસીર...............**

**૩૮૩.** لَا يُضَآرَّ ની رَّ જો મફતૂહ (ઝબરવાળો) હોય (એટલે મઝારેઅ મજહૂલ) તો એનો મતલબ એ થશે કે બંને પક્ષોમાંથી કોઈ લખનારને ગલત લખવા તથા ગવાહને જૂઠી ગવાહી આપવા માટે મજબૂર ન કરે અને તેમનો સમય નિરર્થક ન બગાડે. અને જો لَا يُضَآرِّ (ઝેર સાથે) હોય તો પછી મતબલ એ થશે કે કાતિબ (લખનાર) ગલત લખીને અને ગવાહ જૂઠી ગવાહી આપીને કોઈને નુકસાન ન પહોંચાડે અને હક્ક તલફી ન કરે.

**૩૮૪.** અને જો તમે સફરની હાલતમાં હોઉ, ત્યાં કોઈ લખનારો પણ નથી અને ગવાહ પણ મૌજૂદ નથી અને તમે ઉધાર પર કોઈ લેણદેણ કરવા ચાહો છો તો એની સ્થિતિ એ છે કે ખરીદનાર કિંમતના બદલે પોતાની કોઈ ચીજ વેચનાર પાસે ગિરો મૂકી દે. જ્યારે કિંમત અદા કરે તો પોતાની ગિરો મૂકેલ ચીજ પરત લઈ લે. અહીં સફરની હાલતમાં ગિરો રાખવાનો ઉલ્લેખ છે, એનો મતલબ એ નથી કે સફર સિવાય ગિરો રાખવું જાઈઝ નથી બલ્કે મોટાભાગે આ સ્થિતિ કે ન લખનાર છે ન ગવાહ, એવું સફરમાં જ બને છે એટલા માટે સફરનો ઉલ્લેખ કર્યો, નહીં તો મુક઼ામ પર પણ ગિરો રાખવું દુરુસ્ત છે. પરંતુ ગિરો રાખેલી ચીજ વડે કોઈ લાભ ઉઠાવવો શરીઅતની રૂએ મના છે.

**૩૮૫.** જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ તો સહાબાએ કિરામ બેચૈન તથા બેક઼રાર થઈ ગયા. રંજમય તથા ઉદાસ થઈને બારગાહે રિસાલતમાં હાજર થયા અને ગુઠણોભેર ઉભા રહીને અર્ઝ કરવા લાગ્યા કે હે અલ્લાહના પ્યારા રસૂલ ! ﷺ આજ સુધી જે હુકમો (નમાઝ, રોઝા, હજ્જ, જેહાદ) નાઝિલ થયા એના પર અમલ કરી શકતા હતા પરંતુ આ આયત પર અમલ કરવાની અમારામાં શક્તિ નથી. હુઝૂર રહ્‌મતુલ્ લિલ્ આલમીન ﷺએ તુર્ત જ ગબડી રહેલાઓને સહારો આપ્યો અને લપસી રહેલાઓને થામી લીધા. ફર્માવ્યું, તમે યહૂદીઓ તથા નસારાઓની જેમ એવું ન કહો سمعنا وعصينا "અમે હુકમ સાંભળી તો લીધો પણ માન્યો નહીં." બલ્કે સ્વીકાર તથા રઝામંદી અપનાવીને બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં ચૂંચા કર્યા વિના અર્ઝ કરી આપો سَمِعْنَا وَاَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ સહાબાએ કિરામે પોતાના આક઼ા તથા મૌલા, હાદી તથા મુર્શિદનો મુબારક આદેશ સાંભળીને તરત જ સ્વીકાર માટે સર નમાવી લીધું અને જીભ પર ચાલુ થઈ ગયું سَمِعْنَا وَاَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ જ્યારે મુસ્તફા ﷺના ગુલામોએ આ અર્ઝ કર્યું તો તે સુબ્બૂહ તથા કુદ્દુસ (રબ તઆલા)એ اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ફર્માવીને તેમના ઈમાનને સમર્થિત કરી આપ્યું.

سبحان الله العظيم والصلوٰة والسلام على رسوله الكريم

**૩૮૬.** હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہએ અહીં સરસ લખ્યું છે. લખે છે : માનવીના દિલમાં બે પ્રકારના વિચારો આવે છે, એક વસવસા રૂપે કે એનાથી દિલને ખાલી કરવું માનવની શક્તિ હેઠળ નથી પરંતુ એ તેને બુરુ જાણે છે અને તેને અમલમાં લાવવા ઈરાદો નથી કરતો. એને હદીષે નફ્સ તથા વસવસો કહે છે, એના પર અલ્લાહ તરફથી આપણી પકડ નથી થતી. બુખારી તથા મુસ્લિમની હદીષ છે : સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મારી ઉમ્મતના દિલોમાં વસવસા ગુજરે છે અલ્લાહ તઆલા એનાથી દરગુઝર ફર્માવે છે જ્યાં સુધી કે તે તેને અમલમાં ન લાવે અથવા એની સાથે વાત ન કરે. એ વસવસો આ આયતમાં સામેલ છે. બીજા તે ખયાલો જેને માણસ પોતાના દિલમાં જગા આપે છે અને એને અમલમાં લાવવાનો નિશ્ચય તથા ઈરાદો કરે છે તેના પર પકડ થશે અને એનું જ વર્ણન આ આયતમાં છે.

**૩૮૭.** આ આયતમાં ઈમાનનું સંક્ષિપ્ત વર્ણન કરી દેવામાં આવ્યું કે અલ્લાહને વહદહુ લાશરીક (એક છે જેનો કોઈ શરીક નથી) માનવું, ફરિશ્તાઓને નૂરી અને અલ્લાહ તઆલાની આજ્ઞાંકિત મખ્લૂક઼ સ્વીકારવું, સર્વ આસ્માની કિતાબોને સહીહ માનવી, સર્વ રસૂલોની રિસાલત પર વિના અપવાદે ઈમાન લાવવું અને ક઼યામતના દિવસ પર ઈમાન રાખવું, આ છે ઈમાન !

**૩૮૮.** આ પ્યારા પ્યારા હૃદયાકર્ષક તથા અસરકારક દુઆના વાક્યો છે. કરીમ તથા બંદા પરવર અને ઝર્રા નવાઝ મૌલા તબારક વ તઆલા પોતાના બંદાઓને ખૂદ શીખવાડે છે કે મારાથી આ માંગ્યા કરો અને આ પ્રમાણે માંગ્યા કરો. મારા રહમતના દ્વારે ટકોરા મારવાનો આ તરીકો છે. અને જ્યારે કરીમ અને ઘણો જ કરીમ, સખી અને અતિશય સખી, હકીર ગુલામને કહે કે આવ ! મારાથી માંગ ! તો જ્યારે તે હકીર ગુલામ ઈખ્લાસ તથા આજીજી અને દર્દભર્યા દિલે અર્ઝ કરશે તો જરૂર તે અરજ કબૂલ થશે. આ દુઆમાં જિસ્માની તથા રૂહાની, વ્યક્તિગત તથા સામૂહિક, દીની તથા દુનિયવી દરેક પ્રકારની નેક નસીબીઓ, નેઅમતો અને સરફરાઝીઓના માટે યાચના છે. એટલા માટે તો હુઝૂર નબી કરીમ, રઉફો રહીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

**اوتیت هذه الآیات من آخر سورة البقرة من کنز تحت العرش لم یؤتهن نبی قبلی-**

''સૂરએ બક઼રહની આ આખરી આયતો મને અર્શે અઝીમની નીચે જે (રહમતો તથા બરકતોનો રબ્બાની) ખજાનો છે એમાંથી અતા કરવામાં આવી છે અને આ તે મહાન ઈનામ છે જે અન્ય કોઈ નબીને નથી મળ્યું.''

## દારુલ ઉલૂમ ચિશ્તિયા–નંદરબારમાં જશ્ને દસ્તારબંદીનો પ્રોગ્રામ

આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીના નિયંત્રણ હેઠળ ચાલતા દારુલ ઉલૂમ ચિશ્તિયા–નંદરબાર (મહારાષ્ટ્ર)ની સ્થાપના ૩૦/૧૧/૨૦૧૦ ના થઈ. અત્યાર સુધીમાં કુલ ૩૦ હાફિઝોની દસ્તારબંદી થઈ. ચાલુ સાલે જે ૧૬ હાફિઝોની દસ્તારબંદી તા. ૨૨/૯/૨૦૧૦ના રોજ થઈ તેમાં દાઈએ કબીર, અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)ના દસ્તે મુબારકથી થઈ. આપે ઈલ્મે દીનની ફઝીલતમાં જણાવ્યું કે, ''આજે એજ્યુકેટેડ કહેવાતો તબક઼ો આસ્માનોથી બોમ્બવર્ષા કરી રહ્યો છે આ તાલીમ નથી જેહાલત છે. તે ઈલ્મ હાંસલ કરો જેનાથી જુલ્મપીડીતોની મદદનો જઝબો પેદા થાય અને અન્યોને કામ આવી શકો.'' એંગ્લો ઉર્દૂ હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં ઝોહરની નમાઝથી જશ્નની શરૂઆત થઈ જેમાં સૂરત, માલેગાંવ, અમલનેરના મુબલ્લિગોનાં બયાનો, નઅત, મન્કબત તથા તર્બિયતનો પ્રોગામ ચાલુ રહ્યો. અંતમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામીના બયાન બાદ સલાતો સલામ–દુઆ થઈ. *(રજૂ. સઈદ નૂરી–નંદરબાર)*

**હદીષ** : હઝરત ગોદૈફ બિન હારિષ ષુમાલી[૧] رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે કોઈ કૌમ બિદઅત નથી કાઢતી પણ એટલા પ્રમાણમાં સુન્નત ઉઠાવી લેવામાં આવે છે[૨] જેથી સુન્નતને પકડવું બિદઅતના ઉદ્ભવ કરતાં બેહતર છે[૩]. *(અહમદ)* હઝરત હસ્સાન رضی اللہ عنہથી[૪] રિવાયત છે કે ફર્માવ્યું, કોઈ કૌમ પોતાના દીનમાં બિદઅત નથી પેદા કરતી પણ અલ્લાહ તઆલા એટલા પ્રમાણમાં તેમની સુન્નત ઉઠાવી લે છે[૫] પછી તેને કયામત સુધી તેમનામાં પરત નથી કરતો[૬]. *(દારમી)* હઝરત ઈબ્રાહીમ ઈબ્ને મયસરાથી[૭] રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلی اللہ علیہ وسلمએ કે જેણે બિદઅતીની તા'ઝીમ કરી તેણે યકીનન ! ઈસ્લામને પાડી નાખવામાં મદદ કરી[૮]. એને બયહકીએ શોઅબુલ ઈમાનમાં મુરસલન્ રિવાયત કરી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે કે જેણે કુર્આન શીખ્યું[૯] પછી તેની પયરવી કરી[૧૦] તેને અલ્લાહ દુનિયામાં ગુમરાહીથી બચાવશે અને કયામતના દિવસે સખત અઝાબથી મેહફૂઝ રાખશે[૧૧]. એક રિવાયતમાં છે કે ફર્માવે છે, જે કુર્આનની પયરવી (અનુસરણ) કરશે દુનિયામાં ગુમરાહ તથા આખેરતમાં બદ્બખ્ત ન થશે. પછી આ આયત તિલાવત કરી કે, "જે મારી હિદાયતનું પાલન કરે તે ન ગુમરાહ થાય અને ન બદ્નસીબ[૧૨]. *(રઝીન)*

### સ....મ....જૂ....તી....

**૧.** આપની સહાબિયતમાં મતભેદ છે. ઈબ્ને હબ્બાને કિતાબુત્તકાતમાં ફર્માવ્યું કે ગોદૈફ ફર્માવે છે કે હું હુઝૂર صلی اللہ علیہ وسلمના જમાનામાં પેદા થયો અને બાળ પણમાં આપનાથી મુસાફો તથા બયઅત કરી. જો આ રિવાયત સહીહ છે તો આપ સહાબી છે. ષુમાલા કબીલો બની અઝદની એક શાખ છે જેનાથી આપ સંબંધ ધરાવે છે એટલા માટે ષુમાલી કહેવામાં આવે છે.

**૨.** આ હદીષ તે સર્વ હદીષોની તફસીર છે જેમાં બિદઅતની બુરાઈઓ આવી. એટલે કે **બુરી બિદઅત તે જ અમલ છે જે સુન્નતની વિરુદ્ધ કાઢવામાં આવે.** જેના પર અમલ કરવાથી સુન્નત છૂટી જાય. દા.ત. અરબીમાં ખુત્બો, નમાઝ, અઝાન સુન્નત છે, હવે ઉર્દૂમાં અદા કરવું એ સુન્નતને નાબૂદ કરશે કે ઉર્દૂમાં અઝાન આપનાર અરબીમાં આપી શકશે નહીં. એ જ પ્રમાણે માથુ ઢાંકીને જાજરૂ જવું સુન્નત છે, ઉઘાડા માથે જાજરૂ જનાર આ સુન્નત પર અમલ ન કરી શક્યો. દરેક બુરી બિદઅતનો આ જ હાલ છે. મામૂલી બિદઅત નાની સુન્નતને મિટાવી દેશે અને મોટી બિદઅત મોટી સુન્નતને નષ્ટ કરશે. مِثْلُهَاથી એ જ મુરાદ છે. બિદઅતે હસના (સારી બિદઅત) સુન્નતને મિટાવતી નથી બલ્કે ક્યારેક સુન્નતને રિવાજ આપે છે. જુઓ, ઈલ્મે દીન શીખવું સુન્નત છે. હવે એના માટે કિતાબો છાપવી, મદ્રસા બનાવવા, ત્યાં તા'લીમ માટે નિસાબ તથા કોર્સ બનાવવો ભલે બિદઅત છે પણ સુન્નતની મદદગાર છે ન કે વિરોધી. બુઝુર્ગોની યાદગારો કાયમ કરવી સુન્નત છે, હવે એના માટે મીલાદ શરીફની મેહફિલો, ઉર્સોની મજલિસો રચવી એ તેની સહાયક છે ન કે વિરોધી. આ જગાએ મિર્કાતે ફર્માવ્યું કે બિદઅતે હસના સુન્નતથી જોડાયેલ છે.

**૩.** અહીં નેકી બુરાઈની સરખામણીમાં છે. એટલે બુરી બિદઅતો કાઢવી બુરુ અને તેની સરખામણીમાં સુન્નત પર અમલ કરવો સારો છે કે સુન્નતમાં નૂર છે અને બુરી બિદઅતમાં અંધકાર છે. એ મતલબ નથી કે

બુરી બિદઅતો પણ બરાબર છે, પણ સુન્નત સારી છે.

**૪.** આપનું નામ શરીફ "હસ્સાન ઈબ્ને ષાબિત" કુન્નિયત અબુલ વલીદ છે. અન્સારી છે. ખુઝરમી છે. અરબના શાયરોના તાજ છે. હુઝૂર ﷺના મહબૂબ શાયર છે અને પ્રશંસક તથા નઅતખ્વાને મુસ્તફા છે. આપના જ માટે હુઝૂર પોતાની મસ્જિદમાં મિમ્બર બિછાવડાવતા હતા જેના ઉભા રહીને આપ અશ્આર કરતાં હુઝૂર ﷺના નઅતિયા કસીદા પઢતા હતા. આપની ઉંમર ૧૨૦ વરસ થઈ જેમાંથી સાઈઠ વરસ કુફ્રમાં ગુજર્યા અને પછી સાઈઠ વરસો ઈસ્લામમાં ગુજર્યા. હિ.સ. ૪૦થી કાંઈક પહેલાં ખિલાફતે હૈદરીમાં વફાત થઈ. (رضی اللہ عنہ) ઈન્શાઅલ્લાહ ! કયામત સુધી સર્વ નઅત કહેનારા તથા નઅત પઢનારા હસ્સાનના ઝંડા નીચે હશે.

يَوْمَ نَدْعُوْا كُلَّ اُنَاسٍ بِاِمَامِهِمْ

**૫.** એની શરહ હમણા વર્ણન થઈ ચૂકી. દીનની શર્તથી માલૂમ પડયું કે બિદઅતે સૈયઅહ્ (બુરી બિદઅત) હમેશાં દીનમાં જ હશે. દુનિયાવી શોધોને બિદઅતે સૈયેઅહ્ કહેવામાં નહીં આવે. જેટલા પ્રમાણમાં બુરાઈઓ બિદઅતની આવી છે તે સૌ એ બિદઅતની છે જે દીનમાં હોય અને સુન્નતને મિટાવનારી હોય, અને જો દીનથી મુરાદ અકીદા છે જેમ કે જાહેર છે તો હદીષ એકદમ સાફ છે.

**૬.** એટલે કે જે કૌમમાં બુરી બિદઅતોની આદત પડી ગઈ તો પછી તેમને સુન્નતની તરફ પલટવાની તૌફીક નથી મળતી. સુન્નત ઝાડ છે અને આ બિદઅતો તેનો પાવડો, કે જ્યારે ઝાડને મૂળેથી ઉખેડી લેવામાં આવે પછી નથી ઉગતુ.

**૭.** આપ તાબઈ છે તાઈફ શરીફના રહેવાસી છે. મુત્તકી પરહેઝગાર છે જેથી આ હદીષ મુરસલ છે કે એમાં સહાબીનો ઉલ્લેખ નથી.

**૮.** અહીં બિદઅતથી મુરાદ દીની બિદઅત છે અને "સાહિબે બિદઅત" બેદીન શખ્સ, અને "તૌકીર"થી તેની તા'ઝીમ મુરાદ છે, જરૂરિયાતની માફી છે એટલે **બેદીનોની તા'ઝીમ ઈસ્લામને વિરાન કરવું છે કે આપણા થકી તા'ઝીમ કરવાથી પબ્લિકના દિલમાં તેમની અકીદત પેદા થશે જેનાથી તેઓ તેના શિકાર થઈ જશે.** જેવી રીતે મુસલમાનની તા'ઝીમ સવાબ છે એવી જ રીતે બેદીનની તૌહીન સવાબ છે કે તે ઈમાનનો દુશ્મન છે. બાબુલ કદરમાં વર્ણન થઈ ચૂક્યું છે કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે એક કદરિયા મઝહબ (ગુમરાહ ફિર્કા) રાખનારાની સલામનો જવાબ ન આપ્યો. એ અમલ આ હદીષની તફસીર છે.

**૯.** એટલે કે કુર્આન પઢતાં શીખવાડયું, તેને યાદ (કંઠસ્થ) કર્યું અથવા તેના હુકમો શીખ્યા અથવા ઈલ્મે તજવીદ. આ શબ્દો દરેક પ્રકારના કુર્આની ઈલ્મને સમાવે છે. યાદ રાખશો કે ફિકહ, ઉસૂલે ફિકહ તથા હદીષ શીખવું પણ ઈન્ડાયરેક્ટલી કુર્આન જ શીખવું છે. ઈન્શાઅલ્લાહ ! એના પર પણ બદલો છે.

**૧૦.** એટલે કે કુર્આનના અહકામ (હુકમો) પર સહીહ અમલ કર્યો, હદીષ તથા ફિકહની રોશનીમાં. જેથી એનાથી ચકડાલ્વી (કહેવાતા અહલે કુર્આન) દલીલ નથી પકડી શકતા.

**૧૧.** જાણવા મળ્યું કે ઉલમાએ દીન અને કુર્આનના ખાદિમોની દુનિયા પણ કામયાબ છે અને આખેરત પણ કામયાબ છે, પણ એ તે જ લોકો છે જેમને કુર્આનની સાચી સમજ અને એના પર સહીહ અમલ નસીબ થાય. ચકડાલ્વીઓ જેમ કેવળ સ્વબુદ્ધિ વડે કુર્આન સમજનાર ગુમરાહ થશે. રબ ફર્માવે છે :

يُضِلُّ بِهٖ كَثِيْرًا وَّيَهْدِىْ بِهٖ كَثِيْرًا

**૧૨.** યાદ રાખશો કે જેવી રીતે આ હદીષના આધારે આપણે રસૂલે પાક ﷺની સુન્નતથી બેપરવા નથી થઈ શકતા અને કેવળ કુર્આન પર બસ નથી કરી શકતા, એવી જ રીતે પાછલી હિદાયતના આધારે જેમાં કિતાબ તથા સુન્નતનું વર્ણન છે આપણે ફિકહ તથા મુજતહિદોના કયાસથી બેનિયાઝ નથી થઈ શકતા. આ પરથી કહેવાતા એહલે હદીષવાળાએ બોધગ્રહણ કરવો જોઈએ.



# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્‌લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

વિભાગ : ૨

## શફાઅત અને મક઼ામે મહમૂદ

આ સિલસિલામાં અલ્લાહ جل جلاله એ ફર્માવ્યું છે :–

**عَسٰی اَنۡ یَّبۡعَثَکَ رَبُّکَ مَقَامًا مَّحۡمُوۡدًا** ''નજીક છે કે તમને તમારો રબ એવી જગ્યાએ ઉભા કરે જ્યાં તમારા વખાણ કરે.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, પારા–૧૫, આયત–૭૯)*

ક઼ાઝી અયાઝ માલિકી رضی اللہ عنہ ફર્માવે છે કે અમારાથી શયખ અબૂ અલી ગસ્સાની رحمۃ اللہ علیہ એ પોતાની સનદના સાથે હદીષ બયાન કરી કે આદમ બિન અલી رحمۃ اللہ علیہ એ ખબર આપી છે કે મેં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૭૩, ઈ.સ. ૬૯૨)ને ફર્માવતાં સાંભળ્યા કે ક઼યામતના દિવસે લોકોની જુદી જુદી જમાઅતો હશે અને દરેક જમાઅત પોતાના નબીના પાછળ હશે, અને તેમનાથી અરજ કરશે કે યા નબીયલ્લાહ ! આપ અમારી શફાઅત કરો, છેવટે આ મામલો આપણા આક઼ા વ મૌલા સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم સુધી પહોંચી જશે. તે દિવસે અલ્લાહ તઆલા આપને મક઼ામે મહમૂદ પર જલ્વાગાર કરશે. એટલે એવા મક઼ામ પર જ્યાં આપને જોઈને નાના મોટા અને માનવાવાળા તથા વિરોધી તમામ ઈન્સાનો (બલ્કે ફરિશ્તાઓ) આપની પ્રશંસામાં લાગેલા હશે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلم થી આ આયતના ઉપરના મક઼ામે મહમૂદના વિશે પૂછવામાં આવ્યું ત્યારે આપે ફર્માવ્યું કે તે શફાઅતનું સ્થળ છે. આ સિલસિલામાં હઝરત કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ક઼યામતના દિવસે તમામ લોકોને એકઠા કરવામાં આવશે તો હું મારી ઉમ્મતના સાથે એક ટેકરા પર હોઈશ અને મારો રબ્બ મને લીલો ઝબ્બો પહેરાવશે. પછી મને શફાઅતની પરવાનગી મળી જશે તો તે સમયે જે શબ્દોમાં અલ્લાહ તઆલા ઈચ્છશે બારગાહે ખુદાવંદીમાં અરજ કરીશ. પછી તે સ્થળ મક઼ામે મહમૂદ હશે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે શફાઅતની હદીષ બયાન કરતાં આ પણ ફર્માવ્યું છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم (લોકોની શફાઅત કરવા માટે) ચાલી નીકળશે અને જન્નતની સાંકળને આવીને ખટખટાવશે. તે સમયે અલ્લાહ તઆલા આપને મક઼ામે મહમૂદ પર ઉભા કરશે જેનો અલ્લાહ جل جلاله એ આપનાથી વાયદો કરેલ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અર્શની ડાબી બાજુ ઉચ્ચ સ્થળે ઉભા હશે જ્યાં બીજુ કોઈ હશે નહીં. આપને આ સ્થળ પર જોઈને બધા આગળના અને પાછળના રશ્ક (તેવા સ્થાનની ખ્વાહિશ) કરશે. તેમના જેમ કઅબ અહબાર અને હસન બસરી رضی اللہ عنہ એ પણ રિવાયત કરી છે અને એક રિવાયતમાં છે કે આ જ સ્થળ છે જ્યાંથી હું પોતાની ઉમ્મતની શફાઅત કરીશ.

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہما થી આ પણ મરવી છે કે સરવરે કૌનો મકાં صلی اللہ علیہ وسلم થી ફર્માવ્યું, હું મક઼ામે મહમૂદ પર ઉભો રહેનાર છું. એક શખ્સે અરજ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم (મક઼ામે મહમૂદ) શું છે ? આપે ફર્માવ્યું, જે દિવસે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્સી પર (પોતાની શાન પ્રમાણે) જલ્વો ફર્માવશે (તેના પછી પૂરી હદીષ બયાન ફર્માવી)

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે મને અલ્લાહ તઆલાએ અધિકાર આપ્યો છે કે ઈચ્છો

તો પોતાની અડધી ઉમ્મતની બખ્શિશ કરાવી લો, ઈચ્છો તો તેમની શફાઅત કરી લો. મેં શફાઅત ધારણ કરી લીધી છે. શું તમારો એ ખયાલ છે કે હું નેક લોકોની શફાઅત કરીશ ? નહીં ! હું શફાઅત તો ગુનેહગારો અને પાપથી જોડાયેલાના માટે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે બારગાહે રિસાલતમાં અરજ કરી, યા રસૂલલ્લાહ ! આપ કયા લોકોની શફાઅત કરશો ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારી શફાઅત તે દરેક મનુષ્યના માટે હશે જેણે એ સાક્ષી આપી હોય કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ મઅબૂદ નથી અને જબાનના સાથે દિલથી આ વાતને સ્વીકારી હોય.

હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا (વફાત : હિ.સ. ૪૪, ઈ.સ. ૬૬૪)થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારા પછી મારી ઉમ્મત જે કાંઈ કરશે તેની મને જાણકારી આપી દેવામાં આવી છે. લોકો આપસમાં ખૂનરેજી કરશે જેના કારણે તેમના હાલ પણ પાછળની ઉમ્મતો જેવા થઈ જશે, પરંતુ અલ્લાહ તઆલાએ પોતાની ઉમ્મતની શફાઅતનો સવાલ કર્યો ત્યારે તેને કૂબૂલ કરી લીધો.

હઝરત હુઝૈફહ رضی اللہ عنہથી રિવાયત છે કે કાલે કયામતના દિવસે અલ્લાહ તઆલા તમામ માનવોને એક સમતળ મેદાનમાં એકઠા કરશે જ્યાં પોકારવાવાળાના અવાજને તમામ સાંભળી શકશે અને તમામ દેખાતા હશે. લોકો એવી રીતે નગ્ન હશે જેવી રીતે પૈદા થયા હતા. અને તમામ મૌન હશે, અલ્લાહના હુકમ સિવાય કોઈને પણ બોલવાની હિંમત થશે નહીં. તેના પછી નબી કરીમ ﷺને એક સ્થળ પર બોલવવામાં આવશે. આપ આવી રીતે કહેશે, અય અલ્લાહ ! હું તારી બારગાહમાં હાજર છું, તમામ ભલાઈ તારા હાથમાં જ છે. અને તું કોઈને બુરાઈનો હુકમ આપતો નથી, હિદાયત પર તે જ છે જેને તેં હિદાયત આપી. તારો બંદો તારી બારગાહમાં હાજર છે. હું તારા જ માટે છું અને મારી દોટ તારા તરફ જ છે. તારી બારગાહના સિવાય પનાહગાહ અને નજાતની શક્યતા નથી. તારી ઝાત બરકતવાળી બુલંદ અને પાક છે, અય બયતુલ્લાહના રબ્બ ! (જે જગ્યાએ ઉભા હશે ત્યાંથી આપ આ પ્રશંસા બયાન કરશે) તે જ મકામે મહમૂદ છે જેનું કુર્આને કરીમમાં ઝિક્ર આવ્યું છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જ્યારે દોઝખી દોઝખમાં અને જન્નતી જન્નતમાં જતા રહેશે અને જન્નતી લોકોના સૌથી પાછળના અને દોઝખી લોકોની સૌથી છેલ્લી જમાઅત બહાર રહી જશે ત્યારે દોઝખમાં જવાવાળા લોકો જન્નતમાં જવાવાળાથી પૂછશે કે તમારા ઈમાને તમને શું ફાયદો પહોંચાડયો ? આ સાંભળી તેઓ પોતાના રબને પોકારશે અને ખૂબ જ જોરથી આક્રંદ કરશે અને નિસાસો નાખી રડશે. તેમના અતિ વિલાપને સાંભળીને જન્નતી લોકો હઝરત આદમ علیہ السلام અને બીજા અંબિયા علیہم السلامથી તેમની શફાઅતના માટે અરજી કરશે. દરેક નબીના તરફથી કારણ બતાવવામાં આવશે, છેવટે તેઓ નબી આખિરુઝ્ઝમાં સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજશ થશે તો જે સ્થળ પર ઊભા થઈ આપ તેમની શફાઅત કરશે તે જ સ્થળ મકામે મહમૂદ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہما અને ઈમામ મુજાહિદ رحمۃ اللہ علیہથી પણ ઉપરની હદીષના જેવી રિવાયત છે. અલી બિન હુસૈન رضی اللہ عنہ એટલે ઈમામ ઝયનુલ આબેદીન رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૯૯, ઈ.સ. ૭૧૭)એ પણ તેને સરવરે કોનો મકાં ﷺથી નકલ કરી છે. હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૮૮, ઈ.સ. ૬૯૭)એ યઝીદ બિન કૈસર رضی اللہ عنہથી પૂછયું કે તમે તે સ્થળના વિશે કાંઈ સાંભળ્યું છે જેના પર નબી કરીમ ﷺને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કયામતના દિવસે ઉભા કરશે ? જ્યારે તેમણે આ વાતનો જવાબ આપ્યો તો હઝરત જાબિર رضی اللہ عنہએ ફર્માવ્યું કે આ સ્થળનું નામ મકામે મહમૂદ છે. (તેના પર ઉભા થઈ આપ શફાઅત કરશે અને) આપની શફાઅતના કારણે જે લોકોને અલ્લાહ તઆલા ઈચ્છશે તેને દોઝખથી છૂટકારો આપશે અને તેનાથી આગળ પૂરી શફાઅતની હદીષ બયાન કરી જેમાં લોકોને દોઝખમાંથી બહાર કાઢવાનું બયાન છે.

# શું ઈસ્લામી દેખાવ
## પ્રગતિના માર્ગમાં આડરૂપ છે ?

ગ્લોબલાઈઝેશન અને મલ્ટી કલ્ચરીઝમ (બહુવિધ સંસ્કૃતિઓ)ના આ યુગમાં કૌમી તથા મઝહબી ઓળખ અને પહેચાનને સાચવવું એક ઘણી જ મુશ્કેલ બાબત છે. વિવિધ કૌમો અને સંસ્કૃતિઓ વચ્ચે જતા દહાડે અથડામણ આજ **Identity Crisis**નું પરિણામ છે. પ્રસારણ માધ્યમો દ્વારા સુંદર અને આકર્ષિત દેખાડવામાં આવતી (વાસ્તવમાં નહીં) પશ્ચિમી સંસ્કૃતિની જાહેરી ચમક દમકે ઘણા લોકોને ધોકામાં નાખ્યા છે એવાને લોકો જે નફસાની ખ્વાહિશાત અને મનેચ્છાને પૂરી કરવાને જ કામયાબી તથા પ્રગતિ સમજે છે, એટલા માટે કે પશ્ચિમી સંસ્કૃતિનો પાયો જ નગ્નતા, ભોગ વિલાસ અને ભૌતિક્તા પર છે. અને એવું સમજવામાં આવે છે કે આ ત્રણને પ્રચલિત કરવા માટે સર્વ સામાજિક તથા સંસ્કારિક મર્યાદાઓ તથા સીમાઓને તોડી નાખવામાં જ સફળતા છે. જ્યારે કે હકીકત એ છે કે આ પ્રકારની સંસ્કૃતિનો અંજામ સામાન્યતઃ બેઈત્મિનાની, માનસિક તણાવ (ડિપ્રેશન) અને ઘણીવાર તો આપઘાતના રૂપમાં સામે આવે છે. કારણ જાહેર છે કે પ્રગતિના નામે આ એક ભ્રમ છે જે લોકોને ભ્રમિત કરે છે અને ક્ષણિક ખુશી તથા આનંદ તો આપી શકે છે પરંતુ સાથે જ કાયમી નુકસાનો પણ કરે છે. આવા સંજોગોમાં મુસલમાનો માટે તેમની કૌમી અને ધાર્મિક ઓળખની સુરક્ષા એ અગત્યનો મસ્અલો છે. પશ્ચિમી સંસ્કૃતિએ સાંસ્કૃતિક પરિવર્તન (**Cultural Exchange**)ના નામ પર જે કાંઈ આપ્યુ છેં તેની અસરો પૂર્વીય (યૂરોપ સિવાયના) સમાજ પર નેગેટિવ જોવા મળી રહી છે. મુસલમાનોએ સમજવું જોઈએ કે ઈસ્લામ રૂહાનિયત અને ભૌતિક્તા વચ્ચે મધ્યમમાર્ગીની તા'લીમ આપે છે માટે જ માત્ર જાહેરી તથા ભૌતિક પ્રગતિ ઈસ્લામમાં પ્રશંસનીય નથી અને આવી જૂઠી જાહેરી પ્રગતિના માર્ગમાં જરૂર ઈસ્લામી રહેણીકરણી મોટી રૂકાવટ છે.

ઈસ્લામી પહેરવેશ અને દેખાવ વિશે એક પાયાનો સિદ્ધાંત ધ્યાનમાં રાખવો જોઈએ કે વસ્ત્રો એવાં હોય જેનાથી સંપૂર્ણ રીતે સતર છુપાયેલ રહે તથા તે કોઈ અન્ય કૌમની નિશાની ન હોય, ગૈર મુસ્લિમોની મુશાબેહત (મળતાપણા)થી બચવામાં આવે, મર્દો માટે જરૂરી છે કે ઔરતો જેવી સ્ટાઈલ ન અપનાવે અને ઔરતો પણ મર્દોના પહેરવેશ વગેરેથી બચે. હદીષોમાં આની સ્પષ્ટતા આવી છે.

રસૂલુલ્લાહ ﷺએ એવી ઔરતો પર લા'નત કરી જે મર્દો જેવું રહન સહન અપનાવે અને એ મર્દો પર જે ઔરતો જેવું રહન સહન અપનાવે. *(અબૂ દાઊદ)* જે વ્યક્તિ જે કૌમની સાથે મુશાબહત કરે એ એમનામાંથી જ છે. *(મુસ્નદે અહમદ, અબૂ દાઊદ)*

હઝરત સદરુશ્શરીઅહ્ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ આ હદીષની સમજૂતીમાં ફર્માવે છે : આ હદીષ એક મૂળ સિદ્ધાંત છે કે લિબાસ અને બીજી આદતોમાં કેવા લોકોથી મુશાબેહત (મળતાપણુ) કરવી જોઈએ અને કેવા લોકોથી નહીં. કાફિરો, ફાસિકો તથા ગુનેહગારોની મુશાબેહત બુરી છે, અને નેક લોકો તથા પરહેઝગારોની મુશાબેહત સારી છે. વળી એ મુશાબેહતના પણ પ્રકાર છે, અને એ પ્રકારોના આધારે જ તેના હુકમો પણ વિવિધ છે. કાફિરો, ફાસિકોની સાથે મુશાબેહતનો સૌથી નીચો દરજ્જો કરાહત (મકરૂહ હોવું) છે. મુસલમાન પોતાને એમનાથી વિશિષ્ટ રાખે જેથી ઓળખી શકાય અને તેના પર (પહેરવેશ વગેરેના લીધે) ગૈર મુસ્લિમ હોવાની શંકા ન થાય.''

આગળ ફર્માવે છે : ''આ જમાનામાં ઘણા મુસલમાનો પાયજામાની જગ્યાએ જાંગીયા (ચડ્ડા) પહેરવા લાગ્યા છે તેના નાજાઈઝ હોવામાં શું કહેવાનું ! કે ગુઠણ ખુલ્લા રહેવા હરામ છે અને ઘણા લોકોના કુર્તા (કમીસ, બુશર્ટ વિગેરે)ની બાંયો કોણીની ઉપર હોય છે, એ પણ સુન્નત વિરુદ્ધ છે, અને આ બંનેવ (કેપ્રી તથા હાફસ્લિવ) ઈસાઈઓની દેખાદેખી પહેરવામાં આવે છે, આના કારણે આ બંને વસ્ત્રોની બુરાઈ અધિક થઈ ગઈ. અલ્લાહ તઆલા મુસલમાનોની આંખો ખોલે કે કાફિરોનુ અનુકરણ અને તેમની જેવા દેખાવથી બચે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ઈસ્લામી લશ્કરને જેમાં અધિકતમ સહાબાએ કિરામ હતા તેમને જે આદેશ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

મોકલ્યો હતો તેને મુસલમાનો નજરો સમક્ષ રાખે અને અમલ કરવાની કોશિશ કરે, આપે ફર્માવ્યું હતું, "અજમીઓ (અરબ સિવાય)ના પહેરવેશથી બચો. એમના જેવી રહેણીકરણી ન અપનાવશો." (ઈસ્લામી લિબાસ વિશે વધુ જાણકારી માટે બહારે શરીઅત, ભાગ–૧૬નો અભ્યાસ કરશો.)

અનોખો અને વિશિષ્ટ ઈસ્લામી લિબાસ અને રહેણી કરણી અપનાવવાની તાકીદ એટલા માટે કરવામાં આવી કે મુસલમાનોને સર્વોત્તમ ઉમ્મતનો લકબ આપવામાં આવ્યો છે, માટે તેમની ફરજ છે કે ભલાઈનો હુકમ આપે અને બુરાઈથી રોકે, અને એના માટે જરૂરી છે કે મુસલમાનો ઈન્સાનોની ભીડમાં પોતાની વિશિષ્ટ ઓળખ સાથે જીવન ગુજારે જેથી બીજા લોકો હિદાયત અને રહનુમાઈ માટે એમનું અનુકરણ કરે. ઉચ્ચ આધુનિક શિક્ષણ અને ધર્મથી વિમુખતાના સંબંધે અમુક એવા ઉદાહરણ જરૂરથી મળશે જેનાથી સમજાશે કે આધુનિક શિક્ષણ મઝહબ બેઝારી અને ખુદાફરામોશીનું કારણ બને છે, પરંતુ અગત્યનું કારણ એ છે કે આવા (આધુનિક ઉચ્ચ શિક્ષણવાળા) લોકોને દીની તા'લીમ ઘણી ઓછી મળી હોય છે અને અકીદામાં તેઓ ચુસ્ત નથી હોતા, તદ્ઉપરાંત તેઓ પશ્ચિમી અંગ્રેજી શિક્ષણ શૈલીના હેઠળ શિક્ષણ પ્રાપ્ત કરે છે જેમાં સમજાવવામાં આવે છે કે પ્રગતિના માર્ગમાં ધર્મ મોટી રૂકાવટ છે. અને એ લોકો આવું શા માટે કહે છે એનું કારણ એ હકીકત છે કે એક જમાના સુધી ઈસાઈ પાદરીઓ અને રાહિબોએ ધર્મના નામ પર લોકોનું શોષણ કર્યું અને સામાન્ય લોકો પર જોર જબરદસ્તી તથા જુલ્મને જાઈઝ રાખ્યો, જેથી જ્યારે લોકોમાં એમના ધર્મ વિરુદ્ધ બગાવત ભડકી ઉઠી તો તેમણે ધાર્મિક સિદ્ધાંતોને ત્યજીને દુનિયાવાળાઓને એવું સમજાવવાની કોશિશ કરી કે ઈસાઈ પાદરીઓના ધર્મની જેમ દુનિયાના બીજા ધર્મો પણ પ્રગતિના માર્ગમાં રૂકાવટ છે. આ રીતે પશ્ચિમી શિક્ષણ શૈલીમાં મઝહબથી બેઝારીના અંશો જોવા મળે છે. પરિણામે જે લોકો અંગ્રેજી પદ્ધતિનું શિક્ષણ પ્રાપ્ત કરે છે તેઓ પણ આવી જ વાતો કરવા લાગે છે.

પરંતુ ધ્યાનમાં રહે કે આધુનિક તા'લીમ મેળવેલ બધા જ લોકો આવા નથી હોતા, અમુક ખુશનસીબો એવા પણ છે જે આધુનિક શિક્ષણથી પણ સજ્જ અને સાથોસાથ ઈસ્લામી સિદ્ધાંતોનું પાલન પણ કરે છે અને તે પણ ઈસ્લામી દેખાવ તથા રહેણીકરણીની પદ્ધતિની સાથે. એટલા માટે એમ માનવું કે આધુનિક શિક્ષણ ધર્મથી વિમુખતાનું કારણ બને જ છે એ યોગ્ય નથી. પરંતુ આધુનિક શિક્ષણની નેગેટિવ અસરો અને દુષ્પ્રભાવથી બચાવ અને પ્રયાસ અવશ્ય થવો જોઈએ, અને તે એ રીતે થઈ શકે છે કે ઉલ્મા અને આધુનિક શિક્ષણ ધરાવતા લોકો વચ્ચેનું અંતર ખત્મ કરવામાં આવે જેથી ઈસ્લામ અને મુસલમાનો પ્રતિ જે ગલત પ્રોપેગન્ડા પ્રચલિત છે તેને દૂર કરી શકાય.

ઈસ્લામ એવી તરક્કીથી કદી નથી રોકતો જેમાં અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺની નાફર્માની ન થતી હોય. જીવનના વિવિધ વિભાગોમાં પ્રગતિ અને સફળતા માટે એ જરૂરી નથી કે ઈસ્લામી પહેરવેશ તથા રીતભાતને ત્યજી દેવામાં આવે બલ્કે કોઈપણ મેદાનમાં સફળતા માટે મહેનત અને લાયકાત જરૂરી છે. ઈલ્મો તથા કલાવિદ્યા, સાયન્સ, ટેક્નોલોઝી અને રાજકરણ તથા કોઈપણ મેદાનમાં ઈન્સાન પોતાની કાર્યકુશળતા અને મહેનતના આધારે સિદ્ધિ અને ખ્યાતિ મેળવી લે તો પછી તેની અંગત રહેણીકરણી તેની સફળતામાં અડચણ નથી બની શકતી. કારણ કે પ્રગતિનો અર્થ છે જીવનના કોઈપણ મેદાનમાં એવી સફળતા મેળવવામાં આવે જેનાથી ઈન્સાનિયતનું ભલુ થાય અને આવી સફળ તાનો દારોમદાર માત્ર મનુષ્યની પોતાની મહેનત અને યોગ્યતા પર છે.

એવું કહેવું કે દાઢી અને ટોપી પ્રગતિના માર્ગમાં રૂકાવટ છે આ એક (**Apologetic Approach**) લાચારીમય ખયાલ છે જેને આપણે પોતાની અયોગ્યતા અને કમજોરીને છુપાવવા માટે આડ બનાવીએ છીએ, આજના સ્પર્ધામય યુગમાં જાતી મહેનત અને યોગ્યતાનું ઘણુ મહત્વ છે. જ્યારે આપણે બીજા લોકોથી પાછળ રહી જઈએ છીએ તો પોતાની કમજોરી સ્વીકારવાને બદલે આપણે ઈસ્લામી પહેરવેશ અને દાઢી ટોપીનો વાંક કાઢીએ જે સદંતર ગલત છે.

હા ! દાઢી અને ટોપી તથા ઈસ્લામી વસ્ત્રો એ પ્રગતિમાં જરૂર રૂકાવટ બને છે જે પ્રગતિ અય્યાશી, ભોગ વિલાસ, શરાબ અને શબાબ તથા નાચગાનની પાર્ટીઓમાં જોવા મળે છે, એક સાચા મુસલમાનને તેની

ઈસ્લામી ઓળખ આવા ગુનાહો તથા તોહમતની જગ્યાઓ પર જવાથી જરૂર રોકશે અને તેને જરૂર ખચકાટ થશે ! પણ એ પ્રગતિ નથી પણ અધોગતિ છે, ઉન્નતિ નથી પણ પડતી છે.

શરૂઆતના દૌરમાં મુસલમાનોના અમલ અને કિરદારની પવિત્રતા લોકોના દિલોને ઈસ્લામ તરફ આકર્ષિત કરવામાં મહત્વનો રોલ અદા કરતી હતી, મુસલમાનોની જાહેરી શકલો સૂરત (દેખાવ) અને પહેરવેશમાં લોકોને ઈસ્લામી તા'લીમાતનું પ્રતિબિંબ દેખાતુ. એક સાચા બાઅમલ મુસલમાનના રૂપમાં લોકો ''ચાલતો ફરતો ઈસ્લામ'' જોતા, એ જ કારણે અવલિયાએ કિરામ અને બુઝુર્ગાને દીને દુનિયાના છેડાઓ સુધી ઈસ્લામ અને ઈસ્લામી તા'લીમાત પહોંચાડી. આજે પણ મોટી સંખ્યામાં ગૈર મુસ્લિમો પણ તેમની મહાનતાનાં ગીતો ગાય છે અને તેમની મહાનતાને સ્વીકારે છે તો શાના કારણે ? એમની લોકપ્રિયતામાં તેમની ઈસ્લામી રહેણી કરણી કેમ રૂકાવટ ન બની ?!

આજે સ્કૂલો, કોલેજો તથા સરકારી અને પ્રાઈવેટ ઓફિસો, કંપનીઓમાં મુસલમાનો સાથે જે અને પૂર્વગ્રહ કરવામાં આવે છે તો શું એનું કારણ ઈસ્લામી પહેરવેશ અને દાઢી, ટોપી છે ?! તો ખરેખર આમ નથી, હક઼ીક઼ત એ છે કે આજે મુસલમાનો વિરુદ્ધ પોલિટિક્લ તથા આર્થિક લાભ ખાટવાના માટે એક આયોજનપૂર્વકની સાઝિશ રચવામાં આવી રહી છે, અને આવું એ ડરના કારણે કરવામાં આવી રહ્યું છે કે ફરી મુસલમાનો એક સંયુક્ત તાક઼ાત બનીને ન ઉભરી આવે, માટે તેઓ બે ક્ષેત્રે પ્રયત્નશીલ છે, એક તો એ કે તેઓ મુસલમાનો પ્રતિ લોકોને એ રીતે ભ્રમિત કરે છે કે મુસ્લિમો વિશ્વશાંતિ માટે ખતરો છે અને મિડિયામાં એવા લોકોને મુસલમાનોના પ્રતિનિધિ તરીકે રજૂ કરે છે જેમની વેશભુષા મુસલમાનો જેવી હોય છે, અને તેમનો હેતુ મુસલમાનોની નહીં પણ ઈસ્લામની ગલત છબી પેશ કરવાનો હોય છે. બીજુ એ કે મુસલમાનો સાથે પૂર્વગ્રહ રાખીને અતડો વર્તાવ કરીને મુસલમાનોને ઈસ્લામી રહેણીકરણીથી દૂર કરવાની કોશિશ કરે છે. કારણ કે તેમને ભય છે કે જો પૂરી દુનિયાના મુસલમાનો ઈસ્લામી રહેણીકરણી અપનાવી લેશે તો પછી તેમનામાં એકતાના રસ્તા પણ નીકળી શકે છે. મુસલમાનો પાસે માધ્યમો તથા માણસોની શક્તિની ભરમાર છે (વસ્તી ઘણી છે) કેવળ એક મજબૂત તથા સંગઠિત નેતાગીરીની કમી છે, જેથી એક્તાના થકી તેઓ છવાઈ જઈને સત્તા પણ મેળવી શકે છે. એ જ કારણે દરેક ક્ષેત્રે મુસલમાનોને પૂર્વગ્રહનો સામનો કરવો પડે છે, એમાં કેવળ ટોપી કે દાઢી જ ખાસ નથી બલ્કે નામ તથા પેઢીનામુ તથા જાતિપણુ તેમજ દેશના આધાર પર પણ પૂર્વગ્રહ રાખવામાં આવે છે. તો શું પૂર્વગ્રહથી બચવા માટે નામ તથા વંશ પણ બદલી નાખવામાં આવે ?! જો નહીં ! તો કેવળ દાઢી તથા ટોપીને આક્ષેપનું નિશાન શા માટે બનાવવામાં આવે છે ? બીજી બાજુ કેટલાક બદ્‌માશ તત્વો અંગત સ્વાર્થ ખાતર પવિત્રતા તથા પરહેઝગારીનો વેશ અપનાવીને દુનિયા સામે આવવા લાગ્યા છે, એ નામ માત્રના મુસલમાન ઈસ્લામી ક઼ૌમ (મિલ્લત)ની નેતાગીરીનો જૂઠો દાવો કરે છે અને કામ આતંકવાદ ફેલાવવાનું કરે છે. આ રીતે એ લોકો પોતાના મક઼સદની પ્રાપ્તિના માટે ઈસ્લામ, ઈસ્લામી પહેરવેશ, રીતભાત તથા મુસલમાનોનો નાજાઈઝ ઉપયોગ કરે છે અને તેમને બદ્‌નામ તથા બેઈજ્જત કરે છે.

જેથી મુસલમાનો માટે જરૂરી છે કે એઓ બંને બાજુના (અંદરના બહારના) વિરોધીઓને સમજે. મુસલમાનોના બારામાં જે ગલતફહમીઓ (પ્રોપેગન્ડાઓ) ફેલાવવામાં આવી રહેલ છે એને દૂર કરવાની કોશિશ કરે, ઈસ્લામી રહન સહન તથા ઈસ્લામી લિબાસ તથા નિશાનીઓની સાથે પોતાની રોજીંદી જિંદગી ગુજારે અને દુનિયાને બતાવે કે ઈસ્લામી તા'લીમાત પર અમલ કોઈ બુરી વાત નથી. આજે પણ દુનિયામાં કેટલીક ક઼ૌમો એવી છે જેઓ પોતાની ધાર્મિક નિશાનીઓ તથા દેખાવની સાથે જિંદગી ગુજારી રહી છે અને તેઓ પ્રગતિના પંથે આગેકૂચ પણ કરી રહ્યા છે. એ જ રીતે મુસલમાન પણ પ્રગતિની મંઝિલ સુધી ઈસ્લામી નિશાનીઓ સાથે પહોંચી શકે છે, પણ એના માટે મહેનત તથા અથાગ કોશિશો કરવી પડશે, લાયકાત તથા પાત્રતા પેદા કરવી પડશે, પછી આપણે એવી ફરિયાદ નહીં કરીએ કે અમારી સાથે પૂર્વગ્રહ વર્તવામાં આવે છે, કેમ કે લાયકાત તથા પાત્રતાની દરેક ઠેકાણે જરૂરત છે. *(જામે નૂર–દિલ્હી, માર્ચ–૨૦૦૫)*

# દેવબંદીઓના પેશવાઓ શાથી કાફિર ઠર્યા ?!

રજૂકર્તા : **મૌલાના ઈસ્માઈલ અમજદી રોઝાટંકારવી**

દારુલ ઉલૂમ કંથારીયા તા. જિ. ભરૂચથી દર મહિને નીકળતા "દારુલ ઉલૂમ" નામના માસિક (જૂન–૨૦૧૦, પેજ નં. ૨૭)માં એહલે સુન્નત વ જમાઅતના બુઝુર્ગો જેમ કે ઈમામ અહમદ રઝા, હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી, અલ્લામા હશ્મત અલી પીલીભીતી, હઝરત અલ્લામા મહમૂદ કિછોછવી, હઝરત અલ્લામા મદની મિયાં કિછોછવી અને બધા જ સુન્ની આલિમો વિશે વિના આધારે ગુમરાહ કરવાવાળા, શિર્ક ફેલાવવાવાળા અને મઆઝલ્લાહ ! હમેશાં માટે દોઝખમાં રહેવાવાળા લખ્યું છે. અમો આ દુષ્કૃત્યને સખત શબ્દોમાં વખોડીએ છીએ અને શિર્કની હક઼ીક઼ત કુર્આન હદીષથી રજૂ કરી સત્ય જાહેર કરીએ છીએ. પણ સુન્ની લોકોએ હજીય વિચારવા લાયક છે કે જે તમારા બુઝુર્ગોને હમેશાં માટે દોઝખમાં રહેવાવાળા વિના દલીલે અલલ એલાન લખે છે તેમની સાથે પુત્ર–પુત્રી લેવડ–દેવડના વહેવારની સગાઈ સંબંધ રાખવો, દોસ્તી રાખવી, ઉઠક બેઠક રાખવી ક્યાં સુધી વ્યાજબી છે તે જાતે જ વિચારો !

**શિર્ક વિશે સાચી સમજ** : અલ્લાહ جل جلاله ફર્માવે છે : "અલ્લાહ નહીં માફ કરે એને જે ભાગીદાર (શરીક) કરે એની (અલ્લાહ) સાથે. અને માફ કરી દેશે એ સિવાય જેને ચાહે." *(સૂ. નિસાઅ, આયત–૧૧૬)* સારાંશ કે શિર્ક અતિ મહાન જુર્મ છે જેનાથી તૌબા કર્યા વિના મરનારની મગફિરત નથી.

**શિર્ક કોને કહે છે ?!** : તફસીરે ખાઝિનમાં છે કે, "અલ્લાહની સાથે ભાગીદાર કરવાનો મતલબ એ છે કે એની (અલ્લાહ) સાથે એના સિવાયને (શરીક) ભાગીદાર માનવામાં આવે."

**શિર્કના પ્રકારો** : શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી અશિઅતુલ લમ્આત શરહે મિશ્કાતમાં ફર્માવે છે કે શિર્કના ત્રણ પ્રકારો છે : (૧) અલ્લાહ عزوجل સિવાય બીજા કોઈને વાજિબુલ વુજૂદ માનવામાં આવે. એટલે પોતાની જાત અને ખૂબીઓમાં અલ્લાહથી બેનિયાઝ (બેપરવા) માનવામાં આવે. (૨) એના સિવાય બીજા કોઈને (ખાલિક઼) હક઼ીક઼તમાં પૈદા કરવાવાળો માનવામાં આવે. (૩) ઈબાદત એટલે અલ્લાહ عزوجلના સિવાય બીજા કોઈની પૂજા (ઈબાદત) કરવામાં આવે અથવા તો પૂજા (ઈબાદત) કરવાના લાયક સમજવામાં આવે.

**મુશ્રિક કોણ ?** : ખુલાસો એ કે જે પણ અલ્લાહ جل جلالهની જાત અથવા સિફાત (ખૂબીઓ)માં બીજાને ભાગીદાર બનાવે એ "મુશ્રિક" છે. જે રીતે મૂર્તિઓની પૂજા કરવાવાળા એની પૂજા કરે છે અથવા પૂજાના લાયક સમજે છે, એ મુશ્રિક છે. પરંતુ જે લોકો અલ્લાહ عزوجلએ આપેલ ખૂબીઓ અલ્લાહ جل جلالهએ જ આપેલ માને છે તો એ મુશ્રિક નથી. દા.ત. કોઈ ઈન્સાનને સાંભળવા અને જોવાવાળો કહે, એ અક઼ીદા સાથે કે અલ્લાહ عزوجلએ એને સાંભળવા અને જોવાની તાક઼ત આપેલ છે, તો એ મુસલમાન છે મુશ્રિક નથી. મુશ્રિક તો ત્યારે ગણવામાં આવતો જ્યારે એ અક઼ીદો રાખતો કે ઈન્સાનની સાંભળવા અને જોવાની તાક઼ત અલ્લાહ جل جلالهએ આપેલ નથી, અને એમાં એ અલ્લાહ عزوجلનો મોહતાજ નથી.

જેમ કે કુર્આનમાં છે : **فَجَعَلْنٰهُ سَمِيْعًا بَصِيْرًا** "અમે ઈન્સાનને સાંભળવાવાળો જોવાવાળો બનાવ્યો." જ્યારે કુર્આનમાં સાંભળવું અને જોવું એ અલ્લાહની સિફત (ખૂબી) ગણવામાં આવી છે, તો પણ ઈન્સાનને સાંભળવા અને જોવાવાળો કહેવામાં આવ્યો છતાં આ શિર્ક ન થયું, એટલા માટે કે ઈન્સાન માટે સાંભળવું અને જોવું જે સાબિત કરવામાં આવ્યું છે એ અલ્લાહ جل جلالهએ આપેલ તાક઼તથી છે, અને એમાં એ અલ્લાહ

ﷻનો મોહતાજ છે જેથી આ શિર્ક નથી. અને અલ્લાહ ﷻની સાંભળવા અને જોવાની તાકત એ કોઈએ આપેલ નથી બલ્કે તેની ઝાતી છે તથા એ પોતાની જાત અને સિફાતમાં (ખૂબીઓમાં) કોઈનો મોહતાજ નથી. આ તફાવત યાદ રાખવામાં આવે.

એહલે સુન્નત વ જમાઅતનો અકીદો એ છે કે અલ્લાહ ﷻ સિવાય જો કોઈના માટે થોડો પણ ઈલ્મ કે કોઈપણ જાતની ખૂબી એ રીતે માનવામાં આવે કે આ ઈલ્મ અથવા ખૂબી અલ્લાહ ﷻએ આપેલ નથી, એની જાતી છે, તો એ મુશ્રિક છે. જો આ તફાવત ન માનવામાં આવે તો પછી દરેક માણસ દરેક વાતમાં મુશ્રિક થઈ જાય. જો તે કહે કે હું જોવું છું, તો મુશ્રિક! સાંભળું છું, તો મુશ્રિક ! જીવંત છું, તો મુશ્રિક ! ખાવાએ તાકત આપી, પાણીએ પ્યાસ બુઝાવી, દવાથી બીમારી દૂર થઈ, ઠંડીએ નુકસાન કર્યું...... આ બધી જ વાતો શિર્ક થઈ જશે ! અને ઈમાન સલામત રહેવાનો કોઈ રસ્તો જ ન રહેશે. પરંતુ શિર્ક ત્યારે જ થશે જ્યારે આ બધી વાતોમાં એવું માનવામાં આવે કે એ અલ્લાહ ﷻએ આપેલ નથી. અને જો અકીદો એ ધરાવે છે કે દરેક વસ્તુ અલ્લાહ ﷻએ આપેલ છે, અને દરેક ઈન્સાન દરેક વાતમાં અલ્લાહનો જ મોહતાજ છે, તો આ શિર્ક નથી. દા.ત. અકીદો એ રાખે છે કે હું જોવું છું પરંતુ જોવામાં અલ્લાહ ﷻના કરમનો મોહતાજ છું, એ જોવાની તાકત ન આપે તો હું જોઈ નથી શક્તો, તો બેશક ! એ મુસલમાન છે મુશ્રિક નથી. એને મુશ્રિક લખવાવાળો જાહિલ છે. એટલા માટે કે એને મુશ્રિક કહેવાનો મતલબ એ થયો કે જોવાની શક્તિ અલ્લાહ ﷻના આપવાથી માનવું પણ શિર્ક છે ! આ તદ્દન ખોટુ અને ગુમરાહી છે. એટલા માટે કે અલ્લાહની કોઈ ખૂબી (સિફત) બીજાથી પ્રાપ્ત કરેલ નથી, દરેક ખૂબી એની પોતાની છે. તો સાફ થઈ ગયું કે અતાઈ (આપેલ) ખૂબી કોઈના માટે માનવી શિર્ક નથી. પરંતુ આ દેવબંદીની જમાઅત હજુ સુધી અલ્લાહની જાત તથા સિફાતથી જાહિલ છે. (અજાણ છે) એમને એટલી પણ જાણકારી નથી કે અલ્લાહ ﷻની દરેક ખૂબીઓ બીજાથી પ્રાપ્ત કરેલી નથી, એ જાત તથા સિફતોમાં કોઈનો મોહતાજ નથી. અને કોઈના માટે અલ્લાહ ﷻએ આપેલ કમાલ માનવાથી શિર્ક સાબિત નહીં થાય.

**★ જો અલ્લાહની અતાથી માનવામાં પણ શિર્ક છે તો આનો જવાબ આપો ! ★**

કુર્આનમાં ઈસા عليه السلامની વાત આ રીતે લખવામાં આવી છે : (તર્જુમો) : "હું તમારી પાસે એક નિશાની લાવ્યો છું તમારા ખુદા તરફથી કે હું તમારા માટે માટીથી પક્ષીની મૂરત બનાવું છું પછી એમાં ફૂંક મારું છું તો એ તુરંત પક્ષી બની જાય છે અલ્લાહ ﷻના હુકમથી. અને હું શિફા આપુ છું પૈદાઈશી અંધ અને સફેદ ડાઘવાળાને, અને મૃત્યુ પામેલાને જીવંત કરું છું અલ્લાહ ﷻના હુકમથી." *(હવાલો : પારા–૩, સૂરએ આલિ ઈમરાન, આયત–૧)*

આ આયતમાં હઝરત ઈસા عليه السلامએ પેદા કરવા, આંધળા અને સફેદ ડાઘવાળાને સારા કરવાની, મૃત્યુ પામેલાને જીવંત કરવાની નિસ્બત પોતાની તરફ ફર્માવી. સાફ વાત છે કે પૈદા કરવાની, જીવંત કરવાની, સારું કરવાની, તંદુરસ્ત કરવાની નિસ્બત, જો અલ્લાહ ﷻ સિવાય બીજા માટે એ અકીદો રાખી કરવામાં આવે કે આ અલ્લાહ ﷻએ આપેલ ખૂબીઓ છે, તો આ શિર્ક નથી.

ખુલાસો એ કે અલ્લાહ ﷻ સિવાય જેની પણ પાસે જે કાંઈપણ છે. અલ્લાહ ﷻથી પ્રાપ્ત કરેલ છે, અને તે અલ્લાહ ﷻનો મોહતાજ છે, જ્યારે કે અલ્લાહ عليه السلامની જાત તથા સિફાત (ખૂબીઓ) કોઈએ આપેલ નથી અને અલ્લાહ ﷻકોઈનો મોહતાજ નથી.

દેવબંદીઓ અલ્લાહની અતાથી પણ ઈલ્મ વગેરે માનવું શિર્ક કહે છે, જેમ કે તકવિયતુલ ઈમાનમાં છે, પણ આ આયતથી સાબિત થયું કે અલ્લાહની આપેલ તાકતથી નબી બીમારોને તંદુરસ્ત પણ કરે છે, મૃત્યુ પામેલાને જીવંત પણ કરે છે. હે દેવબંદી જમાઅતના મુલ્લાઓ ! જો આ જ કુર્આની અકીદો

એહલે સુન્નત ધરાવે છે તો પછી અમારા આલિમોને શિર્ક ફેલાવનારા કહેવાનો આધાર શું છે ?!

## ★ શું વસીલો લેવાથી આદમી મુશ્રિક થઈ જાય છે ? ★

આ મસ્અલો તદ્દન સાફ છે, જેમાં કોઈ શંકાને સ્થાન નથી. નબી અને બુઝુર્ગોને વસીલો બનાવી પોતાની જરૂરત માટે અલ્લાહની બારગાહમાં વિનંતિ કરવી અને એમના વસીલાથી મુસીબતો દૂર થવા માટે દુઆ કરવી એનાથી કોઈ પણ રીતે શિર્ક સાબિત નથી થતું. અને એને આધાર બનાવી વિના કારણે મુસલમાનોને મુશ્રિક કહેવું બરાબર નથી.

જુઓ કુર્આનમાં અલ્લાહ ﷻ ફર્માવે છે :–

**وَكَانُوْا مِنْ قَبْلُ يَسْتَفْتِحُوْنَ عَلَى الَّذِيْنَ كَفَرُوْا** ''અને આનાથી પહેલાં તેઓ આ જ નબીના વસીલાથી કાફિરો પર જીત માંગતા હતા.'' *(સૂ. બક઼રહ્, આ. ૮૯)*

હુઝૂર ﷺના તશરીફ લાવતા પહેલાં યહૂદી હુઝૂર ﷺના નામને વસીલો બનાવી કાફિર પર કામયાબી માટે દુઆ કરતા હતા અને હુઝૂર ﷺના નામની બરકતથી અલ્લાહ ﷻ એમને કામયાબી આપતો.

તફસીરે ખાઝિનમાં છે : ''એટલે યહૂદી હુઝૂર ﷺના તશરીફ લાવતા પહેલાં આપની બરકત અને વસીલાથી કાફિરો એટલે અરબના મુશ્રિકો પર કામયાબી માંગતા હતા. જ્યારે એમને કોઈ મુસીબત આવતી અથવા ફોજ હુમલો કરતી તો દુઆ કરતા, હે અલ્લાહ ! ﷻ અમારી મદદ કર ! એ નબીના સદક઼ામાં જે બધાથી છેલ્લે તશરીફ લાવવાના છે, જેમની ખૂબીઓ તૌરાતમાં જોયેલ છે.'' *(હવાલો : તફસીરે ખાઝિન, ભાગ–૧, પેજ–૬૫)*

આ દુઆ માંગતા હતા અને કામયાબ થતા હતા. અને શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه તફસીરે ફતહુલ અઝીઝમાં ફર્માવે છે : ''યહૂદી કુર્આનના નાઝિલ થતા પહેલાં હુઝૂર ﷺની નબુવ્વત અને સર્વે નબીઓથી આપ અફઝલ છે તે સ્વીકારતા હતા, એટલા માટે જંગ અને પરાજયથી બચવા ડરના સમયે અલ્લાહ ﷻની બારગાહમાં હુઝૂર ﷺના નામની સાથે મદદ માંગતા હતા અને સ્વીકારતા હતા કે આપના નામમાં એટલી બરકત છે કે એને વસીલો બનાવવાથી કામયાબી પ્રાપ્ત થાય છે.''

આ છે કુર્આનનું બયાન ! તથા નબીઓને પોકારવાની બરકતથી પરેશાની પૂરી થવાની સાબિતી, જેની દેવબંદી જમાઅત શિર્કમાં ગણના કરી કુર્આનના ફર્માન પ્રમાણે અક઼ીદો ધરાવનાર બુઝુર્ગોને મુશ્રિકનું બિરુદ આપે છે ! શું દેવબંદી જમાઅતને કુર્આન વિરુદ્ધ ફત્વો આપવાથી શરમ નથી આવતી ? અમો કંથારીયા દારુલ ઉલૂમના ઈસ્માઈલ મનુબરીને સવાલ કરીએ છીએ કે શું એ સાહિબે તફસીરે ખાઝિન અને અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીને પણ મુશ્રિકોમાં ગણશે ?

જામેઅ તિર્મિઝીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે :–

''હુઝૂર ﷺ મદીના શરીફની ક઼બ્રો પાસેથી પસાર થયા તો પોતાના ચેહરા મુબારકને ક઼બ્રવાળા તરફ કર્યો અને ફર્માવ્યું, **અસ્સલામુ અલય્કુમ યા અહ્લલ ક઼ુબૂર** ! ''તમારા પર સલામ હે ક઼બ્રવાળાઓ ! અલ્લાહ ﷻ અમને અને તમને બખ્શે, તમે અમારાથી પહેલાં ગયેલા છો અને અમો તમારાથી પાછળ આવવાવાળા છીએ.'' *(તિર્મિઝી શરીફ, ભાગ–૧, પેજ–૧૨૫)*

જુઓ ! આ હદીષમાં હુઝૂર ક઼બ્રવાળાઓને **''યા''**થી પુકારે છે. વહાબી ક્યાં સુધી હદીષને નકારતા રહેશે અને કુર્આન તથા હદીષ પ્રમાણે અક઼ીદો ધરાવનારની વિના દલીલે શિર્ક ફેલાવવાળામાં ગણના કરતા રહેશે ?! હુઝૂર ﷺ ક઼બ્રવાળાઓને લફ્ઝે **''યા''**થી પુકાર્યું, તો મઆઝલ્લાહ ! હુઝૂર ﷺના વિશે શું અક઼ીદો ધરાવે છે તે પણ જણાવો ?

ઈમામુલ મુહદ્દિષીન અલ્લામા જલાલુદ્દીન સ્યૂતિ رحمة الله عليه શરહુસ્સૂદૂરમાં બયહક઼ીની રિવાયતથી ફાતેમા ખઝાઈયાથી નક઼લ કરે છે : ''અમો હઝરત અમીર

હમ્ઝાના મઝાર પર રોકાયા અને અર્ઝ કરી, **યા અમ્મ રસૂલલ્લાહ** ! "આપ પર સલામ હે હુઝૂર ﷺના ચચાજાન !" તો અમે જવાબમાં **વ અલયકુમુસ્સલામ વ રહ્‌મતુલ્લાહ** ! સાંભળ્યું અને અમારી પાસે કોઈ આદમી ન હતો. એટલે કે કબ્ર શરીફથી જવાબ મળ્યો. આ રિવાયતોથી સાબિતી મળી કે **"યા"** સાથે પુકારવું જાઈઝ છે. હજુ પણ ઘણી દલીલો છે પરંતુ આટલા પર જ બસ કરીએ છીએ.

### ★ શું અલ્લાહ ﷻએ ઈલ્મે ગૈબ આપેલ માનવું શિર્ક છે ? ★

"અલ્લાહ ﷻની શાન એ નથી કે તમને ગૈબનું ઈલ્મ આપી દે. હા ! અલ્લાહ ﷻ ચૂંટી લે છે પોતાના રસૂલોમાંથી જેને ઈચ્છે." *(સૂ. આલિ ઈમરાન, આ. ૧૭૯)*

### ★ હઝરત ઈસા عليه السلامનો ઈલ્મે ગૈબ ★

"તમે જે કંઈ ખાવો છો અને તમારા ઘરોમાં ભેગુ કરો છો એ હું તમને બતાવી આપુ છું જો તમે ઈમાનવાળા છો તો એમાં તમારા માટે નિશાની છે." *(સૂરએ આલિ ઈમરાન, પારા–૩)*

**હદીષે પાકમાં છે** : હઝરત અબ્દુર્રહમાન આઈશથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, મેં મારા અલ્લાહ ﷻને સારા જલ્વામાં જોયો. ફર્માવ્યું અલ્લાહ તઆલાએ, ફરિશ્તા કઈ બાબતે ઝઘડો કરે છે ? મેં અર્ઝ કરી, તું જ વધુ જાણે છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારા અલ્લાહ ﷻએ પોતાનો દસ્તે કુદરત મારા સીના વચ્ચે રાખ્યો તો મેં ફયૂઝ પ્રાપ્ત થવાની ઠંડક મારી છાતી વચ્ચે મેહસૂસ કરી તો જાણી લીધું જે કાંઈ આસ્માન અને જમીનના વચ્ચે છે. *(મિશ્કાત–૬૯)*

હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી અશિઅતુલ લમ્આતમાં ફર્માવે છે : "હદીષથી સાબિત છે કે હુઝૂર ﷺને સર્વે થોડા અને પૂરા ઈલ્મની જાણકારી પ્રાપ્ત થઈ ગઈ અને આપે એનો ઘેરાવ કરી લીધો."

વળી કુર્આને પાકમાં ખૂદ રબ તઆલા ફર્માવે છે : "અને આ નબી ગયબ બતાવવામાં બખીલ નથી." *(સૂ. તકવીર, આ. ૨૪)* તફસીરે ખાઝિનમાં પણ એનો ખુલાસો છે, જેના પરથી વલીઓનો ઈલ્મે ગયબ પણ સાબિત થાય છે.

સાબિત થયું કે નબી તથા વલી માટે ઈલ્મે ગૈબ માનવું શિર્ક નથી પણ એ મુસલમાન હોવાની દલીલ છે. શિર્ક તો ત્યારે થાય જયારે કે આપણે સુન્ની તેઓના માટે ઝાતી ઈલ્મે ગૈબ માનીએ, પરંતુ અમે તો ફક્ત ઈલ્મે ગૈબ જ નહીં, પરંતુ અમારો અકીદો તો એ છે કે અલ્લાહ સિવાય જેના પાસે જે કાંઈ પણ છે તે અલ્લાહ ﷻએ આપેલ છે. તો જે આયતોમાં અથવા હદીષમાં બીજાના માટે ઈલ્મે ગૈબને નકારવામાં આવ્યો છે તે જાતી ઈલ્મનો ઈન્કાર કરવામાં આવ્યો છે અને જ્યાં નબી વલી માટે ઈલ્મે ગૈબ સાબિત કરવામાં આવ્યો છે ત્યાં અલ્લાહ ﷻથી અતા (અર્પણ) થયેલ ઈલ્મ મુરાદ છે. આ તફાવત હોવા છતાં પણ ફોગટ વિના આધારે આક્ષેપબાજી કરી એહલે સુન્નતના ઈમામ તથા અન્ય બુઝુર્ગોને મુશ્રિક કહેવાનું કામ તો કોઈ બેઈમાન, બેશરમ નજદીની હરામની ઔલાદ જ કરી શકે છે. હે દેવબંદીની જમાઅત ! જો અમોને મુશ્રિક કહેવાનો કોઈ આધાર હોય તો દલીલ સાથે રજૂ કરો. અને અમોને યકીન છે કે તમે રજૂ નહીં કરી શકો, જે રીતે કે તમારા કાફિર પેશ્વાઓ ફક્ત દાવો જ કરતા રહ્યા છે, અને આ તો તમારા બેશરમોની આદત છે કે દાવો કરવામાં તો આકાશની ઊંચાઈએ પહોંચી જાવ છો અને દલીલ આપવામાં પાતાળમાં જતા રહો છો ! અમો બેશક ! દેવબંદી પેશવાઓને કાફિર કહીએ છીએ અને ન ફક્ત કાફિર બલ્કે **જે એમના કુફ્રી અકીદા જાણીને પણ એમના કુફ્રમાં કે અઝાબમાં શંકા કરે તેને પણ કાફિર માનીએ છીએ,** પરંતુ વિના આધારે નહીં ! બલ્કે તેઓના અલ્લાહ વ રસૂલની શાનમાં ગુસ્તાખી કરતા ગંદા અકીદાના આધારે જેના કારણે તે સમયના હરમૈન શરીફૈન (મક્કા–મદીના) તથા અન્ય ઈસ્લામી દેશોના ઉલમાએ તેમને કુફ્રના ફત્વા આપ્યા. *(જુઓ : હુસ્સામુલ હરમૈન તથા અસ્સવારિમુલ હિંદિયા)*

(૧) **અશરફઅલી થાનવી દેવબંદીનું કુફ્ર :** લખે છે કે, "પછી એ કે આપની મુક્દસ જાત પર ઈલ્મે ગૈબનો હુકમ કરવો જો ઝૈદના કહેવા પ્રમાણે સત્ય હોય તો પૂછવાની વાત એ છે કે એ ગૈબનો મતલબ અમુક ગૈબ છે કે બધું જ ગૈબ જો ગૈબનો અમુક ઈલ્મ મુરાદ છે તો એમાં હુઝૂર ﷺની શું વિશિષ્ટતા ! **એવો ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમ્ર બલ્કે દરેક બાળક અને પાગલ બલ્કે બધા જ પ્રાણીઓ અને પશુઓને પ્રાપ્ત છે."** *(હિફ્ઝુલ ઈમાન)*

હે દેવબંદીઓ ! આ છે અશરફ અલી થાનવીનું કુફ્ર ! એટલા માટે એમને અમો કાફિર માનીએ છીએ. હુઝૂર ﷺના ઈલ્મને બાળકો, પાગલો, જાનવરો જેવો દર્શાવીને થાનવી કુફ્રની ગર્તામાં પડી વિના તૌબાએ હમેશાંની જહન્નમમાં ગબડી ગયા !

(૨) **ખલીલ અંબેઠવી અને રશીદ અહમદ ગંગોહીનું કુફ્ર :** લખે છે કે, "વિચારવું જોઈએ કે શૈતાન અને મલકુલ મૌતની હાલત જોઈને ઘેરી વળેલ જમીનનું ઈલ્મ, ફખ્રે દો આલમ ﷺ માટે કતઈ નસૂસ (કુર્આની દલીલો) વિરુદ્ધ વિના દલીલ માત્ર ખોટા કિયાસથી સાબિત કરવું શિર્ક નથી તો ઈમાનનો ક્યો ભાગ છે ? શૈતાન અને મલકુલ મૌતની આ વિશાળતા નસ્સથી (કુર્આનથી) સાબિત થઈ. ફખ્રે દો આલમ ﷺની ઈલ્મી વિશાળતા માટે કઈ નસ્સે કતઈ છે કે જેનાથી બધી જ નસ્સોને નકારી એક શિર્ક સાબિત કરે છે." *(બરાહીને કાતિઅહ્)*

**જરૂરી નોંધ :** આમ તો દેવબંદી કહે છે કે અલ્લાહ સિવાય કોઈના માટે ઈલ્મે ગૈબ માનવો શિર્ક છે, તો પછી શું એ પોતે શૈતાન માટે ઈલ્મે ગયબ સાબિત કરીને શું કહેવા માંગે છે ? ક્યાં તો એ શૈતાનને ખુદા માને છે ! અને જો નથી માનતા તો શૈતાન માટે ઈલ્મે ગયબ માની એ જાતે મુશ્રિક થયા. **સાચી વાત એ છે કે જેનો રિશ્તો જેના સાથે હોય એના માટે ઈલ્મ સાબિત કરે !** અમારો રિશ્તો રસૂલ ﷺ સાથે છે તો અમે રસૂલ ﷺ માટે ઈલ્મ કુર્આનથી જ સાબિત કરીએ છીએ, અને દેવબંદી બદનસીબોનો રિશ્તો શૈતાન સાથે છે માટે તેઓ શૈતાન માટે ઈલ્મ સાબિત કરે છે.

(૩) **દેવબંદી પેશવા કાસિમ નાનોત્વીનું કુફ્ર :** લખે છે, "પહેલાં આખરી નબી હોવાના અર્થની જાણકારી પ્રાપ્ત કરવી જોઈએ એટલા માટે કે જવાબ સમજવામાં પરેશાની ન થાય. જો કે અવામના ખયાલમાં તો હુઝૂર ﷺનું આખરી નબી હોવું એ અર્થમાં છે કે આપનો જમાનો પેહલાંના નબીઓના જમાના પછી અને આપ બધાથી છેલ્લા નબી છે. પરંતુ સમજદાર લોકો પર જાહેર છે કે પહેલા અને છેલ્લા જમાનામાં બિઝ્ઝાત કોઈ ફઝીલત નથી, તો પછી મકામે મદહ (તારીફની જગાએ) "વલાકિર રસૂલલ્લાહ વ ખાતમુન્નબિય્યીન"ફર્માવવું આ સૂરતમાં કેવી રીતે બરાબર હોય શકે છે ?!" *(તહઝીરુન્નાસ)*

આ લખાણમાં કાસિમ નાનોત્વી પોતે હુઝૂર ﷺના આખરી નબી હોવાનું નકારીને કાફિર બન્યા.

હે સુન્ની ભાઈઓ ! અમારું દેવબંદીઓને કાફિર કહેવું એમના ગંદા લખાણોના આધારે છે જ્યારે કે એ આપણા બુઝુર્ગોને વિના દલીલે મુશ્રિક કહે છે. શું હજુ પણ નહીં જાગો ! અને આ ગુમરાહ કરનાર કાફિરોથી રિશ્તેદારી જાળવી રાખશો ! જો હુઝૂર ﷺથી અને બુઝુર્ગોથી સાચી મહોબ્બત હોય તો આ લોકોથી રિશ્તેદારી ખતમ કરો ! બયાનોમાં મસ્લકે આ'લા હઝરતનો નારો લગાડવો અને આપણા ઈમામને તથા મશાઈખને શિર્ક ફેલાવવાવાળા લખે એવા લોકો સાથે આપણે સંબંધ રાખીએ એ ક્યાં સુધી બરાબર છે ?! તમે જ ફેંસલો કરો.

વધુ જાણકારી માટે દયાદરાથી કિતાબ મંગાવો "હક્ક તથા નાહક્કની પેહચાન" જેમાં તેમના તથા એહલે સુન્નતના અકીદાની કુર્આન હદીષની રૂએ સરખામણી રજૂ થયેલી છે, જે એક ન્યાયપ્રિય વ્યક્તિને સીધો માર્ગ સૂચવે છે.

# ઈસ્લામ

## સત્ય તથા અહિંસાનો ઝંડાધારી મઝહબ

રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી**

સત્ય (Truth)નો મતલબ છે સાચુ અથવા સચ્ચાઈ, અને અહિંસા (Non-Violence)નો મતલબ છે જુલ્મ અને હિંસાથી બચવું અને હક્ક઼ તથા ન્યાય પર અમલ કરવો. સત્ય અને અહિંસા એકબીજાનાપૂરક છે, જ્યાં સત્ય હશે ત્યાં હક્ક઼ અને ઈન્સાફ, શાંતિ અને નીડરતાની હુકૂમત હશે.

સત્ય તથા અહિંસાના શબ્દોને ભેગા કરી સત્ય તથા અહિંસા (Truth & Non-Violence)ની પરિભાષા બનાવી તેને એક દષ્ટિકોણ બનાવી રજૂ કરવામાં આવ્યો, આ દષ્ટિકોણ મોહનદાસ કરમચંદ ગાંધી સાહબથી સંબંધિત છે અને વીસમી સદીમાં તેમને ભારતમાં આ દષ્ટિકોણના ઝંડાધારી માનવામાં આવે છે. પરંતુ હક઼ીક઼ત એ છે કે આ દષ્ટિકોણ કાંઈ નવો નથી, બલ્કે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓની હિદાયત અને તેમને પોતાની ઓળખ અર્પણ કરવા માટે પોતાના જે અંબિયા અને રસૂલો عَلَيْهِمُ السَّلَام મોકલ્યા તે બધાએ સત્ય તથા અહિંસાનો પયગામ આપ્યો, અને એ જ દષ્ટિકોણ ઉપર અમલ કર્યો. જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના પ્રથમ તથા આખરી નબી સૈયદના મુહમ્મદ મુસ્તફા عليه السلام ને જાહેરી તૌર પર ઈન્સાનના રૂપમાં આ દુનિયામાં સર્વ જગત માટે હિદાયત આપનાર બનાવીને મોકલ્યા તો આપે સૌથી મોટુ સત્ય لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ નું એલાન ફર્માવ્યું. હક્ક઼ અને ઈન્સાફ, રહમ તથા દયાનો પયગામ આપ્યો, તેની તબ્લીગ કરી અને તેના ઉપર એવો અમલ કરી દેખાડયો કે સંપૂર્ણ સમાજને હક્ક઼ તથા સચ્ચાઈ, શાંતિ તથા દોસ્તીના સામ્રાજ્યમાં ફેરવી દીધો, હમેશાં હમેશ માટે એક ઉદાહરણ ક઼ાયમ કરી આપ્યું કે ઈસ્લામના જ ક઼ાયદા ક઼ાનૂનો ઉપર અમલ કરી આ જગતને જન્નતનો નમૂનો બનાવી શકાય છે.

બસ હક્ક઼ આ જ છે કે : (૧) આ સત્ય તથા અહિંસાનો દષ્ટિકોણ ઝંડાધારી માત્ર ઈસ્લામ જ છે. (૨) ઈસ્લામ જ વિશ્વશાંતિનો જામિન છે.

એ વાત યાદ રહે કે સચ્ચાઈ માત્ર જૂઠ ન બોલવાનું નામ નથી, બલ્કે ધાર્મિક બાબતોથી લઈને દુનિયવી બાબતોમાં રાજકરણ, હુકૂમત, વ્યવસાય, ધંધા, વાયદાઓ, ફૈંસલાઓ દરેક બાબતમાં સત્ય પર જ અમલ કરવામાં આવે. અને સચ્ચાઈ ઉપર અમલ માટે અનિવાર્ય છે કે કોઈના વિશે એવા સત્યનો ઉલ્લેખ ન કરવું જોઈએ જેનાથી તે વ્યક્તિની તૌહીન (અપમાન) થાય અને તેને દુઃખ પહોંચે, નહીં તો અહિંસા ન રહી, હિંસા બની જશે. એ સચ્ચાઈને જાહેર કરવા માટે કોઈ યોગ્ય તરીક઼ો અપનાવવામાં આવે. સાથે સાથે એ પણ યાદ રહે કે હક્ક઼ વાત અને સચ્ચાઈને જાહેર કરનાર હક્ક઼ને પસંદ કરનાર પણ હોય અને તેના વિશે કોઈ વ્યક્તિ સચ્ચાઈને પ્રગટ કરે છે તો તેને ક઼બૂલ કરવી જોઈએ. અને અહિંસાનો અર્થ એ પણ નથી કે કોઈ એક ગાલ ઉપર તમાચો મારે તો તેનો વાર રોકવાના બદલે વધુ બીજો ગાલ તમાચો ખાવા માટે પેશ કરવામાં આવે ! અથવા જુલ્મ અને અત્યાચારનો નિશાન બની પોતાનો બચાવ ન કરવામાં આવે, બલ્કે વિરોધ દર્શાવવા માટે ધરણા, ભૂખ હડતાલ વગેરે શરૂ કરી દેવામાં આવે. જરૂરી છે કે જો કોઈ જાન માલ, આબરૂ, દીન અને ધર્મ પર આક્રમણ કરે તો તે આક્રમણનો યોગ્ય જવાબ આપવામાં આવે. હા ! શરઈ કારણ વિના કોઈને પણ કોઈ જાતની તકલીફ આપવામાં ન આવે અને ન તેના ઉપર જુલ્મ

અને અત્યાચાર કરવામાં આવે. મજાક ઉડાડવી, ગીબત કરવી, ખામીઓ શોધવી, ઘમંડ, લાલચ, હવસ, જૂગાર, શરાબ, વ્યાજ, જુથબંધી, સંગ્રહખોરી, લાંચખોરી, બેહયાઈ, અય્યાશી, બિભત્સ વાતો...... વગેરે પણ હિંસાના સબબો બને છે. એટલા માટે ઈસ્લામે તેના પર પણ રોક લગાડી આપી છે. (૩) ઈસ્લામ જાતે સાચો છે, તેની કિતાબ સાચી છે, અને તેના પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પણ સાચા છે, અને એવા સાચા કે તેમની જેમ કોઈ ન હતું, ન છે, ન થશે, ન રહેશે.

**★ ઈસ્લામની હક્કાનિયત ★**

ઈસ્લામની સત્યતાની એક મોટી દલીલ એ છે કે તેની કિતાબ કુર્આન મજીદ દોઢ હજાર વરસો વહી ગયાં છતાં પોતાની અસલી સૂરતમાં મૌજૂદ છે અને કયામત સુધી પોતાની અસલી સૂરતમાં મૌજૂદ રહેશે, જ્યારે કે બીજી કિતાબોનાં નામ તથા નિશાન પણ ન રહ્યાં, અને જે કિતાબો છે તે ભેળસેળથી બાકી પણ ન રહી.

બીજી મોટી દલીલ એ છે કે તેના આખરી રસૂલ સૈયદના મુહમ્મદ علیہ السلام ની જિંદગીના દોઢ હજાર વરસો વહી ગયા છતાં આજે પણ આપની જિંદગી એવી રોશન છે જેવી આપના યુગ મુબારકમાં હતી. ઈસ્લામની સત્ય હોવાની એક મોટી દલીલ એ પણ છે કે ગૈર મુસ્લિમ કોઈ લાલચ વિના આજે પણ ઈસ્લામ સ્વીકારે છે, જ્યારે કે વર્તમાનયુગની એ હકીકત છે કે ઈસ્લામ સિવાય બીજા ધર્મોમાં જેઓ જાય છે તેઓ દૌલત, ઔરત અને જમીનની લાલચમાં જાય છે. હુઝૂર ﷺ ની સત્યતા, ભલાઈ, ખૂબી, અમાનતદારીના જ હેઠળ આપના ખુલ્લા અને કટ્ટર શત્રુ મક્કાના મુશ્રિકોએ આપને અમીન અને સાદિકના લકબો આપ્યા હતા.

**★ ઈસ્લામ, તેના પયગંબર તથા કુર્આનની હક્કાનિયત પરધર્મી લોકોની દષ્ટિએ ★**

**(૧)** અમેરિકાના એક સ્કોલર અને કલમકાર માકઈલ એ. હાર્ટે દુનિયાની સૌ સન્માનિત વ્યક્તિઓનું એક તુલ્નાત્મક પરીક્ષણ રજૂ કર્યું છે. એ વિશ્લેષણમાં તેણે હઝરત મુહમ્મદ ﷺ ને પહેલા સ્થાને રાખ્યા છે. તે લખે છે : "તેઓ ઈતિહાસમાં એક જ વ્યક્તિ છે જે ધાર્મિક અને દુનિયાવી બંનેવ ક્ષેત્રે કામયાબ રહ્યા. આજે પણ તેમના વિસાલને વરસો વહી ગયાં હોવા છતાં તેમનો પ્રભાવ ઘણો મજબૂત અને અસરકારક છે. મારા ખયાલમાં દીની અને દુનિયવી પ્રભાવનું આ અજોડ સંગમ મુહમ્મદ ﷺ ને એના પાત્ર ઠરાવે છે કે આપને માનવતાના ઈતિહાસમાં સૌથી વધુ અસર નાખનારા એક વ્યક્તિ ખયાલ કરવામાં આવે."

**(૨)** કુર્આને પાકના વિશે થામ્સ કારલાઈલની કબૂલાત : "આ કિતાબને કાનૂન અને અમલની એક કસોટીની હેસિયતથી દરેક જગ્યાએ સ્વીકારવામાં આવે છે. *(Thomas Corlyle : On Heroes, Herowosshoce In Histry, London, 1963, Page-85)*

**(૩)** લેસીટોન લખે છે : "હું તો એવું કહીશ કે ઈસ્લામ આખા વિશ્વ માટે યોગ્ય છે અને એમાં કોઈ શંકા નથી." *(The Spare, London, 1928)*

**(૪)** ગુરૂનાનક સાહબનું કથન : "અમોએ તૌરેત, જબૂર, ઈન્જિલ અને વૈદોનો અભ્યાસ કર્યો પરંતુ આખા વિશ્વ માટે સંપૂર્ણ જીવન બંધારણ કુર્આન છે." *(જનમ સાખી કલાં)*

**(૫)** પંડિત સ્વામી વિવેકાનંદ લખે છે : "જો ઈસ્લામમાં સત્ય અને ખૂબી ન હોત તો તે એક દિવસ કાયમ ન રહતો, આ ધર્મમાં અગણિત ખૂબીઓ (વિશિષ્ટતાઓ) છે." *(Swaami Vivekanand Hero Of The World, Page : 190-130)*

**★ ઈસ્લામનો દષ્ટિકોણ અહિંસા ★**

**(Non Violence)**

ઈસ્લામમાં ઈન્સાનના પ્રાણની ઘણી કિંમત છે અને ઈન્સાન ઈસ્લામની નજીક સન્માનને પાત્ર છે. કુર્આને કરીમમાં ઈર્શાદ છે : "અને કોઈ જીવન જેને અલ્લાહ તઆલાએ પ્રતિષ્ઠિત ઠરાવ્યો, હલાક (નષ્ટ) ન કરો પણ હક્કની સાથે." *(સૂરએ અન્આમ-૧૫૧)*

"જેણે કોઈ જીવને કોઈ જીવ વગર કત્લ કર્યો અથવા જમીન ઉપર ફસાદ (ઝઘડો) કર્યો તો જાણો કે તેણે બધા લોકોને કત્લ કર્યા, અને જેણે એક જીવને સળગાવ્યો જાણે કે તેણે બધા લોકોને સળગાવ્યા." *(સૂરએ માએદા-૩૨)*

ઈસ્લામ જમીન પર ફિત્ના ફસાદ (ઝઘડા, હુલ્લડ) ફેલાવવાની પણ નિંદા કરે છે. ઈર્શાદે રબ્બાની છે : "અને જમીનમાં ફસાદ ન ફેલાવો, તેના સજી ગયા પછી. અને તેનાથી દુઆ કરો, તેનાથી ડરતાં અને અપેક્ષા કરતાં. બેશક ! અલ્લાહની રહમત નેક લોકોની નજીક છે. *(સૂરએ હજર–૮૮)*

અલ્લાહ તઆલા પોતાના બંદાઓ ઉપર ઘણો મહેરબાન છે. હદીષમાં છે : "મખ્લૂક઼ અલ્લાહનું ઘરાનું છે, તો ખુદાના નજીક વધુ મહબૂબ એ છે જે અલ્લાહના ઘરાના એટલે કે મખ્લૂક઼ માટે લાભદાયક હોય." *(તિબ્રાની કબીર)*

એક હદીષમાં છે : "સર્વ લોકો અલ્લાહનું ઘરાનું છે." *(સહીહ મુસ્લિમ)*

સર્વ માનવો અને સંપૂર્ણ સૃષ્ટિના ખાલિક઼ અલ્લાહ ﷻને સખ્ત નાપસંદ છે કે કોઈ વ્યક્તિને વિના કારણે તકલીફ આપવામાં આવે અથવા તેને માલી અથવા જાની નુકસાન પહોંચાડવામાં આવે. કોઈ શરઈ કારણ વિના કોઈની સાથે ન ઉગ્રતા અને બદ્ મિજાજી સાથે વર્તવું અને ન કોઈનું અપમાન કરવું જોઈએ.

ઈર્શાદે રબ્બાની છે : "હે ઈમાનવાળાઓ ! એ વાત પુરૂષો માટે યોગ્ય નથી કે અમુક લોકો બીજાઓનો મઝાક ઉડાવે, બની શકે કે તે તેનાથી બેહતર હોય, એવી જ રીતે સ્ત્રીઓ માટે પણ લાયક નથી કે બીજી સ્ત્રીઓનો મઝાક ઉડાવે, બની શકે કે તેણી તેનાથી બેહતર હોય. અને આપસમાં કટાક્ષ ન કરો અને એકબીજાનાં બુરાં (તુચ્છ) નામો ન રાખો." *(સૂરએ હુજુરાત–૧૧)*

## ★ ગીબતની બુરાઈ ★

ઈસ્લામમાં ગીબત (ચાડી ચુગલી) તથા કોઈનો છુપો ભેદ નાહક઼ જાણવાની સખ્ત નિંદા કરવામાં આવી છે. કુર્આને કરીમમાં ગીબત કરનારાઓને પોતાના મરણ પામેલ ભાઈનો ગોશ્ત ખાવાવાળા બતાવવામાં આવ્યા છે, અને આ રીતે ઈસ્લામી સમાજને પાક કરવાનો સામાન કરવામાં આવ્યો છે.

કુર્આને કરીમમાં એક સ્થળે આવ્યું છે : "એકબીજાની ખામીઓ ન તલાશ કરો અને ન તમારામાંનો કોઈ એકબીજાની ગીબત કરે." *(સૂરએ હુજુરાત–૪૯)*

## ★ કીના અને અદેખાઈની નિંદા ★

સરકારે દો આલમ ﷺની હદીષે પાકમાં છે, આપસમાં એકબીજાની ઈર્ષા ન કરો અને ન એકબીજા વિરુદ્ધ ઉશ્કેરો, અને ન આપસમાં કીનો (અદાવત) રાખો, અને ન આપસમાં કોઈની પીઠ પાછળ બુરાઈ કરો, અને ન આપસમાં કોઈના સોદા ઉપર સોદો કરો અને તમે અલ્લાહ તઆલાના બંદા અને ભાઈ ભાઈ બની જાવ.

## ★ ઈસ્લામી ન્યાય અને ઈન્સાફ ★

ગૃપબંદી, પક્ષપાત, ધાર્મિક ઘૃણા વગેરે ન્યાય અને ઈન્સાફના માર્ગમાં રુકાવટ બને છે અને આ રીતે જુલ્મ અને અહિંસાનો સબબ બની હક઼્ક઼ અને સચ્ચાઈના ટુકડે ટુકડા કરી દે છે. ઈસ્લામે હક઼્ક઼ અને સત્યતાના ઝંડાને બુલંદ રાખવા અને ન્યાય અને ઈન્સાફને ક઼ાયમ રાખવા માટે જુથબંદી અને પક્ષપાત માટે કોઈ સ્થાન નથી રાખ્યું, તે ઉપરાંત દરેક ધર્મને આઝાદી અને દરેક ક઼ૌમ (જાતિ)ના પર્સનલ લૉની હિફાઝતની જિમ્મેદારી આપી છે. તેમજ રોજગાર અને જીવન સામગ્રી માટે દરેક વ્યક્તિને તેનો જાઈઝ હક઼્ક઼ આપ્યો છે.

## ★ ઈસ્લામમાં પક્ષપાત નથી ★

એક સમયે હાદીએ આ'ઝમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે વિના કારણે જંગ કરે અને પક્ષપાત તરફ બોલાવે અથવા પૂર્વગ્રહના કારણે ક્રોધ કરે તે જાહિલય્યત (ઈસ્લામ સિવાય)ની મૌત મરશે." *(ઈબ્ને માજહ્)* અલબત્ત પોતાની ક઼ૌમ સાથે મહોબ્બત રાખવી પક્ષપાત નથી, જુલ્મમાં પોતાની ક઼ૌમની મદદ કરવી જરૂર પક્ષપાત છે અને ઈસ્લામ તેની સખ્તાઈથી મના કરે છે.

## ★ ધાર્મિક આઝાદી ★

ઈસ્લામે દરેક વ્યક્તિને પોતાના ધર્મ ઉપર ક઼ાયમ રહેવાની છૂટ આપી છે. કોઈને બળજબરીથી અથવા લાચાર બનાવી મુસલમાન બનાવવો જાઈઝ નથી. કુર્આનમાં એકદમ સ્પષ્ટ ઈર્શાદ છે : "દીનમાં કોઈ બળજબરી નથી." *(સૂરએ બક઼રહ–૨૫૬)* તારીખે તબ્રી અને કિતાબુલ અમવાલમાં છે કે : "તેમની અને તેમના શરીઅતોની વચ્ચમાં આડખીલીરૂપ ન થવું જોઈએ. એ

લોકો (ગૈર મુસ્લિમો) પોતાની ગવાહીના અહકામ, શાદી વિવાહના મામલાઓ, વારસ થવા અને બીજા ધાર્મિક હુકમોમાં આઝાદ છે.''

ઈસ્લામે દરેક ધર્મના પેશ્વાઓ અને ઈબાદતના કાનૂનો તેમજ ઈબાદતગાહના પણ આદેશો સાંભળાવ્યા છે, એટલે કે યહૂદી અને ઈસાઈઓની ઈબાદતગાહો ન તોડવામાં આવે, એ લોકોને શંખ વગાડવાથી (નમાઝના સમય છોડી) અને પોતાની ઈદના દિવસે ક્રોસ કાઢવાથી ન રોકવામાં આવે. *(કિતાબુલ ખિરાજ)*

એવી જ રીતે ઈસ્લામે દરેક માનવને રોજગાર અને જીવનની જરૂરિયાતોની આઝાદી આપી છે. અલ્લાહની નેઅમતો, હવા, પાણી, ખોરાક... વગેરે પર બધાનો સમાન હક્ક છે.

## ★ ન્યાય અને એહસાન બધા માટે છે ★

ન્યાયના કાનૂનો, દોસ્ત, દુશ્મન, પોતાનાં, પારકાં બધા માટે સમાન છે અને કોઈ પણ સંજોગોમાં કોઈના માટે જુલ્મ અને નાઈન્સાફીનો માર્ગ સાફ નથી કરવામાં આવ્યો.

કુર્આનમાં ઈર્શાદે રબ છે :–

''કોઈ કૌમની દુશ્મની પણ તમને એ વાત ઉપર ન ઉશ્કેરે કે તમે તેની સાથે ન્યાય ન કરો, હર સમયે ન્યાય કરો. આ તરીકો તકવા (પરહેઝગારી)થી વધુ નજીક છે. *(સૂરએ માએદાહ–૮)*

## ★ અમાનત અને ફૈંસલા વિશે ★

રબ તબારક વ તઆલા ફર્માવે છે :–

''બેશક ! અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે કે અમાનતો જેની છે તેમને સોંપી દો અને એ કે જ્યારે તમે લોકોના દરમિયાન ફૈંસલો કરો તો ન્યાયપૂર્વક ફૈંસલો કરો. બેશક ! અલ્લાહ તમને કેટલી સરસ નસીહત ફર્માવે છે, બેશક ! અલ્લાહ સાંભળે અને જુએ છે.'' *(સૂરએ નિસાઅ્–૫૭)*

## ★ ઈસ્લામી જેહાદ વિશે ★

અલ્લાહ તઆલા અને દીને હક્કની પ્રગતિ માટે ભરપૂર જદ્દો જેહદ કરવી, માલથી, સમયથી, ઉમ્રથી અને પોતાના નફ્સ વડે એ પણ જેહાદ છે. જેહાદ માત્ર લડાઈ, મારધાર કે જંગ વગેરેનું નામ નથી.

રસૂલે અકરમ ﷺએ પોતાના નફ્સ સાથે જેહાદને જેહાદે અકબર (સૌથી મોટો જેહાદ) ફર્માવ્યું.

હુઝૂર ﷺ ફર્માવે છે :–

**(૧)** મુજાહિદ એ છે જે અલ્લાહ તઆલાના મામલામાં પોતાના નફ્સ સાથે જેહાદ કરે અને મુહાજિર એ છે જે અલ્લાહ તઆલાએ મનાઈ કરેલ વસ્તુઓથી અલગ દૂર થઈ જાય. *(જામે સગીર, તિર્મિઝી, મુસ્નદે ઈમામ અહમદ)*

**(૨)** સૌથી શ્રેષ્ઠ જેહાદ એ હક્ક વાત છે જે જાલિમ ગવર્નરની સામે કહેવામાં આવે. *(જામેઅ તિર્મિઝી, કિતાબુલ ઈમાન)*

મુસલમાનો પર સલિબી જંગ મુસલ્લત કરનારાઓ(માથે નાખનારાઓ), અરબોની ધરતી ઉપર ઈઝરાઈલ નામનું યહૂદી સ્ટેટ કાયમ કરનારાઓ અને જે મુસ્લિમ દેશો પોતાના ત્યાં ઈસ્લામી બંધારણ કાયમ કરવાની શરૂઆત કરે તેમના ઉપર બળજબરી રીતે જંગ કરનારા પશ્ચિમીઓ, અમેરિકા, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ.... વગેરે અને તે ઈસાઈઓની નાજાઈઝ ઓલાદ ઈસરાઈલ એટલે યહૂદીઓ જેઓ ઈસ્લામ અને મુસલમાનોના કટ્ટર દુશ્મન છે તેઓ આજે મુસલમાનોની રક્ષણાત્મક જંગને જેહાદનું નામ આપી મુસ્લિમોને જેહાદી, ફસાદી અને આતંકવાદી બતાવી રહ્યા છે, પરંતુ સ્પષ્ટ થાય છે કે ઈસ્લામી જેહાદ અથવા ઈસ્લામી જંગ ન દોલત, જમીન અને.....સ્ત્રી માટે થાય છે, અને ન કોઈ દુનિયાવી હેતુ હેઠળ, બલ્કે તેનો હેતુ અને મકસદ માત્ર અલ્લાહના બંદાઓને દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ) પર અમલ કરાવવા અને માનવતાની જ ભલાઈ માટે અલ્લાહની હુકૂમત કાયમ કરવા માટે હોય છે.

ઈસ્લામમાં જેહાદ ઘણી પવિત્ર જંગ છે. એ જંગમાં જે ઉદારતાથી કામ લેવામાં આવે છે તેનું ચિત્ર દુનિયાના ઈતિહાસમાં નથી મળતું. એક ઉદાહરણ જોઈએ :–

હિ.સ. ૬ઉરમાં મોહસિને આ'ઝમે ઈન્સાનિયત ﷺએ શામ તરફ એક લશ્કર મોકલી રહ્યા હતા. એ જ વરસે આપ ﷺનો વિસાલ મુબારક થયો. લશ્કરે ઈસ્લામને આપે જે હિદાયતો આપી તે સોનાના પાણી

વડે લખવાને લાયક છે :–

**(૧)** જુઓ સ્ત્રીઓ, દૂધ પીતાં બાળકો અને વૃદ્ધો (મોટી ઉંમરના લોકો)ને કત્લ ન કરતા.

**(૨)** ત્યાં તેમને ખાનકાહોમાં સન્યાસી પાદરીઓ મળશે, ખબરદાર ! તેમનાથી ટકરાવ ન કરતા.

**(૩)** ખજૂર અને ન બીજુ કોઈ વૃક્ષ કાપતા અને ન કોઈ ઈમારત (મકાન) તોડતા. *(અબ્દુલ કય્યૂમ, ખુત્બાતે નબવી, લાહોર, પેજ : ૧૮૦–૧૮૬)*

ઈસ્લામની ઉદારતા અને સદ્વર્તાવની પ્રશંસા કરતાં ટી ડબલ્યૂ આરનલ્ડ લખે છે : "સામૂહિક રીતે ગૈર મુસ્લિમોએ મુસ્લિમોની હુકૂમતમાં જે શાનથી ઉદારતાની મજા માણી તેનો નમૂનો યૂરોપમાં આ નવા યુગમાં પણ નથી મળતો." *(The Preaching Of Islam)*

ખૂદ કેટલાક હિંદુસ્તાની લીડરો, સ્કોલરો જેમ કે મોહનદાસ કરમચંદ ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુ, રવિન્દ્રનાથ ટાગોર અને મુન્શી પ્રેમચંદ વગેરેએ આ વાતને કબૂલ કરી છે કે ઈસ્લામ તલ્વારથી નથી ફેલાયો બલ્કે નબી ﷺના સદ્વર્તાવથી ફેલાયો છે.

**જરૂરી સ્પષ્ટતા :** પોતાના દેશની અને સરહદની હિફાઝત માટે દરેક દેશ પોતાની ફૌજ રાખે છે, જો કોઈ દુશ્મત તેના ઉપર હુમ્લો કરે છે તો તેનો ભરપૂર જવાબ આપવામાં આવે છે. એ જંગમાં પણ ઈન્સાનની જાન અને માલ હલાક અને તબાહ થાય છે, પરંતુ તેને કોઈ પણ હિંસા (Violence) જુલ્મ અને અત્યાચાર નથી કહેતો, કેમ કે આ રક્ષણાત્મક જંગ છે, અને ફિતરત (પ્રકૃતિ) અને ગૈરત (શરમ)ના એકદમ મુતાબિક છે. તો ઈસ્લામી જેહાદ પણ દીન અને ઈસ્લામી હુકૂમતની હિફાઝત માટે છે અને સમ્રગ જગતને દુનિયાના ખાલિક અને માલિક અલ્લાહ તઆલાની ઉચ્ચ હુકૂમત હેઠળ લાવવાની ચળવળ છે. મહોબ્બતની સુવાસ ફેલાવનાર પ્રાકૃતિક ધર્મ ઈસ્લામમાં જે ઉદારતાનો ઉચ્ચ ખયાલ છે તે વિશ્વના ઈતિહાસમાં ક્યાંય નથી મળતો. જંગ અને લડાઈ બાબતે ઈસ્લામ વિશે જે કાંઈ પણ કહેવામાં આવે છે તે એકદમ જૂઠ છે.

## ★ રસૂલે રહમત ﷺનો રહમો કરમ અને ઉદારતાનો નમૂનો ★

રસૂલે આ'ઝમ ﷺ મક્કા શહેરથી હિજરત ફર્માવી મદીના મુનવ્વરા તશરીફ લઈ આવ્યા. આપના દુશ્મનોએ આપને અહિંયાં પણ ચૈન ન લેવા દીધું અને સતત આક્રમણ કરતા રહ્યા. જેના પરિણામમાં ગઝવએ બદ્ર, ગઝવએ ઓહદ, ગઝવએ બનૂ કેનકાઅ તથા ગઝવએ ખંદક વગેરે ગઝવા ઉપસ્થિત થયા, ત્યાં સુધી કે દુશ્મનોએ સુલહે હુદૈબિયાનો કરાર પણ તોડી નાંખ્યો, મજબૂરીથી રહમતે આલમ ﷺને કુફ તથા શિર્ક અને જુલ્મ તથા દગાબાઝીને કચડવા માટે જેહાદ કરવો પડયો અને મક્કા શહેર ફતહ કર્યું, પરંતુ આ શાનથી કે તલ્વારો મ્યાનમાં રાખવાની અને કત્લ અને લડાઈથી હાથ રોકવાનો આદેશ આપી દેવામાં આવ્યો. કેટલી આશ્ચર્યજનક વાત છે ?! આવા સમયે તો દુનિયાના સૈનિકો અને બાદશાહો પોતાના શત્રુઓની લાશોનો અંબાર લગાડી દે છે ! પરંતુ ત્યાં કોઈ બેગુનાહને કત્લ ન કરવામાં આવ્યો અને એલાન કરી દેવામાં આવ્યું, "આજે તમારી કોઈ પકડ નથી, જાવ ! તમે બધા આઝાદ છો !" *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૨૮)*

## ★ ઈસ્લામ વિરુદ્ધ ગલત ફહમીની દલીલ અને તેનો ખુલાસો ★

ઈસ્લામ વિરુદ્ધ અસલ ગલતફેહમી સૂરએ બકરહ, સૂરએ નિસાઅ્ અને સૂરએ તૌબા વગેરેની એ આયતો વડે ફેલાવવામાં આવી જે હંગામી ધોરણની હતી, જેમાં કાફિરો, મુશ્રિકો અને યહૂદી તથા ઈસાઈઓને કત્લ કરવાનો હુકમ આપવામાં આવ્યો પણ તે ત્યારના જંગના સંજોગોને અનુરૂપ હતું આ આદેશ દરેક સમય માટે ન હતો બલ્કે એક ખાસ સમયે અને પરિસ્થિતિ માટે હતો અને છે, જેથી એ હકીકતને ભૂલવી ન જોઈએ. ઈસ્લામ તો પ્રાણીઓ સાથે પણ સદ્વર્તાવની તા'લીમ આપે છે પછી તે શરઈ કારણ વિના માનવ જાતને હલાક કરવાનું કેમ રીતે જાઈઝ ઠરાવી શકે છે ?! જુઓ :–

(૧) રસૂલુલ્લાહ ﷺએ જીવતા જાનવરનો ગોશ્ત કાપવાની મનાઈ ફર્માવી. (૨) કોઈ પણ પ્રાણીને

આગમાં સળગાવવાથી મનાઈ ફર્માવી. (૩) પ્રાણીઓને એકબીજાની સાથે લડાવવાથી મનાઈ ફર્માવી. (૩) કોઈપણ પ્રાણીને ભૂખ્યુ અને તરસ્યુ રાખી મારવાની મનાઈ ફર્માવી.

### ★ સુલહ (મેળ મેળાપ) અને માફી ★

ઈસ્લામે સુલહ (સમાધાન) અને માફીને સવાબનો સબબ ઠરાવેલ છે. ઈર્શાદે રબ્બાની છે : "જેણે ક્ષમા કરી દીધી અને મિત્રતાનો માર્ગ અપનાવ્યો તેનો બદલો અલ્લાહના કરમના જિમ્મે છે. *(સૂરએ શોરા–૪૦)*

### ★ ઈસ્લામમાં પ્રતિજ્ઞા (વચન) અને એગ્રિમેન્ટનું મહત્વ ★

વચનનું પાલન કરવું ઈન્સાનની સંસ્કારિક લાયકાતમાંથી એક સર્વોત્તમ ગુણ છે. ઈસ્લામે પ્રતિજ્ઞાનું પાલન અને કરાર (એગ્રિમેન્ટ)ને ઘણી મહત્વતા આપી છે. ઈર્શાદે રબ્બાની છે : "અને અલ્લાહનું વચન પૂરુ કરો, જ્યારે વચન લો અને કસમો મજબૂત થઈ ગયા પછી ન તોડો. જ્યારે કે તમે અલ્લાહ તઆલાને પોતાના ઉપર જામિન કરી ચૂક્યા છો. બેશક ! અલ્લાહ તમારાં કાર્યો જાણે છે." *(સૂરએ અન્ફાલ–૫૮)*

(૧) "અને પ્રતિજ્ઞાનું પાલન કરો બેશક ! વચનથી સવાલ થાય છે." *(સૂરએ નહ્લ–૯૧)*

(૨) રસૂલે અકરમ ﷺ ફર્માવે છે : "એગ્રિમેન્ટ કરનારની જાનનો એટલો બધો એહતેરામ (સન્માન) છે કે તેને વિના કારણે કત્લ કરનારો જન્નતની સુગંધથી મેહરૂમ રહેશે."

(૩) પ્રતિજ્ઞાને તોડી કાઢનારાના વિરુદ્ધ મેદાને મેહશરમાં ધ્વજ ઊભો કરવામાં આવશે. વિના કારણે કરારવાળાને મારી નાખનારા પર જન્નત હરામ છે. *(અબૂ દાઊદ, કિતાબુલ જેહાદ, બુખારી શરીફ)*

(૫) જે આપણો જિમ્મી (જિઝયાવેરા જે તેના રક્ષણના બદલામાં હોય છે તેને આપનાર) હોય તેનું લોહી આપણા લોહીની જેમ છે. અને તેની દિયત (ખૂનનું વળતર) આપણી દિયતની જેમ છે. *(અફિરાયહ્ ફી તખરીજે અહાદીષિલ હિદાયા)*

મિત્રતા અને માફી તેમજ વચન અને એગ્રિમેન્ટની પાબંદી પણ સત્ય અને અહિંસાનો એક સર્વોચ્ચ નમૂનો છે.

### ★ ઈસ્લામી સજાઓ પણ વિશ્વશાંતિની ઝામિન છે ★

સમાજની પવિત્રતા અને શાંતિ અને સલામતિ માટે ઈસ્લામે દરેક પ્રકારની બુરાઈ, બેહયાઈ, બેપર્દગી, નગ્નતા, બેહૂદા વાતો, અય્યાશી અને અવ્યવસ્થા ઉપર રોક લગાડી દીધી છે. ઉપરાંત ચોરી, લૂંટ, બગાવત, વ્યભિચાર, સજાતિય સંબંધ, શરાબખોરી વગેરે કબીરા ગુનાહ માટે શરઈ સીમાઓ કાયમ કરવામાં આવી છે જેથી એ સજાઓથી લોકો સબક પ્રાપ્ત કરે અને આવનાર કોઈ વ્યક્તિ એ પ્રકારના ગુનાહ અને જુર્મોની હિંમત ન કરી શકે. આ સજાઓ પ્રાકૃતિક છે જેનો સંબધ ખુદાઈ કાનૂનથી છે. ઈસ્લામની સજાઓ જેના પ્રત્યે ઈસ્લામના શત્રુઓ અને દુશ્મનો વાંધા ઉઠાવે છે અને જેને ક્રૂર તથા અસભ્ય બતાવે છે તે સજાઓ પણ વિશ્વશાંતિની ઝામિન છે. હુઝૂરે અકરમ ﷺના મુબારક યુગથી લઈને ખિલાફતે રાશિદાના યુગ સુધી એ જ સજાઓના લીધે આવા જુર્મો શૂન્યની બરાબર રહી ગયા હતા. આ ઈસ્લામી સજાઓ જેવી રીતે દુનિયાની જિંદગીમાં પવિત્ર સમાજના ઘડતરનું કારણ છે તેવી જ રીતે આખેરતની જિંદગી માટે મુજરિમ (પાપી)ને અઝાબ અને સજાથી પાક અને સાફ કરી દે છે. વર્તમાન યુગમાં, કાનૂની લચક, જૂઠી ગવાહી, રિશ્વત, ભલામણ, પ્રભાવ તથા પહોંચ અને રાજનીતિક તથા સામાજિક પોઝિશન વગેરેના સબબે ભયાનક જુર્મો કરનારા પણ સજાથી બચી જાય છે, પરંતુ ઈસ્લામી કાનૂનમાં આવું શક્ય નથી. વ્યભિચાર કેટલો ધૃણાજનક અને ભયાનક જુર્મ (ગુનોહ) છે, **શરીફની ઈજ્જત જાનથી વધુ કિંમતી છે** એટલા માટે જ ઈસ્લામમાં તેના પર સખ્ત (કઠિન) સજા નક્કી કરેલ છે. આજે ખૂદ આપણા દેશ ભારતમાં વ્યભિચારનો ઝડપથી વધારો થઈ રહ્યો છે, તેના લીધે કત્લ, લૂંટમાર, આપઘાતના બનાવો વગેરે વધી રહેલ છે અને સમાજ અશાંતિનો શિકાર છે, જેથી દેશના ધારા શાસ્ત્રીઓ ઝિના (વ્યભિચાર)ની સજા ફાંસી હોવા બાબતે વિચાર વિમર્શ કરી રહ્યા છે.

ભયાનક અને ધૃણાજનક જુર્મોની ઈસ્લામી સજાઓ આ પ્રમાણે છે :–

**(૧)** ચોરીની સજા હાથ કાપવો **(૨)** લૂંટમાર અને બળવાખોરીની સજા કત્લ કરી દેવામાં આવે અથવા ફાંસી દેવામાં આવે અથવા ડાબો હાથ અને જમણો પગ કાપી કાઢવામાં આવે. **(૩)** ક઼ત્લની સજા ખૂનના બદલે ખૂન, અલબત્ત તેના દિયત (ખૂનના બદલે માલ આપી સુલહ)નો અવકાશ પણ રાખવામાં આવેલ છે. ખૂદ આપણા દેશમાં પણ એ પ્રકારનો ક઼ાનૂન છે. જો ક઼ત્લ થનારના વારિસો ક઼ત્લ કરનાર પાસેથી કાંઈ લઈ સુલહ (મેળાપ) કરી લે છે, જેનાથી ક઼ત્લ કરનાર સજાથી બચી જાય છે.

ક઼િસાસ (ખૂનનો બદલો ખૂન) વિશે રબ તબારક વ તઆલાનો ઈર્શાદ છે : ''જેના માટે તેના ભાઈ તરફથી કાંઈ માફી હોય તો ભલાઈ સાથે તકાદો કરે અને તમારી ઉપર રહમત. તો તેના પછી કોઈ અત્યાચાર કરે તેના માટે દર્દનાક અઝાબ છે. અને ખૂનનો બદલો લેવામાં તમારા માટે જિંદગી છે, હે બુદ્ધિવાનો ! ક્યાંક બચો.'' *(સૂરએ બક઼રહ્–૧૭૯)*

**(૪)** શરાબ પીવા બાબતે ૮૦ કોરડાની સજા **(૫)** ઝિનાની સજા વ્યભિચારી અને વ્યભિચારિણી દરેકને સો કોરડા મારવામાં આવે. શાદી શુદા ઝાની અને ઝાનિયા માટે સંગસારી (પથ્થર મારી મારીને હલાક કરી દેવું) છે.

**નોંધ :** જો કોઈ વ્યક્તિ કોઈના ઉપર ઝિનાનો આક્ષેપ લગાડે અને (સંભોગ કરતાં નજરે જોનાર) ચાર ગવાહ ન રજૂ કરી શકે તો તેવો આક્ષેપ મૂકવાની સજા ૮૦ કોરડા છે. ઝિનાના સબૂત માટે ગવાહી અને ફેંસલા વગેરેમાં ઘણી સાવધાની વર્તવામાં આવી છે.

## ★ દોષ છુપાવવો ★

ઈસ્લામે શહાદત (ગવાહી)ની પણ શરતો લાગુ કરી છે. કુર્આને કરીમે ગવાહી છુપાવનાર ઈન્સાનને સૌથી મોટો અત્યાચારી બતાવ્યો છે. *(સૂરએ બકરહ–૨૮૩)*

અલ્બત્ત, આવા મામાલામાં પર્દાપોશી (ગુનો છુપાવવા) પર પણ ભાર આપવામાં આવ્યો છે. અને મુસલમાનોની પર્દાપોશી ઉપર પણ બદલો અને સવાબ રાખ્યો છે.

**(૧)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, ''રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી હુદૂદ (શિક્ષાઓ)ને ટાળો.'' *(સુનને ઈબ્ને માજહ્, ભાગ–૨, પેજ–૧૦૩)*

**(૨)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે કોઈ વ્યક્તિ મુસલમાનના દોષ છુપાવશે અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેના ગુના છુપાવશે, અને જે કોઈ મુસલમાનના ગુના જાહેર કરશે તો અલ્લાહ તઆલા તેના ઐબ જાહેર કરશે ત્યાં સુધી કે તેને તેના ઘરમાં ઝલીલ કરશે.'' *(સુનને ઈબ્ને માજહ)*

## ★ સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય કરનારની સજા ★

લવાતત (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય) એકદમ ધૃણાજનક અપ્રાકૃતિક, અને સખ્ત બેશરમી ઉપરાંત નસલ (વંશ) વિચ્છેદ કરવું અને સમાજની તબાહીનું કાર્ય છે. તેની હદ (સજા)માં મતભેદ છે. અમુકના નજીક એ ઝિનાના પ્રકારમાંથી છે અને અમુકના નજીક તેની સજા ક઼ત્લ છે. એટલા માટે કે હદીષ શરીફમાં આવ્યું છે કે, ''તમો લૂત علیہ السلامની ક઼ૌમનું કાર્ય કરતાં જુઓ તો તે કુકર્મ કરનાર અને કરાવનાર બંનેવને ક઼ત્લ કરી દો.'' *(હુજ્જતુલ બાલિગા, ૧૨૪)*

ઈસ્લામમાં બેપર્દગી, લાંચ, સૂદ (વ્યાજ), જૂગાર, કાળા બજાર, સંગ્રહ કરવો.... વગેરે ઉપર પણ રોક લગાડવામાં આવી છે અને તેની મનાઈ કરવામાં આવી છે. આ બધી વસ્તુઓ પણ સમાજની તબાહીના સબબો છે.

## ★ ઈસ્લામ મહોબ્બતનો ધર્મ છે ★

''અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે.'' *(સૂરએ આલે ઈમરાન–૧૯)*

રબ્બે કદીરનો ઈર્શાદ છે : ''જો કોઈ ઈસ્લામ સિવાય કોઈ ધર્મ ચાહશે તે તેનાથી હરગિઝ ક઼બૂલ કરવામાં નહીં આવે.'' *(સૂરએ આલે ઈમરાન–૮૫)* આ જ ખુદાઈ ધર્મ છે. ''અલ્લાહ સર્વ જગતનો અને સર્વ માનવોનો પૈદા કરનાર માલિક, રબ અને મઅબૂદ છે.

અને હઝરત મુહમ્મદ (ﷺ) સર્વ ઈન્સાનોના હાદી (હિદાયત આપનાર) અને રસૂલ છે.'' *(સૂરએ અઅ્રાફ–૧૫૮)*

એટલા માટે ઈસ્લામ જ બધાનો ધર્મ છે અને ઈસ્લામ જ ફિતરત (પ્રકૃતિ)નો દીન છે. *(સૂરએ રુમ–૩૦)* અને દુનિયાની સલામતી અને શાંતિનો ઝામિન અને પ્રતીક છે. ઈસ્લામ જે દીને ઈલાહી છે, દીને મહબ્બત છે, દીને ફિતરત છે, અને સર્વ માનવો માટે છે. એ ઈન્સાનોને દુશ્મની, જુલ્મ, અત્યાચાર તથા હિંસાનો પાઠ નથી આપી શક્તો. ઈસ્લામે જ ગુલામીની રસમને તોડી અને આક઼ા (માલિક) અને ગુલામને એક સફમાં ઊભા કરી દીધા. કોઈ શાયરે સાચુ કહ્યું છે :–

*એક હી સફમેં ખળે હો ગએ મહમૂદો અયાઝ*
*ન કોઈ બંદા રહા ન કોઈ બંદા નવાઝ*

ઈસ્લામે ઔરતને તેનું યોગ્ય માનપાત્ર સ્થાન અર્પણ કર્યું અને એલાન કરી દીધું : ''જન્નત માંના કદમો નીચે છે.''

ઈસ્લામે રાજકરણ, નાગરિક્તા, જીવન, તા'લીમ, સભ્યતા..... વગેરે જિંદગીના બધા વિભાગોમાં ઈન્સાનોની રહબરી ફર્માવી છે અને આજે પણ ફર્માવી રહ્યો છે. અને ઈસ્લામ ઈન્સાનોને જિંદગી અને બંદગીનો તરીક઼ો અને સભ્યતા અતા કરે છે.

**સારાંશ** : આજે ઈસ્લામ અને મુસ્લિમો વિરુદ્ધ ગલત લોકોના હુમલાઓ વધુ તેજ થઈ ગયા છે, ન્યાય અને ઈન્સાફ, સત્ય અને સચ્ચાઈ, શાંતિ, મહબ્બત, ભાઈચારો, હમદર્દી, ઉદારતા, ક્ષમા અને માફી ઉપર નિર્ધારિત તા'લીમાતને તોડી ફોડીને રજૂ કરવામાં આવી રહી છે જેથી ઈસ્લામને વિશ્વશાંતિનો વિરોધી સમજવામાં આવે, અને આ રીતે ઈસ્લામના શત્રુઓ ઈસ્લામ ઉપર આતંકવાદનું અને મુસ્લિમો ઉપર ફસાદી અને જેહાદીનું લેબલ લગાડતા રહે છે. અસલમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : ''યહૂદી તથા ઈસાઈ તમારાથી કદાપી રાજી નહીં થાય જ્યાં સુધી તમે તેમના તરીક઼ા ઉપર ન ચાલવા લાગો.'' *(સૂરએ નિસાઅ્–૧૩૫)*

અમેરિકા અને તેના સહધર્મી દેશો ઉપરાંત ઈસરાઈલી યહૂદીઓ કદાપી નથી ચાહતા કે કોઈપણ મુસ્લિમ દેશમાં ઈસ્લામી ક઼ાનૂનનું બંધારણ સ્થાપિત થઈ શકે, અને જે દેશમાં પણ ઈસ્લામી લહેર ઉઠે છે તેના પર તેઓ જબરદસ્ત આક્રમણ કરી તેને તહસ નહસ (ખેદાન મેદાન) કરી નાખે છે. જેમ કે અફઘાનિસ્તાન ઉપર જુલ્મ તથા અત્યાચારનો નમૂનો પેશ કર્યો અને ઈરાક ઉપર ખતરનાક હથિયારોનું બહાનું લઈ તેને બર્બાદ કરી દીધું.

હક઼ીક઼તમાં મુસલમાનો દુનિયાની મહબ્બત, મૌતથી નફરત અને દીનથી દૂરીના કારણે કમજોર થઈ ગયા છે, અનિવાર્ય છે કે તેઓ દીનમાં સંપૂર્ણ રીતે દાખલ થઈ પોતે પોતાને વ્યવસ્થિત અને મજબૂત બનાવે, ક઼ુર્આન ખૂદ તેમને આદેશ આપી રહ્યું છે : ''જે કિંમત તમારાથી બની શકે તેમના મુકાબલા માટે તૈયાર રાખો અને જેટલા ઘોડાઓ બાંધી શકો, તેનાથી તેમના દિલોમાં ધાક બેસાડો, જે અલ્લાહના અને તમારા દુશ્મન છે.'' *(સૂરએ અન્ફાલ–૬૦)*

આ કડવી સચ્ચાઈને પ્રગટ કરવી પણ અનિવાર્ય છે કે ઈસ્લામના નામ પર અમુક નામના મુસ્લિમોએ ખૂદકશ (આત્મઘાતી) બોમ્બરોએ પોતાની અને બીજાઓની જિંદગીને હલાક (નષ્ટ) કરવાનો ક્રમ જે ચાલુ કરી રાખ્યો છે તેનો ઈસ્લામી જેહાદ સાથે કોઈ સંબંધ નથી, એ લોકો ઈસ્લામને બદ્‌નામ કરી રહ્યા છે અને ઈસ્લામ દુશ્મન તત્વોના ગલત પ્રોપેગન્ડાના મિશનને મદદ પહોંચાડી રહ્યા છે. *(જામે નૂર, એપ્રિલ–૨૦૧૦)*

## વારસા સંબંધી સવાલનો જવાબ

**સવાલ** : મરનારે પાછળ બે પુત્રીઓ, એક પુત્ર તથા પોતાની પત્ની છોડી છે, તો મરનારની મિલ્કતના ભાગ કઈ રીતે પાડવામાં આવે ? અને કોને કેટલો હિસ્સો મળશે ?

**જવાબ** : ઉપરોક્ત પ્રશ્ન જોતાં મરનારની મિલ્કતના ૩૨ હિસ્સા કરવામાં આવશે, જેમાંથી સાત સાત હિસ્સા બંને પુત્રીઓને મળશે અને ૧૪ હિસ્સા મરનારના પુત્રને મળશે અને ચાર હિસ્સા મરનારની પત્નીને મળશે.

**જવાબ આપનાર** : મુફ્તી નસીમ સાહબ
*(જામિઆ અશ્રફિયા મુબારકપુર, જિ. આઝમગઢ)*

# ઈસ્લામી જગત વિરૂધ્ધ
## યહૂદી તથા ઈસાઈ કાવત્રાંઓ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હાલમાં જ અમેરિકાના એક ઈસાઈ ચર્ચના પાદરીએ કુર્આન પર ગલત આક્ષેપો કરીને ૯/૧૧ના રોજ કુર્આન શરીફ સળગાવવાના પ્રોગ્રામની જાહેરાત કરી છે, જો કે તેનો અમેરિકામાં જ વિરોધ થયો છે. પણ જાણી લો કે યહૂદીઓ તથા ઈસાઈઓ ઈસ્લામના અઝલી (હમેશાંથી) દુશ્મન છે. તેમની ઈસ્લામ દુશ્મની એટલી જ જૂની છે જેટલો જૂનો ઈસ્લામ છે. સમગ્ર વિશ્વમાં ઈસ્લામ અને પયગમ્બરે ઈસ્લામ ﷺ તથા કુર્આન વિરૂધ્ધ તેમની ગતિવિધિઓ ચાલી રહી છે, પરંતુ આ કોઈ નવી વાત નથી. નબવી યુગથી જ તેઓ ઈસ્લામ વિરૂધ્ધ કાર્યવાહીઓ કરતા રહ્યા છે અને ઈસ્લામ તથા મુસલમાનોને નાબૂદ કરવા માટે કાર્યરત છે.

### ઈસાઈ યહૂદીનાં નીચ તથા ક્રૂરતામય કાવત્રાં

જેમ કે યહૂદીઓના મશહૂર કબીલા બનૂ નઝીરમાં હુઝૂર ﷺને કત્લ કરવાનું કાવત્રુ ઘડવામાં આવ્યું, ખૈબરમાં આપ ﷺને ઝેહરીલુ ખાણુ પીરસવામાં આવ્યું, કુર્આન અને સાહિબે કુર્આન ﷺ વિરૂધ્ધ ઘણા પ્રોપેગન્ડા કરવામાં આવ્યા. પરંતુ વહી દ્વારા સમય પહેલાં જ એમનાં ષડયંત્રોનો ભાંડો ફૂટી જતાં દરેક વાર એમને બેઈજ્જતીનો સામનો કરવો પડયો. આપ ﷺની વફાત પછી ફરી તેઓ ષડયંત્રો કરવા લાગ્યા જેના કારણે ઈસ્લામના નામે ઘણા ગુમરાહ ફિર્કા પેદા થયા અને મુસલમાનોની તાકત વિખેરાઈ ગઈ. એક બાજુ યહૂદીઓનાં કાવત્રાં ચાલુ હતાં અને બીજી બાજુ ઈસાઈઓએ પણ ઈસ્લામ અને મુસલમાનોને નુકસાન પહોંચાડવામાં કોઈ ઉણપ ન રાખી. છઠ્ઠી સદી ઈસ્વીમાં મુસલમાનોનો કત્લે આમ કર્યો, મુસલમાનોના કિબ્લએ અવ્વલ બયતુલ મુકદ્દસ પર કબ્જો કરી ૯૦ હજારથી અધિક મુસલમાનોને કત્લ કર્યા, જેમાં નાનાં બાળકો વૃધ્ધો તથા સ્ત્રીઓને પણ ન છોડવામાં આવ્યાં, તેમના જંગલીપણાનો અંદાઝો એ પત્ર પરથી કરી શકાય છે જે ઈસાઈ લશ્કરના કમાન્ડરે વિજયની ખબર આપવા માટે પોતાના બાદશાહને લખ્યો હતો. લખે છે : "જ્યારે મકામે દાઊદ પાસે અમારા ઘોડા પહોંચ્યા તો ઘોડાઓના ગુઠણ સુધી મુસલમાનોનું લોહી આવી વયું હતું !"

### મુસ્લિમ સત્તાધારીઓની ઉદારતા

એક તરફ ઈસાઈઓનું આવુ જંગલીપણુ હતું તો બીજી તરફ ૭૫ વર્ષ પછી સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ જ્યારે પેલેસ્ટાઈને ફતેહ કર્યું તો એક પણ યહૂદી તથા ઈસાઈ નાહક્ક કત્લ કરવામાં ન આવ્યો. યહૂદીઓ અને ઈસાઈઓને છૂટ આપવામાં આવી કે તેઓ ઈચ્છે તો બયતુલ મુકદ્દસમાં રહે અને ચાહે તો અન્ય કોઈ ઠેકાણે રહે. ઈસ્લામી દેશમાં તેમની જાન, માલ, ઈજ્જત આબરૂ સર્વ સુરક્ષિત રહેશે. જેનાથી જણાય છે કે મુસ્લિમ સત્તાધારીઓ ગૈર મુસ્લિમોના હક્કમાં પણ કેટલા ઉદાર દિલ અને કૃપાળુ હતા. એમના એ જ સદ્ગુણો તથા અદલો ઈન્સાફના કારણે જ અન્ય કૌમના લાખો લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો જેનો ક્રમ હજુ ચાલુ જ છે.

પરંતુ આજે મુસ્લિમોની સ્થિતિ પહેલાં કરતાં ઘણી જ વિપરિત છે, પહેલાં મુસલમાન ઈમાની, રૂહાની તથા લશ્કરી તાકતોથી સજ્જ હતા જ્યારે આજે મુસલમાનો એ સૌથી વંચિત છે. ઈસ્લામના દુશ્મનો

સંપૂર્ણ લશ્કરી તાક઼ત અને સર્વ ભૌતિક માધ્યમોથી સુસજ્જ છે, આમ તો સર્વ ઈસાઈ તથા યહૂદી દેશો ઈસ્લામ દુશ્મનીમાં સરખાપણે સામેલ છે, પરંતુ અમેરિકા અને બ્રિટન તથા આ બંનેવની નાજાઈઝ અવલાદ ઈઝરાઈલ પહેલી હરોળમાં મોખરે નજર આવે છે, જે ઈસ્લામ અને મુસલમાનોને નુકસાન પહોંચાડવાનાં, બદનામ કરવાનાં અને તેમને નસ્તોનાબૂદ કરવાનાં નિતનવાં ષડયંત્રો ઘણી જ ચતુરાઈપૂર્વક કરી રહ્યા છે. તેમના નાપાક કાવત્રાં અને ગતિવિધિઓને કેટલાય ભાગોમાં વહેંચી શકાય છે. જેમ કે :–

### પયગમ્બરે ઈસ્લામ ﷺની શાનમાં તૌહીન તથા આપની ઈજ્જત પર હુમ્લા

આ ઈસ્લામના દુશ્મન દેશો એવા લોકોને પીઠબળ તથા આર્થિક મદદ આપે છે જેઓ પયગમ્બરે ઈસ્લામ ﷺની શાનમાં ગુસ્તાખી કરતા અથવા લખતા હોય છે અથવા તેનો પ્રચાર કરતા હોય છે. બલ્કે આ નાપાક હેતુથી ક઼ાયદેસર એવા મુસ્લિમ નામધારી શૈતાનોને તૈયાર કરવામાં આવે છે જેમ કે તસ્લીમા નસરીન, સલમાન રશદી, ડેન્માર્કનો કાર્ટૂનિસ્ટ અને એમના જેવા બીજા શૈતાનો આવી નાપાક કોશિશો કરતા રહે છે. ઈન્ટરનેટ દ્વારા અમુક ભાડાના લોકો ઈસ્લામ અને પયગમ્બરે ઈસ્લામ ﷺની છબી બગાડીને રજૂ કરી રહ્યા છે.

### ઈસ્લામ વિરૂધ્ધ નેગેટિવ પ્રોપેગન્ડા

ઈસ્લામ અને ઈસ્લામી તા'લીમાતને બદનામ કરવા હજારો પુસ્તકો, મેગેઝિનો તથા લેખો અવારનવાર પ્રકાશિત કરવામાં આવી રહ્યાં છે અને એના પ્રતિ લોકમતને પોતાનો સમર્થક કરવા માટે ઈસ્લામ વિરૂધ્ધ ફિલ્મો, સીરિયલો તથા ડ્રામા પણ બનાવવામાં આવી રહ્યા છે. "ફિત્ના" નામી ફિલ્મ દ્વારા ઈસ્લામ, પયગમ્બરે ઈસ્લામ ﷺ અને મુસલમાનોની છબીને ખરાબ ચિતરવાની કોશિશ કરવામાં આવી. "ધ મેસેજ" વિગેરે ફિલ્મો પણ આ જ ક્રમની એક કડી છે. મીડિયા થકી પૂર્વ રચિત યોજનાબદ્ધ રીતે અવારનવાર એવા ટુક્કા છોડવામાં આવી રહ્યા છે જેનો સંબંધ સીધો ઈસ્લામની મૂળ તા'લીમાતની વિરૂધ્ધ હોય, ઈન્ટરનેટ પર ડઝનબંધી વેબસાઈટો ઈસ્લામ વિરૂધ્ધ લિટરેચર પીરસી રહી છે.

### ઈસ્લામી દેશો પર હુમ્લા અને મુસ્લિમોની ક઼ત્લે આમ

અગાઉની બે સદીઓથી ઈસ્લામી દેશો પર તેઓ સતત હુમ્લા કરી રહ્યા છે, પહેલાં બ્રિટન અને હવે અમેરિકાની આગેવાનીમાં બ્રિટન, ઈઝરાઈલ તથા અન્ય યહૂદી, ઈસાઈ દેશો મુસ્લિમ દેશો વિરૂધ્ધ જંગમાં સામેલ છે.

ઈરાક઼ અને અફઘાનિસ્તાનમાં લાખો બેગુનાહો તેમના જુલ્મના નિશાન બન્યા, બોમ્બ વર્ષાથી ઈરાક઼ અને અફઘાનિસ્તાન સહિત અન્ય મુસ્લિમ દેશો ખંડેરો બની રહ્યા છે, હજારો લોકો બેઘર થઈ ચૂક્યા છે, બે વરસ પહેલાં અમેરિકા અને બ્રિટનની સહાયથી ઈઝરાઈલે લેબનાન પર હુમ્લો કરી હજારોને હલાક઼ અને અબજોની સંપત્તિ તારાજ કરી. પાછલા ૬૦ વરસોથી પેલેસ્ટાઈનવાસીઓ પર જે જુલ્મો થઈ રહ્યા છે તે જગ જાહેર છે. અમુક વરસોથી હિંદુસ્તાન તથા પાકિસ્તાનમાં બેગુનાહો પર હુમ્લા, બોમ્બ ધડાકા તથા અન્ય આંતકવાદી પ્રવૃત્તિઓ વધી ગઈ છે, આ બધા પાછળ અમેરિકા, બ્રિટન અને ઈઝરાઈલનો જ હાથ છે ભલે અમુક ભાડુતી મુસ્લિમ નામધારીઓનાં નામો પડદા પર પ્રકાશમાં આવે છે. આતંકવાદને ઈસ્લામ સાથે સાંકળવાનું બીડુ પણ એમને જ માથે છે.

### કુર્આને અઝીમમાં ફેરફાર કરવાનો પ્રયાસ

ઈસ્લામ દુશ્મનોની એક કોશિશ એ પણ છે કે કુર્આન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે અથવા તેની તા'લીમાતને તોડી મરોડીને રજૂ કરવામાં આવે. ત્રણ વરસ પહેલાં અમેરિકાના કેટલાક કહેવાતા તત્વચિંતકોએ કુર્આનની સરખામણીમાં "ફુર્ક઼ાનુલ હક઼્ક઼" નામી કિતાબ રજૂ કરવાની નાપાક કોશિશ કરી હતી.

## પર્દાનો વિરોધ

અમેરિકા તથા અન્ય યૂરોપ દેશોમાં ધોળે દહાડે જાહેર સ્થળો ઉપર પશુઓની જેમ કામવાસના પૂરી કરવી એ કોઈ શરમજનક બાબત જ નથી. ઔરત એમના નજીક એક માત્ર હવસ પૂરી કરવાનું સાધન છે, એથી વિશેષ નહીં. માટે ઔરતને વધુથી વધુ નગ્ન રાખવી જોઈએ. એટલે જ એમને મુસ્લિમ ઔરતોનો પર્દો જોવોય નથી ગમતો, કે ઈસ્લામી પર્દો જેવી રીતે ઔરતની આબરૂનો રક્ષક છે તેવી જ રીતે આવા હવસખોરો માટે રૂકાવટ પણ છે. તેઓ ઈચ્છે છે કે મુસ્લિમ ઔરતો પર્દો ઉતારી ફેંકે અને તેના માટે બળ જબરી પણ કરવામાં આવે છે. દરેક દેશના બંધારણમાં દરેક વ્યક્તિને પોતાના ધર્મ, સમાજ અને પોતાના રીતરિવાજોનું પાલન કરવાની છૂટ હોય છે તો પર્દાનો વિરોધ શું લોકતંત્રના કાયદા અને માનવતા વિરૂધ્ધ નથી ?

ફ્રાન્સ, અમેરિકા, બ્રિટન તથા અન્ય યૂરોપી દેશોમાં ઈસ્લામી પર્દા વિરૂધ્ધ જોરશોરથી ચળવળો ચલાવવામાં આવી રહી છે.

## નવી નસ્લને ઈસ્લામથી ફેરવવાની સાઝિશ

૧૮ મી સદી ઈસ્વીમાં એક અંગ્રજ ચિંતકે પોતાનો ખ્યાલ જાહેર કર્યો હતો કે, "ઈસ્લામનો મુકાબલો બળ વડે કરવાની સ્થિતિમાં ઈસ્લામ વધુ ફલશે ફુલશે, માટે આપણે બળપ્રયોગના બદલે ઘણી જ દૂરંદેશીથી કામ લેવું પડશે, એના માટે મુસ્લિમ દેશોમાં જગા જગાએ ઈસાઈ તથા યહૂદી મિશનરીના હેઠળ સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવે, મુસ્લિમોના બાળકો જ્યારે આપણી સંસ્થાઓમાં શિક્ષણ પ્રાપ્ત કરશે તો આપણે ઘણી જ સરળતાથી તેમને પોતાના હમખયાલ બનાવી લઈશું, આ રીતે આપણને ઘણી મહાન સફળતા મળશે. આપણા ખયાલો, આપણી સંસ્કૃતિ અને ઈસ્લામ વિરોધી શંકાઓ તે વિદ્યાર્થીઓમાં ફેલાઈ જશે અને તેમના દ્વારા તેમનાં ઘરો અને સમાજમાં ફેલાઈને થોડા જ સમયમાં એ જ મુસલમાનોના હાથે ઈસ્લામી સંસ્કૃતિ વેરવિખેર થઈ જશે." આ તો એક ઈસાઈ ચિંતકનો વિચાર હતો, પરંતુ અફસોસ ! આજની આપણી નવી પેઢી એમની આ નાપાક સાઝિશનો શિકાર થઈને નેકી અને ઈસ્લામી તા'લીમાતથી દૂર, ઈલ્હાદ (અધર્મતા) અને બેદીનીના ભયંકર વંટોળમાં અટવાઈ ગઈ છે. કુર્આન તથા હદીષ અને પયગમ્બરે ઈસ્લામ ﷺના આદેશોથી મોઢું ફેરવી ઈસ્લામ દુશ્મનોની સાઝિશોને અપનાવી જીવન વિતાવવાને પોતાની સફળતા સમજી રહી છે.

## દૌલત થકી કહેવાતા ઉલ્માની ખરીદારી

મુસ્લિમ દેશોને તબાહ કરવામાં ઈસાઈઓ અને યહૂદીઓને જે સફળતા મળી રહી છે એનું એક મોટુ કારણ એ પણ છે કે મુસ્લિમ દેશોના નામ માત્રના ચિંતકો અને કહેવાતા આલિમો દુશ્મનો સાથે પોતાના દીનો ઈમાનનો સોદો કરી ચૂક્યા છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં તેમણે ઈમાનફરોશ ઉલ્મા પેદા કર્યા, તેમને મોટી મોટી રકમો આપી પોતાની મરજી મુજબનાં કામો કરાવ્યાં, માનવ બોમ્બર તૈયાર કર્યા. એ નામ માત્રના આલિમો આજે ઈસ્લામ વિરૂધ્ધ અમેરિકાનો રાગ આલાપી રહ્યા છે અને પોતાના દેશ તથા કૌમને નુકસાન પહોંચાડે છે. આપણા પ્રિય વતન હિંદુસ્તાનમાં પણ આવા ઘણા લોકો ઈસાઈઓ તથા યહૂદીઓ માટે કામ કરી રહ્યા છે. એક વરસ પહેલાં મુબારક કરીમ જોહર નામી એક મોલ્વીનો પર્દાફાશ થયો જેણે યહૂદીઓ તથા ઈસાઈઓના ખયાલોના પ્રચાર માટે બંગાળી ભાષામાં કુર્આન તથા હદીષની સમજૂતીના નામે વિવિધ પુસ્તકો લખ્યાં. ન જાણે આવા બીજા કેટલા લોકો હશે જેમના ચેહરા હજી પર્દામાં છે અને વહાબી દેવબંદી ચળવળ પણ આ જ ક્રમની એક મજબૂત કડી છે જેમનાં લખાણો અને વિચારોથી દરેક આ વાતને સ્પષ્ટ રીતે સમજી તથા જાણી શકે છે.

## રીલિફ ફંડ અને સહાયની આડમાં મુસ્લિમોને ઈસાઈ બનાવવાની નાપાક કોશિશ

એક બાજુ તો બોમ્બવર્ષા, રોકેટ અને

મિસાઈલોથી મુસલમાનોને તબાહ કરી રહ્યા છે તો બીજી બાજુ જૂઠી હમદર્દી દર્શાવી તબાહ હાલ મુલમાનોને રીલિફ પણ પહોંચાડી રહ્યા છે ! અને એની આડમાં મુસ્લિમોને ઈસાઈ બનાવવામાં આવી રહ્યા છે. ઈન્ડોનેશિયામાં સૂનામી પછી લાખો લોકોને રીલિફ અને સહાયના નામે ઈસાઈ બનાવવામાં આવ્યા. અફઘાનિસ્તાન અને ઈરાક઼માં પણ આમ જ કરવામાં આવ્યું. હિંદુસ્તાન, પાકિસ્તાન, અને બંગલાદેશના પછાત વિસ્તારોમાં ગરીબ મુસ્લિમો તથા ગૈર મુસ્લિમોને માલી મદદના બહાને ઈસાઈયતની તા'લીમ આપવામાં આવી રહી છે.

## ઈસ્લામી સંસ્કૃતિને મિટાવવાની કોશિશો

ઈસ્લામી તેહઝીબો તમદ્દુન (રીત રિવાજ તથા સંસ્કાર) અને સંસ્કૃતિને નષ્ટ કરવા માટે તેઓ અબજો ડોલરો ખર્ચી રહ્યા છે. મુસલમાનોમાં શરાબ, જૂગાર, બદકારી વગેરે બુરાઈઓને ફેલાવવા માટે આયોજન પૂર્વક નિત નવી રીતો અપનાવી રહ્યા છે. આ માટે ફિલ્મો સીરિયલો અને ડ્રામા પણ બનાવવામાં આવ્યા જેમનાથી ધાર્મિક, સામાજિક તથા સંસ્કારિક સ્તરે થતુ નુકસાન અને આજની નવી પેઢી પર તેની આડ અસરો સ્પષ્ટ રીતે અનુભવી શકાય છે, અને એના જ પરિણામે નવયુવાનોમાં શરાબ, જૂગાર, વ્યભિચાર અને દીનથી બેઝારી દિન પ્રતિ દિન વધી રહી છે. આના માટે તેઓ સ્ત્રીઓને હાથો બનાવે છે. આપણે જોઈએ છીએ કે આજની કહેવાતી મુસ્લિમ સ્ત્રીઓ અને યુવતીઓ જાણે અજાણે તેમની પેરવી કરી તેમની સાઝિશ મુજબ નવયુવાનોના ઈમાન, અમલ અને કિરદારને તાર તાર કરી રહી છે, લિબાસ અને બોલચાલ પણ અંગ્રેજ સ્ટાઈલની અપનાવવામાં આવી રહી છે.

આ સર્વ તો એ સાઝિશો છે જે ઉઘાડી અને જગ જાહેર છે પરંતુ આનાથીય ખતરનાક એમની અમુક રહસ્યમય ગતિવિધિઓ હજી સુધી બેનકાબ નથી થઈ, જેમ કે આખી દુનિયાને ધાર્મિક, આર્થિક અને દરેક રીતે તબાહ તથા બરબાદ કરવાના હેતુથી આખા વિશ્વમાં ફેલાએલ ગુપ્ત અને ઘણા રહસ્યમય તરીક઼ા પર ચાલતી યહૂદી સંસ્થા ''ફ્રી મેસન''નું નામ પણ પ્રકાશમાં આવ્યું છે, પરંતુ ઘણા ઓછા લોકો એના વિશે જાણતા હોય છે.

## યહૂદી ઈસાઈ સાઝિશને સફળ બનાવવામાં મુસ્લિમોનો જ રોલ !

હવે આપણા પોતાની સ્થિતિ પર એક નજર દોડાવીએ તો સમજાશે કે યહૂદીઓ અને ઈસાઈઓ તો ઈસ્લામ અને મુસલમાનોના હમેશાંથી દુશ્મન છે જ અને એ જ દુશ્મનીમાં તેઓ ઈસ્લામ અને મુસલમાનોનું નામોનિશાન મિટાવવા દરેક શક્ય કોશિશો કરી રહ્યા છે પરંતુ અફસોસ ! ઈસાઈઓ અને યહૂદીઓની સાઝિશોને સફળ બનાવવામાં પોતાને મુસલમાન કહેવાવાળાઓનો જ મોટો રોલ છે ! **આપણે એ ભૂલી ગયા કે પશ્ચિમી અને અંગ્રેજી રહેણીકરણી તથા ચાલચલન અપનાવી આપણે પોતે ઈસ્લામની જડો ખોદી રહ્યા છીએ. જો એવું કહેવામાં આવે કે ઈસ્લામને યહૂદીઓ તથા ઈસાઈઓ કરતાં કેટલાય અંશે વધુ નુકસાન મુસલમાનો પહોંચાડી રહ્યા છે, તો કાંઈ ખોટુ નહીં કહેવાય.** વિશેષતમ આપણી નવી પેઢી અને તેમાંય વિશેષ રીતે કહેવાતી ઈસ્લામી શેહઝાદીઓ અને ક઼ૌમો મિલ્લતની બેટીઓની સ્થિતિ જોઈ, સાંભળી કાળજુ મોઢે આવી જાય છે !

જરૂરી છે કે મુસલમાનો યહૂદીઓ અને ઈસાઈઓની સાઝિશોને સમજે, એમની વૈચારિક ગુલામી અને આંધળા અનુકરણના બદલે ઈસ્લામી તા'લીમાતને અપનાવે, ઈસ્લામ અને ઈસ્લામી તા'લીમાતને બચાવવા કુર્બાનીનો જઝ્બો પેદા કરે. આ રીતે આજે નહીં તો કાલે પણ જરૂર આપણો બેડો પાર થશે અને લોકો ઈસ્લામના દામને કરમમાં આવશે પછી દુનિયામાં અમ્નો અમાન અને સુખ શાંતિ સામ્રાજ્ય સ્થાપિત જશે. ઈન્શાઅલ્લાહ !

*(સુન્ની દાવતે ઈસ્લામી ત્રિ માસિક, જુલાઈ થી સપ્ટેમ્બર, ૨૦૧૦, અઝ : મૌલાના મુહમ્મદ મુજાહિદ હુસૈની જયબી)*

# મસઊદે મિલ્લત

## ઉત્તમ વિચારસરણીના નમૂના

પ્રોફેસર ડોક્ટર મુહમ્મદ મસ્ઊદ અહમદ મઝહરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ તે ખુશ નસીબ વ્યક્તિઓમાંથી એક હતા. જેમણે દીનો મિલ્લતની ખિદમત માટે પોતાને વકફ કરી આપ્યા હતા. બેશક ! મસ્ઊદે મિલ્લત નામના પણ મસ્ઊદ (ખુશનસીબ) હતા તથા કામના પણ મસ્ઊદ હતા. તેઓ એક સંવેદનશીલ દિલ ધરાવતા હતા જે હમેશાં ઈસ્લામ માટે ધડ઼કતુ રહેતુ હતું. તેમણે પોતાની જિંદગીની અણમોલ ક્ષણો મઝહબ તથા દીનની પ્રગતિ તથા ઉન્નતિ માટે વિતાવી હતી. અને પોતાની નેક તથા ઉત્તમ વિચારસરણી વડે એવો ગુલશન સજાવ્યો જેની સુગંધો આજે પણ દુનિયાના કેટલાયે દેશોમાં અનુભવવામાં આવી રહી છે. ઈસ્લામ સાથે તેમને દિલી લગાવ હતો અને એ જ લગાવ તથા મહોબ્બતનું જામ લોકોને પણ પીવડાવતા રહ્યા. તેઓ ઈસ્લામની શાન તથા અઝમત અંગે વારંવાર લખતા રહેતા તથા ઈસ્લામ વિરુદ્ધ ઘડવામાં આવતાં કાવતરાંઓ તથા ષડયંત્રોથી બેચૈન તથા વ્યાકૂળ થઈ જતા હતા.

પોતાની કિતાબ ''દીને ફિતરત''માં એક જગ્યાએ લખે છે કે, ''આ કિતાબમાં (મુઝ) લેખકની વિચારસરણીનું કેન્દ્ર પ્રાકૃતિક ધર્મ એટલે કે ઈસ્લામ છે. કેમ કે અન્ય ઈલ્હામી ધર્મોનું અસ્તિત્વ આનાથી (ઈસ્લામથી) તૂટીને જ બન્યું છે. કોશિશ કરવામાં આવી છે કે કોઈપણ જાતના પૂર્વગ્રહ તથા પક્ષપાત, તંગદિલી તથા તરફદારી વિના દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ) વિશે વાંચકો સમક્ષ સચ્ચાઈઓ, હક઼ીક઼તો રજૂ કરી દેવામાં આવે ત્યાર બાદ ક઼બૂલ કરવું ન કરવું તેમનું કામ છે. માનવ જગતને ઈસ્લામની જરૂરત છે. અહિંયાં (ઈસ્લામમાં) તે રોશની છે જે ક્યાંય પણ જોવામાં નથી આવતી, અહિંયાં એવી ઠંડક છે જે ક્યાંય પણ અનુભવવામાં નથી આવતી. આ જ કારણે કેટલાયે ગૈરમુસ્લિમ વિધ્વાનો પણ પોતાના દેશોમાં 'ઈસ્લામી ક઼લમો તથા સજાઓ'ને લાગુ કરવાની વાત કરે છે.'' *(પયગામે મસ્ઊદ)*

આ હક઼ીક઼ત હવે ગુપ્ત નથી રહી કે સુન્ની ઈસ્લામ જ સાચો ઈસ્લામ છે, આ જ સફળતાનો શ્રેષ્ઠ માર્ગ છે. એટલા માટે મસ્ઊદે મિલ્લત વધુ પડતી ફિક્ર તેની કરતા. આપ અહલે સુન્નત વ જમાઅતની અઝમતનાં ગીતો ગાતા, તેની શક્તિ તથા મહાનતાથી મુસલમાનોને માહિતગાર કરતા રહેતા તેમજ હમેશાં ઈત્તેહાદ (એક્તા) તથા સંગઠનની વાત કરતા. એહલે સુન્નત વ જમાઅતમાં ઉદ્ભવેલ ઈખ્તેલાફ તથા વિખવાદથી આપ બેક઼રાર રહેતા. એટલા માટે જ ઈત્તેહાદ તથા એક્તા અંગે કિંમતી તથા ફાયદાકારક તજવીઝો તથા મશવરાઓ રજૂ કરતા રહેતા. જેમ કે પોતાના પયગામમાં ઘણા પ્રેમભર્યા અંદાઝમાં લખે છે :–

''એહલે સુન્નત (સુન્નીઓ) એક મહાન શક્તિ હતા અને આજે પણ એક મહાન તાક઼ત છે, તેમની પાસે દૌલતની કમી નથી પણ અમલમાં નિખાલસતા તથા કેન્દ્રિયતાનો અભાવ છે, જેથી તે દિલની કેળવણી તથા વિચારશ્રેણીની સુધારણાથી મેળવી શકાય છે. ઈસ્લામ દુશ્મન તાક઼તોને એહલે સુન્નત વ જમાઅતની વૈશ્વિક સ્તરે તાક઼ાતનો પૂરેપૂરો અંદાજો થઈ ચૂક્યો છે, એ જ કારણે તમામ દુશ્મનોનું ધ્યાન એહલે સુન્નત તરફ જ છે. એહલે સુન્નતને પણ દુશ્મનના નાપાક ઈરાદાઓનો એહસાસ તથા જાણકારી હોવી જોઈએ. એટલા માટે જ વિશ્વસ્તરે એહલે સુન્નત વ જમાઅતનું સંગઠિત હોવું સમયની એક અહમ જરૂરત છે.'' *(પયગામે મસ્ઊદ, પેજ–૪)*

રજૂકર્તા : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

મસ્ઊદે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના આશિક્ હતા. તેમણે આ'લા હઝરતના જીવન ચરિત્રનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો હતો, જેથી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની વિચારશ્રેણીનો આપના પર ઘણો પ્રભાવ હતો, અને એ જ આ'લા હઝરતના ખયાલોનો પ્રચાર આપ કલમની જબાનથી કરતા રહ્યા. મિલ્લતની વિખેરાયેલી ઝુલ્ફોને એક કરવા તથા એહલે સુન્નતને ઉજ્જવળ ભવિષ્ય તરફ વાળવાની અપાર ભાવનાઓ આપના દિલમાં મોજાં મારતી હતી. આપની લખેલી નાની મોટી તમામ કિતાબો દ્વારા જેનો અંદાજો સારી રીતે લગાડી શકાય છે. દીની, ઈલ્મી, ઈસ્લાહી, ચિંતનાત્મક તથા સંગઠન સંબંધિત જાગૃકતા માટે મસ્ઊદે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْની વિચારસરણીનું આ પ્રકાશિત પાસુ જુઓ. આપ ફર્માવે છે કે :–

''અહલે સુન્નતના તમામ કલમકારો પોતાની કલમી શક્તિઓને તથા વ્યક્તિગત કોશિશોને એકદમ બરખાસ્ત કરીને એક વિશ્વસ્તરિય વ્યવસ્થા તથા પ્રબંધ મુજબ કામ કરે જેથી થોડા સમયમાં ઘણુ બધુ પ્રાપ્ત કરી શકાય, જે કામો આપણા ઓલ્મા તથા મશાઈખ (પીરો) કરી શકે છે તેવાં કામો તેઓ જ કરે, જે કામો આપણા માલદાર લોકો તથા આપણી ગરીબ અવામ કરી શકે છે તેઓ તેવાં કામો કરે, જેમ કે આર્થિક રીતે સદ્ધર લોકો કૌમના તથા દેશના પાત્રતાવાળા હોશિયાર ગરીબ તલ્બાની આર્થિક જરૂરતો પૂરી પાડે, કેમ કે તે જ કૌમનો કિંમતી સરમાયો છે, બલ્કે વિશ્વસ્તરે સંપર્ક કરી દુનિયાના તમામ દૌલતમંદ મુસલમાનો આ ફરીઝો અદા કરે. આ મકસદને પ્રાપ્ત કરવા માટે દરેક ઈલાકામાં કેન્દ્રો સ્થાપિત કરી શકાય છે. બાળકોને ઈલ્મના અલંકારથી શણગારો, હુન્નર શીખવાડો, તાલિબે ઈલ્મીના સમયથી સિલાઈ કામ, સુલેખન કલા, બુક બાઈડીંગ વગેરે જેવા હલકા ફુલ્કા હુન્નરો શીખવાડી શકાય છે. જેથી વિદ્યાર્થી સ્વાવલંબી બની શકે તથા નવરાશના કારણે કોઈ દુર્વ્યસન તથા ખરાબ માર્ગે ન દોરાય જાય. દરેક બાળકને લાઝિમ રીતે કુર્આને કરીમનું નાઝરા પઢાવે, અને બે ત્રણ બાળકો હોય તો એકને જરૂર હાફેઝ તથા આલિમ બનાવે, દરેક પ્રકારના આધુનિક તથા પુરાણા જ્ઞાનો કલાવિદ્યાઓથી બાળકોને શણગારે, પરંતુ કોઈપણ સ્થિતિમાં ઈસ્લામી રહેણીકરણીને ભેટ ન ચઢાવી આપે. નિખાલસતા પેદા કરે, રિયાકારી તથા દેખાવથી પરહેઝ કરે, સલામ કરવાનો રિવાજ પાડે, જીવનમાં ઈસ્લામી શિસ્ત તથા અદબોને અપનાવે.''

આગળ ફર્માવે છે કે, **''સૂકા ટુકડા ખાય અને એ યકીન રાખે કે તે કરીમ ઉમદા રોજી આપશે**, તેના વાયદાઓ સાચા છે. જે કાંઈ પણ ખરીદો મુસલમાન પાસેથી જ ખરીદો અને મુસલમાન પણ મોંઘુ વેચીને પોતાના ભાઈને બેઝાર ન કરે. **દેખાવ તથા અખ્લાક (સૂરત તથા સીરત) એવા અપનાવે કે દૂરથી ઓળખાય જાય, એ મુસલમાન જ કેવો કે જેને પરીચયની જરૂરત પડે ?!''** *(પયગામે મસ્ઊદ, પેજ–૮)*

મસ્ઊદે મિલ્લત, આશિકે મુસ્તફા પણ હતા તથા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના વફાદાર પણ હતા. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની મહોબ્બત તથા અકીદતથી આપનું સીનુ રોશન હતું, મુસ્તફા صلی اللہ علیہ وسلمની મહોબ્બતમાં આપની કલમ સતત ચાલતી રહેતી હતી, પોતાના મુસલમાન ભાઈઓને પણ આ જ જામ વડે હમેશાં સૈરાબ કરતા રહ્યા, ઈશ્કે નબવીની શમ્અ મુસલમાનોના દિલોમાં રોશન કરવા માટે આપની ઝબાન તથા કલમે વિશેષ ભાગ ભજવ્યો, તેમની લખેલ કિતાબો તથા રિસાલાઓમાં આ મહોબ્બત તથા અકીદતના રંગબેરંગી ફૂલો વિખેરાયેલાં જોવા મળે છે. તા'ઝીમ તથા એહતેરામે રસૂલ صلی اللہ علیہ وسلمના ચિત્ર વિચિત્ર નમૂનાઓ પણ જોવા મળે છે. સાંભળો તો ખરા ! તે કેટલા પ્રેમભર્યા શબ્દો બોલે છે ! (લખે છે) :–

''દરેક પ્રેમ કરનાર પોતાના મેહબૂબ તથા પ્રેમીને યાદ કરવામાં તથા તેનું ઝિક્ર (ચર્ચા) સાંભળવામાં આનંદ તથા ચૈન તથા સુકૂન અનુભવે છે, ઝિક્ર કરનારાઓથી પણ મહોબ્બત કરવા લાગે છે, આ

ઈશ્ક઼ તથા મહોબ્બતની ફિતરત (પ્રકૃતિ) છે, જે તેના વિરુદ્ધ કરે તે બધું હોય શકે પણ આશિક઼ નથી હોય શક્તો, દિલ એ જ કહે છે, બુદ્ધિ પણ એ જ કહે છે.''

વધુમાં આગળ ફર્માવે છે કે, **''આપણે સરકશી તથા નાફર્માની માટે તૈયાર થઈ ગયા છીએ, દરેક હુકમ તથા આદેશને ટાળ્યો છે અને પોતાના નફ઼્સના દરેક હુકમનું પાલન કર્યું છે. કાફિરો, મુશ્રિકો, યહૂદીઓ તથા ઈસાઈઓના અસંખ્ય રિવાજો તથા ટેવો આપણે અપનાવી લીધી છે. અને તેને અપનાવનારા લોકો આ વિચિત્ર રિવાજો તથા કુટુવોની ટીકા ટીપ્પણી કરનારાઓથી પણ બેઝાર દેખાવા લાગ્યા ! આ તમામ બુરાઈઓ તથા કુટેવો છતાં પણ આપણે પોતાની જીદ ઉપર ક઼ાયમ છીએ, યહૂદીઓ તથા ઈસાઈઓના રિવાજોનો ફેલાવો કરી રહ્યા છીએ ! અને ઉમ્મતના નેક સાલેહ લોકોની સુન્નતો તથા ટેવો ઉપર પ્રતિબંધ લગાડી રહ્યા છીએ ! કોઈપણ યોગ્ય તથા ભલી વાત સાંભળવા માટે તૈયાર નથી. શું ઈમાનનો આ જ તકાઝો છે ?** તથા તેની આ જ અપેક્ષા છે ? નહીં ! નહીં ! ઈમાનનો તક઼ાઝો તથા તેની માંગ તો એ છે કે અલ્લાહનો હુકમ માનવામાં આવે નફ઼્સનો નહીં, તો હુકમ એ છે કે સરવરે આલમ ﷺને હર પલ યાદ કરવામાં આવે, દુરૂદો સલામ પઢવામાં આવે, ફરિશ્તાઓની જેમ, નેક લોકોની જેમ ઉભા થઈને, બેસીને જે રીતે પણ શક્ય હોય તે રીતે પેશ કરવામાં આવે, **ઈમાનની માંગ તથા અપેક્ષા તો એ છે કે આપણે ઈસ્લામની દુશ્મનીમાં ઈસ્લામના દુશ્મનોનો સાથ ન આપીએ,** આપણે મહોબ્બતે મુસ્તફા ﷺને સીનાથી લગાડીને રાખીએ કે આ જ તે દૌલત છે જેને આખી દુનિયાના લૂટારાઓ લૂટવાની કોશિશ તથા ફિકરમાં છે. આ અનમોલ દૌલતને લૂટાવી ન આપો.'' *(ઈદે ક઼ૌનૈન, પેજ–૭)*

આ એક હક઼ીક઼ત છે કે દુનિયામાં એ જ ક઼ૌમની અઝમત તથા શાનો શૌકતના ઝંડા લહેરાય છે જે અખ્લાક઼ે હસના (સારી વર્તણૂક) તથા લાભદાયક કાર્યોથી સુસજ્જ હોય છે. દુનિયાની અન્ય ક઼ૌમો તેની સામે માથુ ટેકવતી રહે છે. રિસાલતના યુગથી લઈને આજ સુધી આના કેટલાયે નમૂનો જોઈ શકાય છે, પરંતુ જ્યારે તેના માનવાવાળા (મુસલમાનો) આ ખૂબીઓથી વંચિત થઈ જાય તો અધોગતિ તથા પછાતપણુ તેમને પોતાનો શિકાર બનાવી લે છે, તેમજ ઈજ્જત તથા અઝમતનો અણમોલ તાજ તેમના માથા ઉપરથી ઉતારી ફેંકવામાં આવે છે.

આજે મુસલમાન ક઼ૌમ પોતાના બદ્અમલોના કારણે બદ્નામ થઈ રહી છે, અને ગૈરો તથા અન્ય લોકો તેમના સંસ્કાર તથા સંસ્કૃતિની મઝાક ઉડાડી રહી છે. કાલ સુધી જેમના માત્ર નામથી મોટી મોટી સત્તાઓ તથા હુકૂમતો ધ્રુજતી હતી પણ આજે પ્રેમની નિગાહથી તેમની તરફ જોવા પણ કોઈ તૈયાર નથી થતું. પ્રોફેસર મસ્ઊદે મિલ્લત આવી સ્થિતિઓને જોઈને અતિ વ્યાકૂળતા અનુભવતા. તેમના હક઼ીક઼તભર્યા આ વાક્યોને જુઓ :–

**''માથા ઉપર ટોપીઓ હતી ના'બૂદ થઈ ગઈ, ખુદા જાણે ક્યાં જતી રહી ! હવે શોધતાં પણ નથી મળતી, બુઝુર્ગો તથા વડીલો સમક્ષ ટોપી પહેર્યા વિના જવું એક ક઼યામત (સમજવામાં આવતી) હતી ! અત્યારે બુઝુર્ગો, વડીલો પોતે ખુલ્લા માથે ફરતા દેખાય છે !** અને અત્યંત બેબાકી તથા બેહયાઈની સાથે બજારોમાં ખાવું, હોટલોમાં જવું સખત ઐબની વાત હતી, હવે નાનાઓ તથા મોટાઓ દરેક બજારો તથા હોટલોમાં ખુલ્લે આમ ખાતા દેખાય છે. ઈક઼બાલે કહ્યું હતું કે ''ગુલામીને ક઼ૌમોં કા ઝમીર બદલ ડાલા'' આ કેટલી આશ્ચર્યજનક વાત છે. *(મૌજે ખયાલ, પેજ–૧૩૭)*

વેસ્ટર્ન કલ્ચરે જે રીતે મુસલમાન મર્દો ઉપર પોતાની ગંદી અસરો છોડી છે એ જ રીતે મુસલમાન સ્ત્રીઓને પણ પોતાનો ભોગ બનાવી લીધી છે. તેમને ઈસ્લામી રિવાજો તથા આદતોથી બેપરવા કરી નાખી

છે, પોતાના નાપાક સિદ્ધાંતો તથા ગંદા વિચારોની ચાહક બનાવી આપી છે અને નોબત (સ્થિતિ) એવી આવી ગઈ છે કે **આજે મુસ્લિમ ખાતૂનો પર્દો કરવાને અચબ સમજે છે,** આઝાદ થઈને બજારોમાં બેધડ્ક તહેલવાને ગર્વ સમજે છે ! "આવાઝ દો ઈન્સાફ કો ઈન્સાફ કહાં હૈ ?"

આજે માત્ર શહેરોમાં જ નહીં બલ્કે ગામડાંઓમાં પણ વેસ્ટર્ન કલ્ચરને અપનાવવામાં ગર્વ અનુભવવામાં આવે છે. બેપર્દગી, નગ્નતા, અશ્લિલતા તથા બિભત્સ બોલીઓ આપણી બાઈઝ્ઝત તથા પાક સંસ્કૃતિ ઉપર એક કાળો ધબ્બો છે.

*વો ફિક્રે ગુસ્તાખ જિસ્ને ઉર્યાં કિયા હૈ ફિતરત કી તાકતોં કો*
*ઉસી કી બેતાબ બિજલિયોં સે ખતરે મેં હૈ ઉસ્કા આશિયાના*

હોવું તો એ જોઈએ કે આપણે આવી તેહઝીબ (વેસ્ટર્ન સંસ્કૃતિ)નો વિરોધ કરતા, આપણી વાણીથી પણ અને આપણા વર્તનથી પણ. આ રીતે કે :–

*ખીરા ન કર હમે જલ્વએ તાબિશે ફરહંગ*
*સુરમા હો અપની આંખ કા ખાકે મદીના વ નજફ*

મુસ્લિમ સ્ત્રીઓની આ કપરી સ્થિતિથી મસ્ઊદે મિલ્લત ઘણા ફિક્રમંદ રહેતા તથા તેના ઉપર ખૂબ જ અફસોસ જાહેર કરતા.

એક જગ્યાએ ફર્માવે છે કે, "એક તે જમાનો હતો જ્યારે ખાતૂન (સ્ત્રી) સભાઓની પરી ન હતી, ડોલીઓમાં જતી હતી, બુરખા વિના ઘરથી બહાર ન જતી હતી, પગથિયાંથી જ્યારે ઉતરતી તો દરવાજા ઉપર ડોલી રાખી દેવામાં આવતી અને આટલુ જ નહીં, ચારે બાજુથી પર્દા લગાડી દેવામાં આવતા, ગલીઓ તથા સડકોનો આખો ટ્રાફિક રોકાય જતો હતો, હિન્દુ, શીખ, ઈસાઈ જે કોઈ પણ તે ગલીમાંથી પસાર થતો મોઢું ફેરવીને ઉભો થઈ જતો. જ્યારે આ નાઝની પાલી (લાડ પ્યારમાં ઉછરેલી) હજારો નખરાની સાથે ડોલીમાં બેસતી અને કહ્હારો (પાલખી ઊંચકનારાઓ)ના ખભા ઉપર ગલી કૂચાઓમાંથી એ રીતે પસાર થતી જેવી રીતે કે કોઈ શાહી સવારી પસાર થતી હોય. કહ્હાર "હટો ! બચો !"ની સદાઓ લગાડતા લગાડતા ચાલ્યા જતા અને રસ્તાના તમામ લોકો હટતા જતા. (આ કોઈ અરબ દેશની વાત નથી) આ દિલ્હીની વાત કરી રહ્યો છું, પરંતુ ઈસ્લામી સંસ્કારના તમામ ઈલાકાઓમાં લગભગ આ જ પ્રમાણે થતુ હતું પરંતુ હવે આ બધી વાતો "નક્શો નિગારે તાકે નિસ્યાં હો ગઈ" (વિસ્મૃતિના ગોખલાની શોભા બની ગઈ છે.)

**શરમ તથા હયા ફેશનની ભેટ ચડી ગઈ, એવા પોષાક તથા કપડાંઓ અપનાવવામાં આવ્યાં કે જેનાથી રૂહે હયાત (જીવનનો પ્રાણ) પણ ધ્રુજી ઉઠી ! દોપટ્ટાઓ તથા આંચલો સંકોચાઈ સંકોચાઈને ગળામાં આવી ગયા ! અને અમુક હિંમતવાળી ખાતૂનોએ તો આટલા ફંડાને પણ કાઢી ફેંક્યો ! તેમજ કપડાં પણ સંકોચાઈ સંકોચાઈને એકદમ શરીર સાથે ચિપકી ગયાં ! અલ્લાહ ! અલ્લાહ !** *(મૌજે ખયાલ, પેજ: ૧૨૫, ૧૨૬, ૧૩૦)*

ત્યાર બાદ હુઝૂર મસ્ઊદે મિલ્લત સ્ત્રીઓને નસીહત ફર્માવતાં લખે છે :–

**"સ્ત્રીઓ હઝરત ફાતેમા رضی اللہ عنہا તથા હઝરત આયશા સિદ્દીકા رضی اللہ عنہا અઝવાજે મુતહ્હરાત તથા સહાબિયાઓના રોશન નમૂનાઓને સામે રાખે. ઈસ્લામે આપણને ઘણુ બધુ આપ્યું છે, બસ ! સંભાળી રાખવાની જરૂરત છે. દરેક સ્થિતિમાં ઈસ્લામી રહેણીકરણીને કાયમ રાખે અને તેમાં (ઈસ્લામી સંસ્કારમાં) કદાપિ શરમ ન કરે, બલ્કે ગર્વ અનુભવે અને અધોગતિને ના'બૂદ કરે."** *(પયગામે મસ્ઊદ, પેજ–૮)*

હવે અંતમાં અમુક હુઝૂર મસ્ઊદે મિલ્લત رحمۃ اللہ علیہના અણમોલ કથનોને જોતા ચાલો જેનાથી મસ્ઊદે મિલ્લતની નેક નિય્યતથી તથા તેમની ઉત્તમ વિચારસરણીના નમૂનાઓ જોવા મળે છે. ફર્માવે છે કે :–

**૧.** નેકી (ભલાઈ)ના બદલામાં બદી (બુરાઈ) હિંસક પ્રાણી કરે છે, નેકીના બદલામાં નેકી (અન્ય) પ્રાણીઓ કરે છે, **બદીના બદલામાં નેકી માત્ર ઈન્સાન કરે છે,** (એટલા માટે) ઈન્સાન બનવું ઘણી નેકનસીબીની વાત છે.

**૨.** મહાન તે નથી જેની મોટી મોટી જાગીરો હોય, શાનદાર ઈમારતો હોય, લાંબી ચોડી કારો હોય, આ સર્વ તો વજૂદ (અસ્તિત્વ)થી અલગ છે. **મહાન તે છે જેનો કિરદાર મહાન હોય,** આ મહાનતા (આપણા) વજૂદ (અસ્તિત્વ)ની અંદર હોય છે.

**૩. ઈલ્મ–જ્ઞાનમાં ઘમંડ ઈબ્લીસની નિશાની છે,** માલો **દૌલતમાં ઘમંડ કારૂનની** નિશાની છે, **સત્તા તથા હોદ્દામાં ઘમંડ ફિરઔનની** નિશાની છે, **આજીઝી તથા ઈન્કેસારી** (નમ્રતા તથા વિનય) જાને જાનાં (એટલે કે **હુઝૂર** ﷺ)**ની નિશાની છે.**

**૪.** અલ્લાહના મહબૂબોની મહોબ્બતમાં ચૈન (રાહત), તેમની વાતોમાં ચૈન, તેમની યાદોમાં ચૈન તથા તેમની કબ્રો ઉપર ચૈન છે.

**૫.** માનવી માનવીનો અરીસો છે, એક વ્યક્તિ બીજી વ્યક્તિની ઐબ કાઢે છે. **મુબારક છે તે વ્યક્તિ જે પોતાનો જ અરીસો બની જાય.** બીજાઓની ખામીઓ શોધવાથી બચીને **પોતાની ખામીઓને જોવા લાગે.**

**૬.** ખોડ ખામીઓ કાઢવાથી કોઈ પણ ન સુધરે, સુધાર તો અતિ પ્રેમથી થાય છે, આ જ પદ્ધતિથી સરકારે દો આલમ ﷺએ કેટલાયે લોખંડી દિલો ધરાવતા અરબોને એક પળમાં પીગળાવી આપ્યા. જો આપ ﷺ સખત મિજાઝના હોત તો અરબના નવયુવાનો આપના ઉપર પરવાનાવાર ફિદા ન થાત. આ તમામ ફિદાકારીઓ સરકાર ﷺના ખુલ્કે અઝીમ (મહાન સદ્‌વર્તણૂક)ની કરામત છે.

**૭.** બેશક ! સાચો ઈલ્મ એ પૂરે પૂરો અદબ (શિસ્ત) જ છે. અદબ નથી તો કાંઈ જ નથી. **પશ્ચિમી દુનિયા તથા પશ્ચિમી વિચારધારા આપણને બેઅદબ બનાવી રહી છે જેથી બેઅદબીના આ અંધકારમાં અદબનો ચિરાગ રોશન કરવો જરૂરી છે.** જે ખુશનસીબો ઈસ્લામી ઉલૂમ (જ્ઞાનો)ના પ્રચારમાં મહેનત કરી રહ્યા છે તેઓ ચિરાગ રોશન કરીને અંધકારમાં ઉજાશ ફેલાવી રહ્યા છે. બેશક ! આ જ સાચો ઈલ્મ છે જે માનવીને અદબ તથા શિષ્ટાચાર શીખવાડે છે.
*(જવાહિરે મસ્ઊદિયા, બહવાલા સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક, જુલાઈથી સપ્ટે. ૨૦૧૦, અઝ : ગુલામ મુસ્તફા કાદરી રઝવી)*


## અણમોલ કિતાબો મંગાવો !

★ **બહારે શરીઅત ભાગ–૧ થી ૫ તથા ભાગ–૫ થી ૧૦** (બે જિલ્દોમાં) અકીદા, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, નિકાહ, તલાક.....વગેરે લગતી હદીષો તથા મસાઈલનો અજોડ ખજાનો. ૧ સેટના રૂા. ૩૦૦/– (ટપાલ ખર્ચ ૨૫/– રૂા.)

★ **કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન** (કુર્આન શરીફનો આ'લા હઝરતે કરેલ ઉર્દૂ તર્જુમો તથા સદરુલ અફાઝિલની લખેલ તફસીરનો ગુજરાતી અનુવાદ) હદિયો : **૩૫૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૨૫/–રૂા.) ગુજરાતીમાં કુર્આન સમજવા જરૂરથી મંગાવશો.

★ **નુઝહતુલ કારી શરહે બુખારી** (ભાગ–૧) હદિયો : **૧૫૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.)

★ **નુઝહતુલ કારી શરહે બુખારી** (ભાગ–૨) હદિયો : **૧૮૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૧૫/– રૂા.)

★ **બુઝુર્ગોના અકીદા** (પેજીસ–૩૩૬) હદિયો : **૧૦૦/–** રૂા. (ટપાલ ખર્ચ ૫/– રૂા.)

પ્રાપ્તિ સ્થાન : અંજુમને રઝાએ મુસ્તફા, મા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)



# ફાતેહા અને ઈસાલે સવાબનું મહત્વ

## હદીષોની રોશનીમાં

(હપ્તો : ૧)

અઝ : **હઝરત મૌલાના શફીઅ ઓકાળવી** رحمۃ اللہ علیہ (પાક.)

અનુવાદક : **મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી–પીપળીયા** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ)*

*ઔલાદને માં બાપ તથા સગાં પ્રતિ દિલી લાગણી હોવી એ ફિતરી ચીજ તથા ઈમાનનો પણ તક઼ાઝો છે, અને* **દુનિયાની તકલીફો કરતાં આખેરતની તકલીફો અતિશય ભયાનક હોય છે.** *મરનારાઓ હવે અમલો કરવાથી લાચાર છે જેથી વફાદાર, લાગણીમય, સપૂત ઔલાદની, સાચા મુસલમાનની ફરજ છે કે દરેક વખતે પોતાનાં માબાપને માટે, સગાં માટે બલ્કે સર્વ ઈમાનવાળા મુસલમાનો માટે મગફેરતની સતત દુઆ કરતો રહે, નેક કામો કરી ઈસાલે સવાબ કરતો રહે. મઝકૂર લેખમાં ઈસાલે સવાબની ફઝીલત તથા સાબિતી વાંચો અને તેના પર અમલ કરી તમારાં પ્યારાં માબાપ તથા સગાં તથા ઈમાનવાળા બંદાઓને ક઼બ્રમાં, ક઼યામતમાં તથા જહન્નમના અઝાબથી મુક્તિ અપાવો. –તંત્રી*

ઈબાદત ત્રણ પ્રકારની છે : શરીર સંબંધી, માલી, મુરક્ક઼બ. તિલાવત કરવી, તસ્બીહ તથા તહલીલ, દુઆ તથા ઈસ્તિગફાર અને નમાઝ, રોઝા વગેરે જિસ્માની (શારીરિક) ઈબાદત છે. અને જેનો સંબંધ માલથી છે, જેમ કે ઝકાત તથા સદક઼ા અને ખૈરાત વગેરે માલી ઈબાદત છે. અને જેનો સંબંધ બંનેવથી છે, જેમ કે હજ કે તેમાં માલ પણ ખર્ચ થાય છે અને મક્કા પહોંચીને શારીરિક પ્રવૃતિથી હજ્જના અરકાન પણ અદા કરવા પડે છે તેને મુરક્ક઼બ (શારીરિક તથા માલી ઈબાદતનો સમૂહ) ઈબાદતથી ગણવામાં આવે છે. મુસલમાનો આ ઈબાદતમાંથી ખુલૂસના સાથે કોઈ ઈબાદત કરે છે તો અલ્લાહ તઆલા પોતાના ફઝ્લો કરમથી તેને બખ્શી આપે છે.

હવે પ્રશ્ન એ છે કે મુસલમાન પોતાની કોઈ ઈબાદતનો સવાબ કોઈ મર્હૂમ મુસલમાનને પહોંચાડી શકે છે કે નહીં ? મોઅતઝલાનો મઝહબ એ છે કે ન સવાબ પહોંચે છે અને ન તેનાથી મૈયતને ફાયદો થાય છે. બહુમતિ એહલે સુન્નત વ જમાઅતનો મઝહબ એ છે કે સવાબ પહોંચે છે અને તેનાથી મૈયતને ફાયદો પણ થાય છે.

મોઅતઝલા તો ન રહ્યા પણ બદ્‌કિસ્મતીથી મુસલમાનોમાં એવા અમુક લોકો પેદા થઈ ગયા જેમણે મોઅતઝલાની જેમ સવાબ પહોંચાડવાનો ઈન્કાર કરવાનું શરૂ કરી આપ્યું છે. જ્યારે કે તેઓ કુર્આન તથા હદીષ પર ઈમાન હોવાનો તથા અમલ કરવાનો દાવો કરે છે. આશ્ચર્ય છે કે તે કુર્આન તથા હદીષ પર ઈમાન હોવાનો તથા અમલ કરવાનો દાવો કરીને સવાબ પહોંચાડવા અને તેના ફાયદાકારક હોવાનો ઈન્કાર કરવાવાળા કેવી રીતે થઈ ગયા છે ?! કારણ કે કુર્આન તથા હદીષ પર ઈમાન અને અમલ કરવાનો દાવો અને સવાબ પહોંચાડવાનો ઈન્કાર આ બંનેવ વસ્તુઓ એવી છે જે કદી જમા નથી થઈ શકતી ! આવા લોકોએ નીચે આપેલ દલીલોને અતિશય ધ્યાનપૂર્વક જોવી જોઈએ.

## શારીરિક ઈબાદતો

### ★ મૈયત માટે દુઆ તથા ઈસ્તિગફાર કરવું ★

**(૧)** હઝરત નુઅમાન બિન બશીર رضی اللہ عنہ ફર્માવે છે કે દુઆ ઈબાદત છે. *(અબૂ દાઊદ)*

**(૨)** હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું છે કે દુઆ ઈબાદતનો મગજ છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

આ બંનેવ હદીષોથી સાબિત થાય છે કે દુઆ ઈબાદત બલ્કે ઈબાદતનો મગજ છે.

**(૩)** અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَالَّذِيْنَ جَآءُوْ مِنْۢ بَعْدِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْلَنَا وَلِاِخْوَانِنَا الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِيْمَانِ

"જે તેમના બાદ આવ્યા તે એવી દુઆ કરે છે, હે અમારા પરવરદિગાર ! અમને બખ્શી આપ ! અને અમારા તે ભાઈઓને બખ્શી આપ જે અમારાથી પહેલાં ઈમાનની સાથે ગુજરી ગયા." *(પારા–૨૮, રૂકૂઅ–૪)*

વિચારો ! આ આયતે કરીમામાં અલ્લાહ તઆલા મુસલમાનોના આ મુબારક કાર્યને કેવળ પ્રશંસાના લીધે બયાન કર્યુ છે. પછી આ આવનારા મુસલમાન જેવી રીતે પોતાના માટે બખ્શિશની દુઆ કરે છે તેવી રીતે મુસલમાન ભાઈઓ માટે પણ દુઆ કરે છે જે તેમનાથી પહેલાં ગુજરી ગયા.

જ્યારે પુરવાર થઈ ગયું કે દુઆ ઈબાદત છે તો માલૂમ થઈ ગયું કે જીવંત લોકોની ઈબાદત એટલે કે દુઆથી મૈયતને ફાયદો પહોંચે છે. જો આ માનવામાં ન આવે તો પછી મુસલમાનની પોતાના મર્હૂમ ભાઈઓ માટે બખ્શિશની દુઆ કરવી બેકાર અને નિરર્થક ગણાશે. અને વળી એ પણ કહેવું પડશે કે કુર્આન મઆઝલ્લાહ ! ફુઝૂલ તથા નકામાં કાર્યોને પ્રશંસારૂપે બયાન કરે છે ! સાબિત થઈ ગયું કે જીવતા મુસલમાનોનું મુસલમાન મૈયત માટે બખ્શિશની દુઆ કરવું એ મુર્દાની માફી તથા બખ્શિશ અને દરજાઓ બુલંદ થવાનો સબબ છે.

**(૪)** ઈમામ જલાલુદ્દીન સિયૂતી رضی اللہ عنہ ફર્માવે છે : અને આ કાર્યો પર ઘણા ઓલમાની એકમતિ (ઈજમાઅ) નક્લ કરી છે કે નિઃશક ! દુઆ મૈયતને ફાયદો આપે છે. અને તેની દલીલ કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું આ કથન છે. "તે જે એમના બાદ આવ્યા એવી દુઆ કરે છે કે હે અમારા પરવરદિગાર ! અમને બખ્શી આપ અને અમારા એ ભાઈઓને બખ્શી આપ જે અમારાથી પહેલાં ઈમાનની સાથે ગુજરી ગયા." *(શરહુસ્સુદૂર–૧૨૭)*

**(૫)** અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلامની દુઆનો ઉલ્લેખ પણ કેવળ પ્રશંસાના લીધે કરે છે. બયાન કરે છે :–

رَبَّنَا اغْفِرْلِیْ وَلِوَالِدَیَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ

"હે અમારા પરવરદિગાર ! મને અને મારા પિતા અને મો'મિનોને બખ્શી આપ જે દિવસે હિસાબ થશે." *(પારા–૧૩, સૂ. ઈબ્રાહીમ, રૂકૂઅ–૧૮)*

જુઓ ! ઈબ્રાહીમ علیہ السلامપોતાનાં વફાત પામેલાં વાલિદૈન અને મુસલમાનો માટે બખ્શિશની દુઆ કરી રહ્યા છે. દુઆ ઈબાદત છે તો માલૂમ થયું કે તેમની ઈબાદતથી તેમનાં વાલિદૈન અને મુસલમાનોને અવશ્ય ફાયદો થશે. એવું ન હોય તો હઝરત ઈબ્રાહીમ علیہ السلامની દુઆ કરવી બેકાર ગણાશે. શું અહિંયા એવું કહેવું યોગ્ય ગણાશે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام જેવા જલીલુલ કદર નબી બેકાર કાર્યો પર અમલ કરવાવાળા થયા ! અને કુર્આન કરીમે બેકાર કાર્યોનું વર્ણન કર્યુ ?! (મઆઝલ્લાહ !)

**(૬)** અલ્લાહ તઆલા ફર્માવે છે : "તે ફરિશ્તાઓ જે અર્શને ઉઠાવવાવાળા અને તેના ચારેવ બાજુ છે તે મારી તસ્બીહ તથા તહમીદના સાથે સાથે મો'મિનો માટે બખ્શિશની દુઆ પણ કરે છે." જુઓ ! બખ્શિશની દુઆ કરવાવાળા ફરિશ્તાઓ છે અને તેનો ફાયદો મુસલમાનોને પહોંચશે. જો એમની કોઈ દુઆનો ફાયદો મુસલમાનોના હક્કમાં લાભદાયી ન થાય તો એમની મુસલમાનોના હક્કમાં દુઆ કરવી બેકાર ગણાશે, અને ફરિશ્તાઓ માસૂમ અને અલ્લાહ તઆલાના તરફથી નિયુક્ત હોય છે એમનું કોઈ કામ બેકાર અને બેફાયદા નથી હોતું. આથી પુરવાર થયું કે ફરિશ્તાઓની ઈબાદત એટલે કે બખ્શિશની દુઆ કરવાનો ફાયદો મુસલમાનોને અવશ્ય પહોંચશે. જાણવા મળ્યું કે એકની ઈબાદતનો બીજાને ફાયદો પહોંચી શકે છે, શર્ત એ છે કે બીજા માટે ફાયદો પહોંચાડવાનો ધ્યેય હોય.

**(૭)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મુર્દાની હાલત કબ્રમાં ડૂબતા ફરિયાદીની જેમ હોય છે, તે પ્રતિક્ષા કરે છે કે તેના બાપ અથવા

મા અથવા ભાઈની તરફથી તેને દુઆ પહોંચે. અને જ્યારે એને કોઈની દુઆ પહોંચે છે ત્યારે તે તેને દુનિયા અને જે કાંઈ દુનિયામાં છે તેનાથી વધુ પ્રિય લાગે છે. અને નિઃશંક ! અલ્લાહ તઆલા જમીનવાળાઓની દુઆથી કબ્રવાળાઓને પહાડની જેમ બદલો આપે છે, અને નિઃશંક ! જીવતા લોકોનો તોહફો મુર્દાઓ માટે એ જ છે કે તેમના માટે બખ્શિશની દુઆ કરે. *(મિશ્કાત, પેજ-૨૦૬)*

આ હદીષથી મુર્દાઓનું બખ્શિશની દુઆની પ્રતિક્ષા કરવું અને જીવતા લોકોનો તોહફો એટલે બખ્શિશની દુઆ તેમના માટે સૌથી વધુ ફાયદાકારક હોવું સારી રીતે પુરવાર થઈ ગયું.

**(૮)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, જે મુસલમાનની નમાઝે જનાઝા માટે એવા ચાલીસ મુસલમાન ઉભા થઈ જાય જેમણે શિર્ક ન કર્યું હોય તો અલ્લાહ તઆલા તેમની શફાઅત મુર્દાના હક્કમાં કબૂલ કરે લે છે એટલે કે બખ્શી આપે છે. *(અબૂ દાઊદ શરીફ)*

જુઓ ! ચાલીસ મુસલમાનોએ સિફારિશ કરવી એટલે કે બખ્શિશની દુઆ કરવી મુર્દાના હક્કમાં બખ્શિશનો સબબ છે.

**(૯)** હઝરત માલિક બિન બહીરા رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હુઝૂર ﷺથી સાંભળ્યું કે ફર્માવ્યું, "જે મુસલમાનની નમાઝે જનાઝા પર મુસલમાનોની ત્રણ સફો થઈ જાય તેના પર જન્નત વાજિબ થઈ જાય છે." *(મિશ્કાત-૧૪૭)*

એટલા માટે જનાઝા પર ત્રણ સફો કરવામાં આવે છે અને જાહેર છે કે સફો બનાવવી અને નમાઝ પઢવી મુર્દાઓનું કાર્ય નથી બલ્કે બીજા લોકોનું કાર્ય છે જે મુર્દા માટે બખ્શિશનો સબબ બન્યું.

**(૧૦)** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "કયામતના દિવસે પર્વતના જેમ નેકીઓ ઈન્સાનના (આમાલથી) જોડાયેલી હશે, તો તે કહેશે, આ ક્યાંથી છે ?! તો કહેવામાં આવશે, આ તારી અવલાદના ઈસ્તિગફારના કારણે છે જે તારા માટે કરવામાં આવ્યા." *(અદબુલ મુફરદ લિલ્ બુખારી-૯, શરહુસ્સુદૂર-૧૨૭)*

**(૧૧)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "અલ્લાહ તઆલા એ જન્નતમાં પોતાના એક બંદાનો દરજો બુલંદ કર્યો તો તેણે કહ્યું, મારા રબ ! મારો દરજો કેમ બુલંદ થયો ?! કહેવામાં આવ્યું કે તારો પુત્ર જે તારા માટે બખ્શિશની દુઆ માંગે છે તેના કારણે." *(મિશ્કાત, પેજ-૨૫૬)*

આ હદીષથી સાબિત થયું કે જો કોઈ નેક બંદા અથવા કોઈ બુઝુર્ગ માટે બખ્શિશની દુઆ કરવામાં આવે છે તો તેના દરજ્જાઓ બુલંદ થઈ જાય છે, અને ગુનેહગાર માટે કરવામાં આવે તો તેનાથી સખ્તી અને અઝાબ દૂર થઈ જાય છે, જેવી રીતે કે પહેલાં બયાન થઈ ગયું.

**(૧૨)** હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "મારી ઉમ્મત ઉમ્મતે મર્હૂમા છે, તે કબ્રોમાં ગુનાહોના સાથે દાખલ થશે અને જ્યારે કબ્રોમાંથી નીકળશે તો તેના પર કોઈ ગુનાહ ન હશે. અલ્લાહ તઆલા મો'મિનોના ઈસ્તિગફારના કારણે તેને ગુનાહોથી પાક તથા સાફ કરી આપશે. *(શરહુસ્સુદૂર-૧૨૭)*

**(૧૩)** મઝહબે હનફીના અકાઈદની માન્યવર કિતાબ 'શરહે અકાઈદે નસફી'માં છે કે "જીવતા લોકોનું મુર્દાઓ માટે દુઆ કરવી અથવા સદકો તથા ખૈરાત કરવું મુર્દાઓ માટે ફાયદાનો સબબ બને છે, અને મોઅતઝલા તેના વિરૂધ્ધ છે."

**(૧૪)** ઈમામે અજલ હઝરત અલ્લામા અલી કારી મિર્કાત શરહે મિશ્કાતમાં ફર્માવે છે કે, "એહલે સુન્નત તેના પર એકમત છે કે મુર્દાઓને જીવતા લોકોના અમલથી ફાયદો પહોંચે છે." *(શરહે ફિકહે અકબર)*

### ★ મૈયત માટે નમાઝ, રોઝા, અને હજ્જ કરવી ★

**(૧૫)** એક વ્યક્તિએ હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં હાજર થઈ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું પોતાના મા બાપ સાથે જ્યારે તે જીવતાં

હતાં નેક સુલૂક કરતો હતો, હવે તેમના મૃત્યુ પછી કેવી રીતે તેમના સાથે નેકી કરું ? નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, હવે તારે એમના સાથે નેકી કરવાની રીત એ છે કે તું પોતાની નમાઝની સાથે તેમના માટે નફલ નમાઝ પઢ, અને પોતાના રોઝા સાથે તેમના માટે નફ્લ રોઝા રાખ ! *(શરહે સુદૂર–૧૨૯)*

**(૧૬)** ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે માણસનું મૃત્યુ થઈ જાય અને તેના પર રોઝા બાકી હોય તો તેના તરફથી તેનો વલી રોઝા રાખે. *(મુસ્લિમ)*

**(૧૭)** હઝરત બુરૈદા رضی اللہ عنہ પોતાના પિતાથી રિવાયત કરે છે કે હું હુઝૂર ﷺના નિકટ બેઠેલો હતો. એક ઔરત આવી, તેણીએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ મારી માનું મૃત્યુ થઈ ગયું છે અને એક મહીનાના રોઝા તેના પર બાકી હતા, શું હું તેમના તરફથી રોઝા રાખુ ?! કહ્યું, હા ! તું તેના તરફથી રોઝા રાખ. તેણીએ કહ્યું, મારી માએ કદી હજ્જ પણ ન કરી હતી, હું તેના તરફથી હજ્જ કરું ? ફર્માવ્યું, તેના તરફથી હજ્જ પણ કરી લે. *(મુસ્લિમ કિતાબુસ્સૌમ, અબૂ દાઊદ કિતાબુલ વસાયા)*

આ ત્રણેવ હદીષોથી સાબિત થયું કે હુઝૂર અકરમ ﷺએ મુર્દા તરફથી નમાઝ, રોઝા અને હજ્જ કરવાનો હુકમ આપ્યો. જાહેર છે નમાઝ, રોઝા, હજ્જ કરવાવાળા જીવતા લોકોની ઈબાદતથી મુર્દાને ફાયદો પહોંચશે જેના માટે તે કરી હતી. જો જીવતા લોકોની ઈબાદતથી મુર્દાને નફો ન પહોંચતો હોત તો હુઝૂરે અકરમ ﷺ કદાપિ આજ્ઞા ન આપતા, બલ્કે કહી આપતા કે તમારી ઈબાદતથી તેમને કોઈ ફાયદો નહીં પહોંચે એટલા માટે તેમના તરફથી ઈબાદત કરવી નિરર્થક બેકાર છે.

**(૧૮)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જુહૈના કૃબીલાની એક ઔરતે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી માએ હજ્જની મન્નત માની હતી પણ તે હજ્જ કર્યા વિના મૃત્યુ પામી ગયાં તો શું તેમના તરફથી હજ્જ કરું ? નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, તું તેના તરફથી હજ્જ કર. *(બુખારી શરીફ)*

જુઓ ! એક જીવતી ઔરત પર વાજિબ તથા જરૂરી છે કે તે હજ્જ કરે પણ તેનું હજ્જ કર્યા વિના મૃત્યુ થઈ ગયું તો હજ્જ તેના જિમ્મે હતો જેના કારણે તે સજાના લાયક હતી, પણ જ્યારે તેના જીવતા વારસદારોના અદા કરવાથી તેના તરફથી તે હજ્જ થઈ ગયો તો તે ગિરફતારી અને સજાથી મુક્ત થઈ ગઈ. જાણવા મળ્યું કે જીવતા લોકોના અમલથી મુર્દાને ફાયદો પહોંચે છે, શર્ત એ છે કે તેને ફાયદો પહોંચાડવાની નિય્યતથી કરવામાં આવે.

**(૧૯)** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે માણસ પોતાના માતા પિતાના મૃત્યુ પછી તેમની તરફથી હજ્જ કરે. અલ્લાહ તઆલા તેના માટે જહન્નમથી આઝાદી લખી આપે છે, અને તેને કામિલ હજ્જનો સવાબ મળે છે અને તેના માતા પિતાના સવાબમાં પણ કોઈ કમી નથી થતી અને હુઝૂરે અકરમ ﷺ ફર્માવ્યું કે **સર્વથી અફઝલ સદવર્તાવ સગાં સાથે એ છે કે મૈયતના તરફથી હજ્જ કરવામાં આવે.** *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૨૦)** હઝરત ઝૈદ બિન અરકમ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે જે માણસ પોતાના માતા પિતા તરફથી હજ્જ કરે છે જેમણે હજ્જ ન કર્યો હોય તો આ હજ્જ એમના તરફથી પૂરતો થશે, અને તેમની રૂહોને આસ્માનોમાં ખુશખબરી આપવામાં આવશે અને આ માણસ (હજ્જ કરવાવાળો) અલ્લાહ તઆલાના નિકટ ફર્માબરદાર લખવામાં આવશે. *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૨૧)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે, હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે જે માણસ મૈયતના તરફથી હજ્જ કરે તો મૈયત અને હજ્જ કરવાવાળાને પૂરેપૂરો સવાબ મળશે. *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૨૨)** હનફી મઝહબની મશ્હૂર કિતાબ બિદાયા શરીફમાં છે કે નિઃશંક ! માણસ અમલનો સવાબ કોઈ બીજા માણસને પહોંચાડી શકે છે, નમાઝનો હોય અથવા રોઝાનો અથવા સદકા તથા ખૈરાત વગેરેનો

હોય. આ એહલે સુન્નત વ જમાઅતનો મઝહબ છે.

**(૨૩)** હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી رحمة الله عليه ફર્માવે છે કે બે રકાત પઢયા પછી તેનો સવાબ મીર સૈયદ અલી હમદાનીને બખ્શી આપે. *(ઈન્તેબાહ ફી સલાસિલે અવલિયા અલ્લાહ)*

### ★ મૈયત માટે કુર્આન તથા ફાતેહા ખ્વાની કરવી ★

**(૨૪)** હઝરત અનસ رضى الله عنه ફર્માવે છે કે રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, જે માણસ કબ્રસ્તાનમાં દાખલ થાય અને સૂરએ યાસીન પઢે, તો અલ્લાહ તઆલા સર્વ કબ્રસ્તાનવાળાઓથી (અઝાબમાં) ઘટાડો કરે છે અને તે પઢવાવાળાને તેમની ગણતરીની માત્રા પ્રમાણે નેકીઓ આપે છે. અને અલ્લામા કુર્તબીએ આ હદીષના બારામાં ફર્માવ્યું છે કે તેની પણ સંભાવના ધરાવે છે કે આ કિર્અત મૈયતના નિકટ તે હાલતમાં હોય જ્યારે કે તે મૃત્યુ પામી રહ્યો હોય અને તેની પર સંભાવના ધરાવે છે કે તેની કબ્રના નિકટ હોય. *(શરહુસ્સુદૂર-૧૩૦)*

**(૨૫)** હઝરત અલી رضى الله عنه ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જે વ્યક્તિ કબ્રો પર ગુજરે અને સૂરએ ઈખ્લાસને અગ્યાર વખત પઢી એનો સવાબ મુર્દાને બખ્શી આપે તો તેને મુર્દાઓની ગણતરીના બરાબર બદલો મળશે. *(દારકુત્ની તથા મુખ્તાર બહષ કિર્અતુલ મૈયત બાબુદફન, શરહુસ્સુદૂર-૧૩૦)*

**(૨૬)** હઝરત અબૂ હુરૈરહ رضى الله عنه ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું જે માણસ કબ્રસ્તાનમાં જાય પછી એક વખત સૂરએ ફાતેહા અને કુલહુવલ્લાહ શરીફ તથા અલ્હાકુમુત્તકાષુર પઢીને કહે કે હે અલ્લાહ ! જે કાંઈક મેં કલામમાંથી પઢયું છે તેનો સવાબ મેં કબ્રવાળા મો'મિન અને મો'મિનાતને બખ્શી આપ્યો. તો તે સર્વ મુર્દાઓ અલ્લાહ તઆલાની બારગાહમાં તેના માટે સિફારિશ કરે છે. *(શરહુસ્સુદૂર-૧૩૦)*

**(૨૭)** ઈમામ શઅબી رضى الله عنه ફર્માવે છે, અન્સારનો તરીકો હતો કે જ્યારે તેમનામાંથી કોઈ મૃત્યુ પામી જતો તો વારંવાર તેની કબ્ર પર જતા અને તેના માટે કુર્આન પઢતા. *(ઉપર મુજબ)*

**(૨૮)** અલ્લામા બદરુદ્દીન અયની શારેહે સહીહ બુખારી, શરહે હિદાયામાં લખે છે કે મુસલમાન દરેક જમાનામાં કુર્આન પઢીને તેનો સવાબ (મુર્દાઓ)ને બખ્શતા રહ્યા છે અને તેનો ઈન્કાર મુન્કિર પણ નથી કરતા. અને એહલે સુન્નત વ જમાઅતનો તો તેના પર ઈજમાઅ (એકમતિ) છે.

**(૨૯)** ઈમામ અહમદ બિન હંબલ رحمة الله عليه ફર્માવે છે કે જ્યારે તમે મકબરા એટલે કબ્રસ્તાન જાવ તો સૂરએ ફાતેહા અને અઊઝુબિલ્લાહ, બિસ્મિલ્લાહ અને સૂરએ ઈખ્લાસ પઢો અને તેનો સવાબ કબ્રવાળાઓને પહોંચાડો કારણ કે તે તેમને પહોંચે છે. *(હવાલો ઉપર મુજબ)*

**(૩૦)** ઝઅફરાની رحمة الله عليه ફર્માવે છે કે મેં ઈમામ શાફઈ رضى الله عنهને પૂછયું કે કબ્ર પર કુર્આન પઢવું કેવું છે ? કહ્યું કે કાંઈ વાંધો નથી. *(હવાલો ઉપર મુજબ)*

**(૩૧)** ઈમામ નવવી رضى الله عنه ફર્માવે છે કે કબ્રની ઝિયારત કરવાવાળાઓ માટે મુસ્તહબ એ છે કે જેટલુ બની શકે તેટલુ કુર્આન પઢે અને કબ્રવાળાઓ માટે દુઆ કરે. ઈમામ શાફઈ رضى الله عنهએ તેના પર નસ (દલીલ) પેશ કરી છે, અને તમામ શાફઈ હઝરાત તેના પર સહમત છે અને કબ્ર પર કુર્આન શરીફ પૂરું કરવામાં આવે તો વધુ અફઝલ છે. *(ઉપર મુજબ)*

**(૩૨)** ઈમામ કુર્તબી رضى الله عنه ફર્માવે છે કે શૈખ ઈઝ્ઝુદ્દીન બિન અબ્દુસ્સલામ ફત્વો આપ્યા કરતા હતા કે મૈયતને કુર્આન ખ્વાનીનો સવાબ નથી પહોંચતો. જ્યારે તે મૃત્યુ પામ્યા તો તેમના કેટલાક સાથીઓએ ખ્વાબમાં જોયા, પૂછયું કે તમે કહેતા હતા કે મૈયતને કુર્આન પઢવાનો સવાબ નથી પહોંચતો, આ વાત કેવી છે ? કહ્યું કે દુનિયામાં એવું કહેતો હતો પણ હું હવે તેનાથી તૌબા કરું છું કેમ કે મેં અહિંયા આવીને જોયું કે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી સવાબ પહોંચે છે. *(શરહુસ્સુદૂર-૧૨૩)*

**(૩૩)** ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمة الله عليه કહે છે કે, "અને રહ્યું કબ્રો પર કુર્આન શરીફ પઢવું તો તેની

શરીઅતના હુકમાનુસાર હોવા પર અમારા અસ્હાબ અને તેમના સિવાય અન્ય ઉલમાએ સમર્થન કર્યું છે. *(પેજ-૧૩૦)*

**(૩૪)** હઝરત માલિક બિન દીનાર رضی اللہ عنہ મોટા અવલિયાએ કિરામમાંથી છે. ફર્માવે છે કે જુમ્આની રાત્રે કૃબ્રસ્તાનમાં ગયો. મેં જોયું કે ત્યાં નૂર ચમકી રહ્યું છે. મેં વિચાર્યું કે અલ્લાહ તઆલાએ કૃબ્રસ્તાનવાળાઓને બખ્શી આપ્યા છે. ગૈબથી અવાજ આવ્યો કે હે માલિક બિન દીનાર ! આ મુસલમાનોનો તોહફો છે જેમણે કૃબ્રવાળાઓને મોકલ્યો છે. મેં કહ્યું કે તમને ખુદાની કૃસમ ! મને ખબર આપો કે મુસલમાનોએ શું તોહફો મોકલ્યો છે ? તેણે કહ્યું, એક મો'મિન આદમીએ આ રાત્રે કૃયામ કર્યો તો તેણે વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢી અને બે રકાતમાં સૂરએ ફાતેહા પછી પહેલી રકાતમાં સૂરએ કાફિરૂન અને બીજી રકાતમાં સૂરએ ઈખલાસ પઢી અને કહ્યું, હે અલ્લાહ ! આ બંનેવ રકાતોનો સવાબ મેં આ કૃબ્રવાળા મો'મિનોને બખ્શી આપ્યો. તેના કારણે અલ્લાહ તઆલાએ અમારી ઉપર આ રોશની (નૂર) મોકલ્યું છે અને અમારી કૃબ્રોમાં વિશાળતા અને ખુશી પૈદા કરી દીધી છે.

હઝરત માલિક બિન દીનાર ફર્માવે છે, ત્યાર બાદ હું કૃાયમ બે રકાત પઢીને દર જુમેરાતે મો'મિનોને બખ્શી આપતો. એક રાત્રે મેં નબીએ કરીમ صلی اللہ علیہ وسلمને ખ્વાબમાં જોયા, ફર્માવ્યું કે હે માલિક બિન દીનાર ! નિઃશંક ! અલ્લાહ તઆલાએ તારા માટે સવાબ કર્યો છે અને ઉપરાંત અલ્લાહ તઆલાએ તારા માટે એક મકાન બનાવ્યું છે જેનુ નામ મનીફ છે. મેં કહ્યું, મનીફ શું છે ? કહ્યું, જેને જન્નતવાળાઓ પણ ઝાંખીને જોશે. *(શરહુસ્સુદૂર-૧૨૭)*

**(૩૫)** હઝરત હમ્માદ મક્કી رضی اللہ عنہ ફર્માવે છે, એક રાત્રે મક્કા મુકર્રમાના કૃબ્રસ્તાનમાં ગયો અને ત્યાં જ એક કૃબ્ર પર પોતાનું માથુ રાખી સૂઈ ગયો. સ્વપ્ન જોયું કે કૃબ્રવાળાઓ ઘેરાવ કરીને બેઠેલા છે. મેં કહ્યું, શું કૃયામત કૃાયમ થઈ ગઈ છે ? તેમણે કહ્યું, ના ! પણ અમારા એક મુસલમાન ભાઈએ સૂરએ ઈખ્લાસ પઢીને તેનો સવાબ અમને બખ્શી આપ્યો છે જે અમે એક વરસથી વહેંચી રહ્યા છીએ. *(શરહુસ્સુદૂર-૧૩૦)*

**(૩૬)** શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, ત્યાર પછી ત્રણ સો સાઈઠ વખતે **અલમ નશરહ્** પછી ત્રણસો સાઈઠ વખત ઉપર લખેલ દુઆ પઢે પછી દસ વખતે દુરુદ શરીફ પઢે અને ખતમ મુકમ્મલ કરે અને થોડીક મીઠી બનાવેલ વસ્તુ પર ફાતેહા સર્વ ખ્વાજગાને ચિશ્તના નામે પઢે અને પોતાની જરૂરત અલ્લાહ તઆલાથી અર્ઝ કરે અને આ જ રીતે રોજ કરે, ઈન્શાઅલ્લાહ ! થોડાક દિવસમાં મકૃસદ આસનાથી હાંસલ થશે. *(ઈન્તિબાહ-૧૦૦)*

**(૩૭)** આ જ શાહ સાહબ رحمۃ اللہ علیہ બીજી જગ્યાએ ફર્માવે છે, અને થોડુક કુર્આન પઢે અને વાલિદૈન, પીર તથા ઉસ્તાદ અને પોતાના દોસ્તો અને ભાઈઓ અને સર્વ મો'મિન તથા મો'મિનાતની રૂહોને બખ્શે. *(ઈન્તિબાહ ફી સલાસિલે અવલિયા અલ્લાહ-૧૧૬)*

**(૩૮)** હઝરત અલ્લામા કૃાઝી ષનાઉલ્લાહ સાહબ પાનીપતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સર્વ ફકીહોએ હુકમ કર્યો છે કે કુર્આન શરીફ પઢવા અને એઅતેકાફ કરવાનો સવાબ મૈયતને પહોંચે છે. ઈમામ અબૂ હનીફા તથા ઈમામ માલિક તથા ઈમામ અહમદ પણ એના માનવાવાળા હતા અને હાફેઝ શમ્સુદ્દીન બિન અબ્દુલ વહીદે ફર્માવ્યું કે પહેલાના જમાનાથી મુસલમાન શહેરમાં ભેગા થઈને મુર્દાઓ માટે કુર્આન ખ્વાની કરે છે. તેના પર ઈજમાઅત (એકમતિ) છે. *(તઝકેરતુલ મૌતા વલ્કુબૂર)*

**(૩૯)** શૈખુલ મોહદ્દિષીન હઝરત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ સાહબ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **હા ! સાલેહીનની કૃબ્રોની ઝિયારત અને તેમની કૃબ્રોથી બરકત હાંસલ કરવી અને ઈસાલે સવાબ, કુર્આનની તિલાવત, દુઆએ ખૈર, ખાવા તથા શીરીની વહેંચવી, તેમની મદદ કરવી સર્વથી બેહતર છે અને તેના પર ઓલમાએ ઉમ્મતનો ઈજમાઅ (એકમતિ) છે.** *(ફતાવા અઝીઝિયા) (ક્રમશઃ)*

# બરકાતે ખ્વાજાની ટપાલ...

અસ્સલામો અલયકુમ ! જનાબ શબ્બીર અલી પટેલ સાહબ, સિક્કા–જામનગરથી શફીમિયાં હબીબમિયાં કાદરી (લાલપુરવાળા)ના ઘણા જ દુઆ સલામ બાદ લખવાનું કે ગઈ કાલે ઓગષ્ટ–૧૦ માસનો "બરકાતે ખ્વાજા" અંક પ્રાપ્ત થયો વાંચી ઘણી જ ખુશી થઈ. જેમાં "તંત્રી લેખ" "શિર્કની હકીકત અને દેવબંદીઓની જૂઠી તૌહીદની અસલિયત દર્શાવતો આયનો" લેખ વાંચી ઘણો જ આનંદ થયો અને ખરેખર લેખ આજના વર્તમાન સમય મુજબ સુન્નીઓ માટે ઘણો જ અસરકારક અને ફાયદામંદ છે જે અજ્ઞાન લોકોને ઘણું જ જ્ઞાન આપી જાય છે.

**★ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે જશ્ને દસ્તારબંદીનો પ્રોગામ ★**

તેહરીકે સુન્ની દાવતે ઈસ્લામીની નિગરાનીમાં ચાલતા ઈદારા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ (જિ. ભરૂચ) મુકામે તા. ૨૩/૭/૨૦૧૦ ના રોજ ઈશા બાદ જશ્ને દસ્તારબંદી શાનો શૌકતથી મનાવાયો જેમાં હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ સાહબની સદારતમાં તથા જંબુસરના સાદાતે કિરામ હઝરત સૈયદ હશ્મતઅલી બાવા, હઝરત શૌકતઅલી બાવા તથા વિવિધ દારુલ ઉલૂમો ચાંચવેલ, હલદરવા, ભરૂચ વગેરેના ઉલમા તથા હુફ્ફાઝની મૌજૂદગીમાં હાફિઝ થનાર ૮ તલબાની દસ્તારબંદી થઈ હતી. શરૂમાં સૈયદ અહમદ સાહબ (મુંબઈ)એ ન નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. છેવટે અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે ઈલ્મ તથા શાબાનની ફઝીલત પર શાનદાર બોધદાયક બયાન કર્યું હતુ. *(રજૂ. હાફેઝ અબ્દુર્રહીમ સાહબ–આમોદ)*

**★ થામમાં દસ્તારબંદી તથા રિદા અર્પણ વિધિનો જલસો ★**

**થામ** : (તા. જિ. ભરૂચ) દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામમાં ફારિગ થનાર ૩ હાફિઝોની દસ્તારબંદી તેમજ જામિઆ સિદ્દીકા અલબનાતમાંથી ફારિગ થનાર ૩૭ ફાઝિલ તથા ૬૩ આલિમોઓની રિદા અર્પણ વિધિનો પ્રોગામ તા. ૨૫/૭/૨૦૧૦ ના રોજ થયો. સવારમાં નવ વાગ્યે હાફિઝોની દસ્તારબંદીના જલસામાં હઝરત સૈયદ હશ્મત અલીબાવા મજૂમિયાં (જંબુસર)ની સદારતમાં શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા તેમજ હઝરત મૌલાના હબીબુલ્લાહ વસોવાળાનાં બયાનો થયાં. ઝહોર બાદ બહેનોના જલસામાં આલિમા મુમતાઝ મૌલાના ઈમરાન ઝંઘારવાળાએ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. *(રજૂ. હાજી દાઊદભાઈ ગોરજી)*

**વેરાવળ** : તા. ૨૮/૬/૨૦૧૦ ના રોજ અરબચોક પાસે "જશ્ને ગરીબ નવાઝ વ જશ્ને સૈયદના ઈમામ જાફર સાદિક" અલ્લામા સનાબિલ રઝા હશ્મતી–પીલીભીતીની સદારતમાં મનાવાયો જેમાં આપે શાનદાર બયાન કર્યું. તેમજ વેરાવળમાં ફારિગ થઈને આવનાર તલબાનું સન્માન કરવામાં આવ્યું તેમજ વેરાવળ સુન્ની ઉલમા કાઉન્સિલના સદર હઝરત મૌલાના હાફિઝ જાવેદ સાહબ તેમજ અન્ય ઉલમા ઉમરામાં જનાર હોવાથી વિદાયમાન અપાયું. જલસાનું સંચાલન હઝરત મૌલાના નઝમુલ હુદા સાહેબે તથા આભારવિધિ મૌલાના સરફરાઝે કરી. *(રજૂ. સુન્ની ઉલમા કાઉન્સિલ–વેરાવળ)*

**વેરાવળ** : તા. ૮/૬/૨૦૧૦ ના રોજ અરબચોક મસ્જિદમાં "જશ્ને સિદીકે અકબર رضی اللہ عنہ" મનાવાયો જેમાં મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા અબ્દુલ સત્તાર હમદાણી સાહબે પોતાની આગવી શૈલીમાં બયાન કર્યું. *(રજૂ. હાજી કાલુ કરવત 'રઝવી' પ્રમુખ : અલ બરકાતી ગૃપ–વેરાવળ)*

**રતનપુર** : (તા. માતર, જિ. ખેડા) ખાતે જનાબ મૌલાના ઈલ્યાસખાન નૂરીની સાહબઝાદી આમેનાબાનુ (ઉ. ૨૫)નો તા. ૨૬/૭/૨૦૧૦ના રોજ સાધારણ ટૂંકી માંદગી બાદ દુઃખદ ઈન્તેકાલ થયો છે.

**હલદરવા** : (તા. કરજણ) જનાબ ઈસ્માઈલભાઈ બોરીવાળાનાં વાલિદા ફાતિમા યુસુફ બોરીવાળાનો ઈન્તેકાલ તા. ૪/૮/૨૦૧૦ ના રોજ થયો છે.

**દયાદરા** : ખાતે તા. ૯/૮/૨૦૧૦ ના રોજ જનાબ કારી મકસૂદના વાલિદ અબ્દુલ્લાહ બાકરોલીવાળાનો ઈન્તેકાલ થઈ ગયો.

રબ્બે કરીમ ઉપરોક્ત સર્વ મર્હૂમોની તેના હબીબે પાક ﷺના સદકામાં મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે અને સર્વ કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન ખ્વાની કરી ઈસાલે સવાબ કરવામાં આવશે. –*તંત્રી*

### ★ મદદની અપીલ ★

**દેવકા** : (સુન્ની મુસ્લિમ સુન્નત જમાઅત–તાઈવાડ નાની દમણ, U.T. પિન. ૩૯૬૨૧૦) ખાતે "ગરીબ નવાઝ મસ્જિદ તથા મદ્રસા" ટ્રસ્ટ થકી મસ્જિદનું બાંધકામ ચાલુ છે. ટાઈલ્સ, વુઝૂખાનુ, ગુંબદ–મીનારાનો અંદાજિત ખર્ચ સાત આઠ લાખ થશે તો ઉપરોક્ત સરનામે સહાય કરવી. (સંપર્ક નં. ૯૮૨૪૪ ૪૦૩૧૯, ૯૮૭૯૫ ૬૯૩૭૩, A/C. SBI Daman No. 30283412826)

### ★ ખિલાફત અર્પણ ★

**વિસનગર** : (જિ. મહેસાણા)ના શહેર ખતીબ હઝરત મૌલાના કારી મુહમ્મદ ગુલામ રસૂલ કાદરી સાહબને હુઝૂર શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદનીમિયાં અશરફી સાહબે, મદની મસ્કન–અહમદાબાદમાં તા. ૨૬/૪/૨૦૧૦ ના રોજ કાદરી, ચિશ્તી, અશ્રફી સિલસિલાઓની ખિલાફત તથા ઈજાઝતથી નવાજ્યા. ખૂબ ખૂબ મુબારકબાદ !–*તંત્રી*

**જાંબિયા** : લુસાકાથી સદા યાદ કરનાર અમારા વડીલ જનાબ હાજી યુસુફભાઈ રાવલ્યા સાહબ જામનગરવાળાનો ૩૦/૬/૨૦૧૦ ના રોજ લખેલ પત્ર મળ્યો. આપ ઝઈફ ઉમરમાં પણ પત્રથી યાદ કરતા રહે છે. જણાવે છે કે બરડામાં વિવિધ ગાંઠ તથા શારીરિક તકલીફો હતી એવામાં લેસ્ટર યુ.કે. બાર દિવસ ગયા ત્યાં ઓપરેશન કરાવેલું. દુઆ છે કે રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં આપને શિફાએ કામિલા આઝિલા અતા કરે. તેમના નેક ફરઝંદ હાજી નૂર મુહમ્મદ રાવલ્યા તરફથી તેમનાં વાલિદા મર્હૂમા અમીનાબેનના ઈસાલે સવાબ અર્થે એક બોરવેલ તથા પાણીની વ્યવસ્થા માટે સહાય મળી છે. રબતઆલા જઝાએ ખૈર આપે, મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)–*તંત્રી*

**પોરબંદર** : મુકામે તા. ૧૩–૬–૨૦૧૦ના રોજ "ઉમ્મતી એન્ડ ઉન્નતી સેવા સોશ્યલ ગૃપ" દ્વારા મર્હૂમ ડો. હમદાણીના સવાબ અર્થે "ફ્રી સાર્વજનિક મેડિકલ કેમ્પ" આફતાબે મારેહરા ફખ્રે સુન્નિયત ખાનદાને બરકાત પ્રો. ડો. હઝરત સૈયદ અમીને મિલ્લત સાહબની હાજરીમાં યોજાયો જેમાં ત્રીજી એમ્બ્યૂલન્સ ઈનોવાની લોકાર્પણ વિધિ હઝરતના હાથે થઈ. આ કેમ્પમાં વિવિધ અગ્રગણ્ય ડોકટરો, સર્જનો, ફિઝીશ્યનોએ સેવાઓ આપી હતી. હઝરત અમીને મિલ્લતે ઈસ્લામ આતંકવાદની તા'લીમ નહીં મખ્લૂકની સેવાની તા'લીમ આપે છે એ અર્થમાં બયાન કર્યું હતું અને આ સંસ્થાની સેવાઓને બિરદાવી હતી. સંસ્થાના પ્રમુખ મુહમ્મદભાઈ બલોચ તથા ટ્રસ્ટીમંડળ, અબૂ હમદાણીએ કેમ્પ સફળ બનાવવા જેહમત ઉઠાવી હતી. (સંસ્થાના મોકલેલ રિપોર્ટને ટૂંકાવીને)

### ★ શાહમદાર બોર્ડિંગ મદ્રસાએ ફૈઝેમદાર ★

**વારાહી** : (કંડલા હાઈવે, તા. સાતંલપુર, જિ. પાટણ, ઉ.ગુ. પિન–૩૮૫૩૬૦) આ સ્થળે દીની દુનિયવી તા'લીમ સાથે પ્રાથમિક તથા માધ્યમિક નોન ગ્રાન્ટેડ સ્કૂલો ચાલે છે. વહિવટી ખર્ચ વાર્ષિક છ લાખ દર્શાવે છે. ઉપરાંત બાંધકામ ચાલુ છે. તો સખીદાતા ભરપુર સહાય લિલ્લાહ, ઝકાત વગેરેથી મોકલે એવી વિનંતિ.

(સંપર્ક નં. : મો. : ૯૮૯૮૯૧૯૯૧૭,
ફોન : ૦૨૭૩૮–૨૨૪૧૧૬)

### ★ શાદી મુબારક ! ★

**ડાભા** : (તા. જંબુસર) મુકામે જનાબ ભટ્ટી અકબર ગુલામરસૂલ ગુલભા (રઝવી)ની બે નેક દીકરીઓ અફસાનાબાનુની શાદી મૌલાના અલ્તાફ સાથે અને અફરોઝાબાનુની શાદી સલમાન સાથે (બંને દુલ્હા સોખડાના મલેક અબ્દુલભાઈ અલભાના નેક ફરઝંદો) ૨૫–૭–૨૦૧૦ રવિવારે થઈ જેમાં નૂરાની મસ્જિદમાં

૧૦ વાગ્યે જનાબ મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નિકાહ પર બોધપાત્ર બયાન કર્યું હતું અને નિકાહ હઝરત મૌલાના સૈયદ મન્સૂરઆલમ રઝવીએ પઢાવ્યા હતા. દુલ્હા દુલ્હનો તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ સૌને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી*

**★ લેખ હરીફાઈમાં ભાગ લો ! ★**

દારુલ ઉલૂમ, મદ્રસા, સ્કૂલ, કોલેજના વિદ્યાર્થીઓને વિનંતિ છે કે નીચેના વિષયે લેખ હરીફાઈમાં ભાગ લેશો. પ્રથમ, બીજો, ત્રીજો નંબર લાવનારને રૂા. ૩૦૦, ૨૦૦, ૧૦૦ ઈનામ મળશે પછીના નં. ૪, ૫ને રૂા. ૫૦–૫૦ મળશે. લેખનો વિષય છે : **''નવી પેઢીની ઈસ્લામથી દૂરીના સબબો તથા તેનો ઈલાજ''** આપના લેખ તા. **૧૦–૧૦–૨૦૧૦** સુધીમાં બરકાતે ખ્વાજા (માસિક)ના સરનામે મોકલી આપશો.

**★ અલ ઈસ્લામિક SMS અપને મોબાઈલ પર ★**

કુર્આન–હદીષ–મસાઈલ–અક઼ીદા–બુઝુર્ગોંકી બાતોં કે SMS ફ્રી પાને કે લિયે અપને મોબાઈલસે લિખ્ખેં JOIN ISLAH21 ઔર ભેજેં ૦૯૨૧૯૫ ૯૨૧૯૫ પર.

**★ ઉમરા માટેની કિતાબ મંગાવો ★**

કિતાબ : **મિસ્બાહુલ ઉમરા** (પેજીસ–૬૦)

**સંપાદક** : મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી–કુરચનવી (ખતીબો ઈમામ : મક્કા મસ્જિદ–બોલ્ટન, યુ.કે.)

**પ્રકાશક** : બરકાતે ખ્વાજા માસિક કાર્યાલય, C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ

ઉમરા સંબંધી મસાઈલની છણાવટ સાથે તેનો તરીક઼ો, વિવિધ દુઆઓ વગેરે માહિતી સભર કિતાબ ૫ રૂા.ની ટપાલ ટિકિટ પ્રકાશકના સરનામે મોકલીને મંગાવશો.

**★ કિતાબ મંગાવો ★**

**બરઝખની દુનિયા** (પેજીસ–૫૬)

સંપાદક : મર્હૂમ હાજી અબ્દુલગફફાર ચોલા

પ્રકાશક : મુહમ્મદ અમીન એ. ચોલા (નૂરી), ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

**★ પોસ્કાર્ડ લખીને કે SMS કરીને મંગાવો ★**

કિતાબ : **સૂફીઈઝમની હક઼ીક઼ત તેના પર વાંધા અને જવાબો** (પેજીસ–૪૦)

સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ

**નોંધ** : સૂફી કોને કહેવાય ? તસવ્વુફ શું છે ? સૂફીઈઝમે ઈસ્લામના ફેલાવવામાં શો ફાળો આપ્યો તથા આગલા સૂફી કેવા હતા ?......વગેરે સંબંધે સરસ ચર્ચા સંબંધી કિતાબ જરૂરથી મંગાવશો જ.

**★ ૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★**

કિતાબો : (૧) હઝરત ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہ (૨) સામાજિક ઝઘડા અને ઈસ્લામી તાલીમ (૩) ઈલ્મની રોશની (ભાગ–૧) (૪) સવાલ–જવાબ (ભાગ–૨) (૫) મિસ્વાકના ફઝાઈલ દીની ઈલ્મી માલૂમાતથી ભરપુર કિતાબો મંગાવવા સંપર્ક કરો. પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી, C/o. ઉસ્માનભાઈ મૂસાભાઈ મન્સુરી, રેલ્વે ક્વાટર્સ નં. ૯૧–ડી. મુા. હાપા–૩૬૧૧૨૦, જિ. જામનગર

**★ મસ્જિદો તેમજ ઘરોમાં રાખવા ★**

**''ગ઼ૌષિયા તક઼વીમ'' મંગાવો**

''પાંચેવ નમાઝોનું કેલેન્ડર ટાઈપ મહિનાવારી ક઼ાયમી ટાઈમ ટેબલ'' ફોર કલરમાં મજબૂત લેમિનેટેડ આજે જ મંગાવો. હદિયો : ૧૨૫ રૂા. (કુરીયર ખર્ચ ૨૫ રૂા.) સરનામુ : (નીચે મુજબ)

**★ તાઝીમી સિજદો હરામ ! ★**

આ બાબતે ઉલમાએ એહલે સુન્નતના વિવિધ ફત્વાઓનો સંગ્રહ પરચા રૂપે બહાર પાડેલ છે જેને મંગાવવા માટે ૫ રૂા. ની ટપાલ ટિકિટ મોકલશો. સરનામુ : અંજુમને રઝાએ મુસ્તફા, મુા. દયાદરા, તા. જિ. ભરૂચ

# રમઝાન મુબારકમાં આ સંસ્થાઓને ભૂલશો નહીં !

➡ **ઈસ્લામિક વેલ્ફેર મિશન**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

**નોંધ** : આપણી આ પ્યારી સંસ્થા થકી ગરીબ આબાદીઓમાં લગભગ **૨૨૦**, મદ્રસા–મસ્જિદના સંચાલનોમાં સહકાર કરવામાં આવે છે તેમજ અન્ય સહાયનાં કામો થાય છે તથા....

➡ **અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસાર માટે એલાને હક્ક ડંકાની ચોટ પર કરતી આ અનોખી સંસ્થા થકી વરસભર ઉચ્ચ કોટીના ઉલમાનાં લખાણોની કિતાબો પ્રસિદ્ધ થતી રહે છે અને અત્યાર સુધી લગભગ **૧૮૦** પ્રકાશનો બહાર પડયાં છે. તો આ કાર્યમાં સહાય કરો. વાર્ષિક મેમ્બર ફી રૂા. **૩૦૦/–** ભરીને વર્ષ ભર ઘર બેઠાં અણમોલ કિતાબો મંગાવો.

**આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્રા, ન્યાઝ.... વગેરેની રકમો ઉપરોક્ત બંને સંસ્થાઓને મોકલી સહકાર કરશો એવી નમ્ર અરજ છે.**

➡ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા**, ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે, મુા.પો. તા. **આમોદ**, જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, આલિમ, હાફિઝ, કારી, ઈમામ તથા મુબલ્લિગ બનવા માટેના વર્ગો ચાલે છે. આપની હલાલ કમાઈમાંથી લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્ર, ન્યાઝ... વગેરે મોકલી ભરપુર સહકાર કરશો. તેમજ તમારાં તેજ બુદ્ધિવાળાં બાળકોને દાખલો અપાવવા અમારો સંપર્ક કરશો. (મર્યાદિત તલબાને જ દાખલ આપવામાં આવે છે.)

*–લિ. (પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

## અમારું અવલોકન

કિતાબ : **નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી (ભાગ–ર)** ગુજરાતીમાં (પેજીસ–૪૪૮)

લેખક : **શારેહ બુખારી હઝરત મુફ્તી શરીફુલહક્ક અમજદી** رحمۃ اللہ علیہ (આવૃત્તિ–૧) અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી–બરકાતે ખ્વાજા માસિક, દયાદરા (હદિયો : **રૂા. ૧૮૦** ટપાલ ખર્ચ સહિત)

પ્રકાશકો : ૧. **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** (૪૦૦૦ કોપી)

૨. **સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા) (૧૦૦૦ કોપી)

પ્રાપ્તિ સ્થાન : **અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ

વિશ્વની સર્વ કિતાબોમાં કુર્આન શરીફ પછી સૌથી વિશ્વસનીય તથા મહત્વની કિતાબ બુખારી શરીફ જેમાં નબી કરીમ ﷺની હદીષો તથા તેના ખુલાસાઓ તથા તેનાથી બનતા મસાઈલની રસપ્રદ તથા મહત્વની જાણકારી દર્શાવતી આ કિતાબમાં વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ તથા નમાઝ... વગેરે પ્રકરણો સમાયેલાં છે. પાકુ બાઈન્ડિંગ, સુંદર ગોલ્ડન કલરમાં ટાઈટલનું ગેટઅપ જોનારને આકર્ષી લે તેવું છે. આ શાનદાર જાનદાર કિતાબ દરેકે વાંચવી, વંચાવવી, વસાવવી જોઈએ જે દીનમાં મજબૂતીનો સબબ છે. આજે જ ૧૮૦ રૂા. મોકલી મંગાવો, રહી જશો તો પસ્તાશો ! જેમણે આ કિતાબ છપાવવામાં જેવી જેવી મદદ કરી તેને રબ તઆલા તેની શાને કરીમી પ્રમાણે બદલો આપે. (આમીન) *–તંત્રી*

(નોંધ : કમ સે કમ રૂા. **૩૦૦** મેમ્બર ફી અથવા ડોનેશન ઝકાત, સદકા વગેરે રૂપે મોકલે તેને **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"** તરફથી વરસભર છપાતી કિતાબો ફ્રીમાં મળશે.)

## હાજીઓ રફીકે હજ્જ કિતાબ મંગાવો !

હજ્જમાં જનાર હઝરાત માટે જાહેરાત છે કે હજ્જ તથા ઝિયારતમાં જનાર ભાઈઓ બહેનો **"રફીકે હજ્જ"** લેખક : **જનાબ હાજી ઉષ્માનભાઈ ખત્રી** (તંત્રી : તયબાહ)ની લોકપ્રિય કિતાબ જેને ઉર્દૂ તથા અંગ્રેજીમાં પણ હજ્જનો તરીકો વગેરે દર્શાવી નવેસરથી સંપાદિત **જનાબ ગુલામમોહયુદ્દિન હાફેઝ નબીપુરી સાહબે** કરી છે. હજ્જ ઝિયારતના વિશે સંપૂર્ણ માર્ગદર્શન માટે આ ઉમદા કિતાબ છે. ફક્ત પોસ્ટકાર્ડ લખીને મંગાવો.

સંપર્ક કરો : **સુન્ની મુસ્લિમ કમિટી**, ઠે. હવેલી શેરી, મુ. ગોંડલ (સૌરાષ્ટ્ર) ફોન : ૦૨૮૨૫૨૨૪૭૮૬

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. શેખ યુવાન** : ઉંમર : ૨૯ વર્ષ, ઊંચાઈ : ૬ ફૂટ, વજન : **60 Kgs.**, એજ્યુ. **B.com**, બિઝનેસ : મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં એકાઉન્ટન્ટ, ફેમેલી : માતા, પિતા, એક ભાઈ (ગોધરા સાઈડ) મો. ૯૯૦૪૧ ૨૨૫૯૬, ૯૯૭૪૭ ૮૧૭૭૭ (નેક દીનદાર, ૨૪ વર્ષ સુધીની, S.S.C. સુધી ભણેલી યુવતી પસંદગીને પાત્ર)

**૨. શેખ યુવાન** : ઉંમર : ૨૭ વર્ષ, ઊંચાઈ : ૫.૫', વજન : **65 Kgs.**, સાંવલો રંગ, S.S.C. પાસ, બિઝનેસ : રેલ્વે કર્મચારી, ફેમીલીમાં મા તથા બે નાના ભાઈઓ (ગોધરા તરફ) (પસંદગીની છોકરી : ઉપર મુજબ) કોન્ટેક નં. : ઉપર મુજબ

**૩. પઠાણ યુવતી** : ઉંમર : ૩૦ વર્ષ, ઊંચાઈ : ૫ ફૂટ, અભ્યાસ : માસ્ટર લાયબ્રેરી સાયન્સ, જોબ : લાયબ્રેરીયન તરીકે સર્વિસ (સૂરત સાઈડ) મો : ૯૯૦૯૫૦૬૭૫૨

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**